

પેજ-08

'તમાશા' રિજેક્ટ કરવા પર અનુષ્કાને પસ્તાવો : કહ્યું- ઈમ્તિયાઝ ખૂબ...

# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express Ahmedabad RNI No.GUJGUJ/2011/40654

પેજ-09

રોડ્રિગો હર્નાન્ડિઝે પહેલીવાર બેલોન ડી'ઓર જીત્યો



| હવામાન | | |
|---|---|---|
| શહેર | મહત્તમ | લઘુત્તમ |
| અમદાવાદ | 37.00 | 22.00 |
| વડોદરા | 37.00 | 22.00 |
| સુરત | 36.00 | 23.00 |

પેજ 5



6 મહિના સુધી સુસ્ત પડ્યો છે પ્રાઈવેટ સેક્ટર યસ બેન્ક લિમિટેડનાનો...

01 OCTOBER-2024 FRIDAY

પાકિસ્તાનમાં મરિયમ નવાઝે દિવાળી મનાવી: ન્યૂયોર્કમાં વન વર્લ્ડ ટ્રેડ સેન્ટર...



પેજ 10

| શેરબજાર | | |
|---|---|---|
| સેન્સેક્સ | 79389.06 ▼ | 553.12 |
| નિફ્ટી | 24205.35 ▼ | 135.50 |
| સોનું | 79,491.00 ▼ | 245.00 |
| ચાંદી | 96,700.00 ▼ | 1,040.00 |

વર્ષ-13 । અંક-347 । વિક્રમ સંવત-2079 । અમાસ । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


## વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં એકતાનગર ખાતે રાષ્ટ્રીય એકતા દિવસની શાનદાર ઉજવણી

# એકતા દિવસની ઉજવણી મીની ભારતની ઝલક : વડાપ્રધાન મોદી







- આ વર્ષે સરદાર સાહેબની 150મી જયંતિમાં પ્રવેશતા "એક ભારત - શ્રેષ્ઠ ભારત" સંકલ્પને સિધ્ધ કરશે
- એકતાનગર સ્થિત સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી પ્રજાજનોને શપથ લેવડાવ્યા
- છેલ્લા એક દાયકામાં સુશાસનને મોડેલ બનાવીને એકતાની દોરને વધુ મજબૂત કરવામાં આવી છે
- મહત્વપૂર્ણ યોજનાઓના લાભો પાત્રતા ધરાવતા તમામને આપવાથી અસંતોષ ઠારવામાં સફળતા મળી છે

(એજન્સી) એકતાનગર । તા. 31

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું છે કે, છેલ્લા એક દાયકામાં સુશાસનને મોડેલ બનાવીને એકતાની દોરને વધુ મજબૂત કરવામાં આવી છે અને ભેદભાવની સમસ્યા દૂર કરવામાં આવી છે. "સબ કા સાથ, સબ કા વિકાસ" ના મંત્રને ધ્યેય બનાવીને સરકાર દ્વારા કોઈ પણ ભેદભાવ રાખ્યા વિના પાત્રતા ધરાવતા તમામ લોકોને એક સમાન યોજનાકીય લાભો આપવામાં આવ્યા છે. એકતાનગર ખાતે સરદાર પટેલની સૌથી ઉંચી પ્રતિમાના સાંનિધ્યમાં રાષ્ટ્રીય એકતા દિનની ઉજવણીમાં સહભાગી થયેલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઉમેર્યું કે, સરકાર દ્વારા વિવિધ યોજનાઓ અને નીતિઓ થકી દેશની એકતાને વધુ મજબૂત બનાવવામાં આવી રહી છે. વન નેશન-વન રાશન, વન નેશન-વન આઈડેન્ટી, વન નેશન-વન ટેક્સ, વન નેશન-વન પાવર ગ્રિડ, વન નેશન-વન હેલ્થ ઈન્સ્યોરન્સ ઉપરાંત હવે સરકાર વન નેશન-વન સેક્યુલર સિવિલ કોડ અને વન નેશન-વન ઈલેકશનની દિશામાં કામ કરી રહી છે. કાયદાની સમાનતા સાથે યોજનાકીય બાબતોમાં પણ કોઈ ભેદવાદ રાખવામાં આવતો નથી, એમ કહેતા તેમણે જણાવ્યું કે, હર ઘર જલ, કિસાન સન્માન નિધિ, પીએમ આવાસ યોજના, આયુષ્યમાન યોજના જેવી મહત્વપૂર્ણ યોજનાઓના લાભો પાત્રતા ધરાવતા તમામને આપવાથી અસંતોષ ઠારવામાં સફળતા મળી છે. પ્રો-પિપલ એપ્રોચને પરિણામે સમાજના લાખો લોકોને યોજનાકીય લાભો મળ્યા છે. સરકારની નીતિઓ અને નિર્ણય થકી દેશને કેવી રીતે એકતાના તાંતણે બાંધવામાં આવ્યો છે ? તેની રૂપરેખા આપતા વડાપ્રધાનશ્રીએ જણાવ્યું કે, રેલ્વે, હાઈવે, ઈન્ટરનેટ જેવી પાયાની સુવિધાઓ ગામેગામ સુધી પહોંચાડવા માં આવી છે. આંદામાન અને લક્ષદ્વિપ જેવા દુર્ગમ વિસ્તારોમાં પણ ઈન્ટરનેટ સુવિધા પહોંચાડવામાં આવી છે. તેના કારણે લોકોમાં સંતોષ સાથે સરકાર ઉપરના વિશ્વાસમાં વૃદ્ધિ થઈ છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારપૂર્વ એમ કહ્યું કે, અમારા વ્યવહારમાં યથાર્થવાદ, સંકલ્પમાં સત્યવાદ, કાર્યમાં માનવતા વાદ અને ધ્યેયમાં રાષ્ટ્રવાદ છે. અમારી તમામ યોજનાઓમાં નીતિ, નિયત એકતા જ પ્રાણશક્તિ છે. સશક્ત, સમાવેશી, સંવેદનશીલ, સતર્ક, વિનમ્ર અને વિકસિત રાહ ઉપર દેશ આગળ વધી રહ્યો છે. દુનિયામાં અસ્થિરતા અને યુદ્ધ વચ્ચે ભારતે સમગ્ર વિશ્વને બુદ્ધનો શાંતિનો સંદેશ આપ્યો છે, એમ જણાવતા શ્રી મોદીએ કહ્યું કે, આટલી વૈશ્વિક સમસ્યાઓ છતાં, ભારત વિકાસના નવા માનકો સ્થાપી રહ્યું છે. તેમણે ઉમેર્યું કે, આજે એવું કોઈ લક્ષ્ય નથી કે જે ભારત હાંસલ કરી ન શકે, એવો કોઈ સંકલ્પ નથી કે જે ભારતીયો સિદ્ધ ન કરી શકે. છેલ્લા નવ વર્ષમાં ભારત દેશે જોયું છે કે જો પ્રત્યેક વ્યક્તિ પ્રયત્નો કરે તો કશું જ અશક્ય નથી. સરદાર સાહેબની પ્રેરણાથી આપણે તમામ ઈચ્છિત લક્ષ્યો પાર પાડીશુ. દેશવાસીઓને ચેતવતા વડાપ્રધાનશ્રીએ જણાવ્યું કે, દેશની અંદરના અને બહારના કેટલાક લોકો આપણી વચ્ચેની એકતા તોડી અરાજક્તા ફેલાવવાના હીન પ્રયાસો કરી રહ્યા છે. દેશના આર્થિક હિતોને નુકસાન પહોંચાડી રહ્યા છે. દેશની સેનાને લક્ષ્ય બનાવી દુષ્પ્રચાર કરવામાં આવી રહ્યો છે. દેશની શાંતિને જાતપાતના નામ ઉપર ડહોળી વિભાજન કરી રહ્યા છે. આવા વિઘટનકારી તત્વો ભારતીય સમાજ કમજોર બને અને રાષ્ટ્રીય એકતા તૂટે એવી મુરાદ ધરાવે છે અને દેશ સામે કુપ્રચાર કરે છે.

## રક્ષા મંત્રી-સેના પ્રમુખે આસામમાં જવાનો સાથે દિવાળી મનાવી



**સૈનિકોએ LOC-અટારી બોર્ડર પર મીઠાઈઓ વહેંચી, ફટાકડા ફોડ્યા; એર ચીફ માર્શલ જમ્મુ-કાશ્મીર પહોંચ્યા**

(એજન્સી) નવી દિલ્હી । તા. 31

કેન્દ્રીય રક્ષા મંત્રી રાજનાથ સિંહ અને આર્મી ચીફ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી આસામના તેજપુર પહોંચ્યા હતા. અહીં તેમણે દિવાળીની ઉજવણી કરી અને મેઘના સ્ટેડિયમમાં સેનાના જવાનો સાથે ડિનર કર્યુ હતું. LOC અને અટારી બોર્ડર પર, પુરૂષ-મહિલા સૈનિકોએ મીઠાઈઓ વહેંચી, મીણબત્તીઓ પ્રગટાવી અને ફટાકડા ફોડ્યા હતા. LOC પર દિવાળી પર જવાનોએ જોરશોરથી ડાન્સ પણ કર્યો હતો. આ દરમિયાન ભારતીય વાયુસેનાના વડા એર ચીફ માર્શલ એપી સિંહ જમ્મુ-કાશ્મીર પહોંચ્યા હતા. તેઓ જવાનોને મળ્યા અને તેમને દિવાળીની શુભેચ્છા પાઠવી અને તેમની સાથે નાસ્તો કર્યો હતો.

## દિવાળીમાં માતમ ! એક જ પરિવારના 6 લોકોના ભયંકર અકસ્માતમાં મોત

(એજન્સી) બદાયૂ । તા. 31

ઉત્તર પ્રદેશના બદાયુ જિલ્લામાં ગુરૂવારે ભીષણ રોડ અકસ્માતમાં 6 લોકોના મોત થયા જ્યારે ઘટનામાં 3 લોકો ગંભીર ઈજાઓ પહોંચી છે. પ્રાપ્ત માહિતી અનુસાર ટેમ્પોમાં બેસીને દિવાળી ઉજવવા પોતાના ગામ જઈ રહ્યા હતા. ત્યારે બદાયુ જિલ્લાના મુજરિયા ચોક પાસે બાઈક ચાલકને બચાવવા જતાં ટેમ્પો અને ટ્રેક્ટર વચ્ચે સામસામે ટક્કર થઈ હતી. આ ભીષણ અકસ્માતમાં એક પરિવારના ચાર અને એક જ ગામના બે લોકોના મોત થયા છે. જ્યારે ત્રણ લોકોને ઈજા પહોંચી છે. આ અકસ્માત બાદ સ્થાનિક લોકો મદદ માટે દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્તોને નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. કેટલાક ઘાયલોની હાલત ગંભીર હોવાનું કહેવામાં આવી રહ્યું છે.અકસ્માતની જાણ થતાં જિલ્લાની ફોર્સ અને ડીએમ એસએસપી ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. રોંડ સાઈડમાં ટ્રેક્ટર જઈ રહ્યું હોવાથી આ દુર્ઘટના સર્જાઈ હોવાનું પ્રાથમિક તબક્કે જાણવા મળ્યું છે.

## કોંગ્રેસના ઘણાં નેતા અમારા સંપર્કમાં....

# ચૂંટણી પહેલાં દેનેન્દ્ર ફડણવીસે કર્યો મોટો ધડાકો

(એજન્સી) મુંબઇ । તા. 31

ભારતની ચૂંટણીની રાજનીતિમાં મહારાષ્ટ્રની મહત્ત્વની ભૂમિકા છે. લોકસભા અને વિધાનસભા બેઠકોને જોતા આ રાજ્ય મોટા પ્રદેશોમાંથી એક છે. મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણી 20 નવેમ્બરે યોજાશે. એવામાં રાજકીય તાપમાન પણ વધી ગયું છે. આ વખતે વિધાનસભાની ચૂંટણી મુખ્ય રૂપે બે ગઠબંધનની વચ્ચે લડવામાં આવશે. એકબાજુ સત્તાધારી મહાયુતિ અને બીજી બાજુ મહાવિકાસ અઘાડી. બંને રાજકીય ગઠબંધનમાં ત્રણ-ત્રણ રાજકીય પાર્ટી સામેલ છે. મહાયુતિના પ્રમુખ ભાજપના દિગ્ગજ નેતા અને નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસના એક દાવાથી ચૂંટણી રાજ્ય મહારાષ્ટ્રમનું રાજકારણ ગરમાઈ ગયું છે. ફડણવીસે કહ્યું કે, કોંગ્રેસના ઘણાં નેતા



ભાજપમાં સામેલ થવા તૈયાર છે. મને બસ તેનું નામ ન પૂછતાં. હકીકતમાં, કોંગ્રેસ નેતા રવિ રાજા ભાજપમાં સામેલ થઈ ગયાં છે. જે કોંગ્રેસ માટે એક મોટો ઝટકો માનવામાં આવે છે. આ દરમિયાન દેવેન્દ્ર ફડણવીસે ચોંકાવનારું નિવેદન આપ્યું છે. નાયબ મુખ્યમંત્રી ફડણવીસે કહ્યું, 'રવિ રાજાની સાથે-સાથે ઘણાં કોંગ્રેસ નેતા અમારા સંપર્કમાં આવી રહ્યાં છે અને તે ભાજપમાં સામેલ થવા ઈચ્છેછે. જલ્દી તે કોંગ્રેસ છોડીને ભાજપમાં સામેલ થઈ જશે. મને તેમના નામ ન પૂછતાં, પરંતુ આવનારા દિવસોમાં કોંગ્રેસના ઘણાં નેતા અમારી સાથે આવશે.' દેવેન્દ્ર ફડણવીસના દાવાથી મહારાષ્ટ્રમાં રાજકારણ ગરમાયું છે. સાથે જ એવો સંકેત મળી રહ્યો છે કે, આવનારી દિવોસમાં મહારાષ્ટ્રમાં પાસા બદલનાર નેતાઓની સંખ્યા વધી શકે છે.

### વડાપ્રધાન મોદી કરશે રેલી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી કુલ 8 દિવસ સુધી મહારાષ્ટ્રમાં વિવિધ વિસ્તારોમાં સભા કરશે. મુખ્યમંત્રી યોગી 15 સભા કરશે તો અમિત શાહ 20 અને ગડકરી 40 જનસભા કરશે. ભાજપ કુલ 288 બેઠકમાંથી 148 બેઠક પર ચૂંટણી લડી રહી છે. જોકે, ભાજપે પોતાના કોટામાંથી ચાર બેઠક સહયોગી માટે છોડી દીધી છે. કેન્દ્ર અને રાજ્યના નેતા દિવાળી પછી 5 નવેમ્બરથી આયોજિત થતી ચૂંટણી રેલીમાં સામેલ થશે. જણાવી દઈએ કે, નામાંકન પરત ખેંચવાની છેલ્લી તારીખ 4 નવેમ્બર છે.

### માહિમ બેઠક પર અટવાયા

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીની તારીખની જાહેરાત થતાની સાથે જ મહાયુતિ અને એમવીએમાં બેઠક વહેંચણીની પ્રક્રિયા પણ શરૂ થઈ ગઈ હતી. જે હવે લગભગ પૂરી થઈ ચુકી છે. પરંતુ અમુક બેઠકો પર હજુય મામલો અટવાયો છે. માહિમ વિધાનસભા બેઠક તેમાંથી એત છે. જણાવી દઈએ કે, એમએનએસ સુપ્રીમો રાજ ઠાકરેના દીકરા અમિત ઠાકરે ચૂંટણી મેદાનમાં છે. બીજી બાજું, મુખ્યમંત્રી એકનાથ શિંદે જૂથવાળી શિવસેનાએ ત્યાંથી ઉમેદવાર ઉતાર્યા છે.

## નકલી પોલીસ અધિકારી સ્ટિંગમાં કેદ, ઉપર પોલીસનો નકલી ડ્રેસ નીચે પાયજામો

# 3.25 લાખ બેન્ક એકાઉન્ટ ફ્રીઝ થશો, ડિજિટલ અરેસ્ટ-સાઈબર ફ્રોડની 6000 ફરિયાદને પગલે ફરમાન

(એજન્સી) મુંબઇ । તા. 31

છેલ્લા કેટલાક દિવસોથી દેશમાં ડિજિટલ અરેસ્ટ અને સાઈબર ફ્રોડ સાથે જોડાયેલા મામલાઓમાં સતત વધારો થઈ રહ્યો છે. ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને ડિજિટલ અરેસ્ટથી બચવાની સલાહ આપી છે. એવામાં હવે ગૃહ મંત્રાલયે આ પ્રકારના કેસોને પહોંચી વળવા માટે એક ઉચ્ચ સ્તરીય કમિટીની રચના કરી છે. આ કમિટીની દેખરેખ ગૃહ સચિવ દ્વારા કરવામાં આવશે. મંત્રાલયના 14સી તરીકે જાણીતા સાઈબર કોઓર્ડિનેશન સેન્ટરે દેશના તમામ રાજ્યોની પોલીસને આ કમિટી અંગે જાણકારી આપી છે.





આ વર્ષે અત્યાર સુધીમાં ડિજિટલ અરેસ્ટની કુલ 6000થી વધુ ફરિયાદો દાખલ થઈ છે. મંત્રાલયના 14સી સેન્ટરે 6 લાખ મોબાઈલ નંબર બ્લોક કર્યા છે. આ તમામ નંબર વિવિધ ડિજિટલ સ્કેમ સાથે સંકળાયેલા છે. સાઈબરક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટરે આશરે 709 જેટલી મોબાઈલ એપ્લિકેશન પણ બ્લોક કરી છે. સાઈબર ફ્રોડ સાથે સંકળાયેલા 3.25 લાખ ફેક બેંક એકાઉન્ટને ફ્રીઝ કરવાનો પ્રશાસને આદેશ આપ્યો છે. આ સપ્તાહની શરૂઆતમાં કમ્પ્યુટર ઈમર્જન્સી રિસ્પોન્સ ટીમ ઓફ ઈન્ડિયા (સીઈઆરટી-ઈન) દ્વારા ઓનલાઈન સ્કેમમાં ઉપયોગમાં લેવાતા એક ડઝનથી વધુ પ્રકારના સ્કેમની યાદી જાહેર કરી હતી જેમાં ડિજિટલ અરેસ્ટનો પણ સમાવેશ થાય છે.

દરમિયાન એક મીડિયા ગુરપ દ્વારા ડિજિટલ અરેસ્ટ સહિતના ઓનલાઈન સ્કેમ કરનારાને લઈને સ્ટિંગ ઓપરેશન કર્યું હતું, જેમાં દાવો કરાયો છે કે સ્કેમર્સ ખુદને દિલ્હી પોલીસ તરીકે ઓળખાવીને લોકોને લૂંટી રહ્યા છે. આવા જ એક સ્કેમરે આશરે ૬૦૦૦થી વધુ ભારતીયોની સાથે છેતરપિંડી કરી હતી. સ્કેમરે ઉપર પોલીસનો ડુપ્લિકેટ શર્ટ પહેર્યો છે જ્યારે નીચે પાયજામો પહેરેલો જોવા મળ્યો હતો. આ સમગ્ર સ્કેમની તસવીરો પણ સામે આવી છે. આ નકલી પોલીસ અધિકારી પોતે દિલ્હી પોલીસમાં હોવાનું કહીને લોકોને ધમકાવતો ઝડપાયો હતો.

## બાંધવગઢમાં 3 દિવસમાં 9 હાથીનાં મોત : એક હાથીને JCBની મદદથી ઉઠાવવાનો પ્રયાસ કર્યો

(એજન્સી) ઉમરિયા । તા. 31

બાંધવગઢ નેશનલ પાર્કમાં ગુરુવારે બપોરે વધુ એક હાથીનું મોત થયું હતું. ત્રણ દિવસમાં 9 હાથીનાં મોત થયાં છે. આ મામલામાં એસટીએફએ ડોગ-સ્ક્વોડની મદદથી 7 ખેતર અને 7 ઘરની તપાસ કરી છે તેમજ 5 લોકોની પૂછપરછ કરી હતી. ઘટનાસ્થળથી 5 કિલોમીટરના વિસ્તારમાં તપાસ કરવામાં આવી રહી છે. પશુના તબીબોનું કહેવું છે કે ફોરેન્સિક લેબના રિપોર્ટ બાદ જ મોતનું કારણ જાણી શકાશે. 30 ઓક્ટોબરે બાંધવગઢ નેશનલ પાર્કનો નજારો સામાન્ય દિવસો જેવો નથી. બપોરે 12 વાગ્યે સાલખાણિયા, ખતૌલી અને પતોર રેન્જની સરહદ પર ખુલ્લા મેદાનમાં 300 મીટરના વિસ્તારમાં 10 હાથી પડ્યા હતા. આમાંથી સાત હાથીનાં મોત થઈ ગયા છે. મૃતદેહોનું પોસ્ટમોર્ટમ થઈ રહ્યું છે. પશુઓના સડી જવાની દુર્ગંધ સમગ્ર વિસ્તારમાં ફેલાઈ ગઈ છે. ત્રણેય હાથીની સારવારની સાથે-સાથે ડોક્ટરો અને વનકર્મીઓ તેમને ઊભા કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. થોડીવાર પછી એક હાથી અમારી સામે ઊભો થઈને



જંગલ તરફ જતો રહે છે. અન્ય સારવાર હેઠળ છે (જેનું ગુરુવારે મૃત્યુ થયું). ત્રીજા હાથીને જેસીબીની મદદથી ઉપાડવાનો પ્રયાસ થઈ રહ્યો છે એ પણ એના પગ હલાવી રહ્યો છે. આ જોઈને લાગે છે કે એ ઊઠી જશે, પરંતુ થોડા સમય પછી તેનું શરીર શાંત થઈ જાય છે. ડોક્ટરોએ એને મૃત જાહેર કરે છે. હવે ગુરુવારે વધુ એક હાથીના મોત બાદ આ આંકડો વધીને 9 થયો છે. હાથીઓના મોતના કિસ્સા સામાન્ય નથી. હાથીઓના સ્વાસ્થ્ય પર નજર રાખવા માટે વન વિભાગના અધિકારીઓ અને પશુ ચિકિત્સકોની ટીમ અહીં કેમ્પ કરી ચૂકી છે.

## અક્ષરધામના પરિસરમાં ઊમેરાયું છે નવું દર્શનીય સોપાન

# અક્ષરધામ, ગાંધીનગર ખાતે ઉજવાશે પ્રકાશનું પર્વ દીપાવલી - દીવડાઓનો અલૌકિક ઉત્સવ

### 49 ફૂટ ઊંચી શ્રી નીલકંઠવર્ણીની પંચધાતુની મૂર્તિ






(એજન્સી) ગાંધીનગર । તા. 31

દીપાવલી એટલે અજ્ઞાનરૂપ અંધકારમાંથી જ્ઞાનરૂપ પ્રકાશ પ્રાપ્ત કરવાનો અલૌકિક ઉત્સવ. સ્વામિનારાયણ અક્ષરધામ આ ઉત્સવ સતત ૩૨ વર્ષથી પરંપરાગત શૈલીથી ૧૦,૦૦૦ દીવડાઓ પ્રગટાવી મનાવે છે. અક્ષરધામ પ્રત્યેક મનુષ્યને જીવનમાં સદાચાર, સંયમ, સત્ય, દયા, અહિંસા, અસ્તેય, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ જેવા અગણિત દીવડાઓ પ્રગટાવી જીવનને દિવ્ય બનાવવાનો સંદેશ આપી રહ્યું છે. આ વર્ષે પણ દીપાવલીના આ પર્વે દર્શનાર્થીઓ ગુરૂવાર, તા. ૩૧-૧૦-૨૦૨૪થી શુક્રવાર, તા. ૮-૧૧-૨૦૨૪ સુધી દરરોજ સાંજે ૬.૦૦ થી ૭.૪૫ દરમિયાન નયનરમ્ય દીવડાઓ તેમજ ગ્લો ગાર્ડનથી આલોકિત અક્ષરધામ દર્શનનો આસ્વાદ માણી શકશે. સોમવાર, તા. ૪-૧૧-૨૦૨૪ના રોજ પ્રદર્શન ખંડો, વોટર શો સહિત અક્ષરધામના તમામ આકર્ષણો ખુલ્લાં રહેશે. આ સાથે આપને જણાવતાં આનંદ થાય છે કે, મહાન સંત વિભૂતિ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે સર્જેલા સ્વામિનારાયણ અક્ષરધામના આ પરિસરમાં એક નવું દર્શનીય સોપાન ઉમેરાઈ રહ્યું છે. એ છે શ્રી નીલકંઠવર્ણીની 49 ફૂટ ઊંચી ભવ્ય મૂર્તિની સ્થાપના. ભગવાન શ્રી સ્વામિનારાયણે 11 વર્ષની ઉંમરે ગૃહત્યાગ કરીને માનસરોવરથી લઈને કન્યાકુમારી સુધી અને આસામથી લઈને ગુજરાત સુધીની પદયાત્રા-તીર્થયાત્રા કરી હતી. 12,000 કિલોમીટર અને 7 વર્ષની તેઓની આ વિરલ પદયાત્રા દરમ્યાન તેઓ શ્રી નીલકંઠવર્ણી તરીકે સૌના આદરણીય બન્યા હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણે શ્રી નીલકંઠવર્ણી તરીકે માનસરોવરમાં તેમજ નેપાળના હિમાલયમાં મુક્તિનાથ તીર્થમાં એક પગે ઊભા રહીને લોકકલ્યાણ માટે તપસ્યા કરી હતી. એમની એ તપોમુદ્રાની સ્મૃતિ સાથે સ્વામિનારાયણ સંપ્રદાયમાં નિત્ય લાખો ભક્તો 200 વર્ષોથી આજે પણ નિત્ય સવારે પ્રાતઃપૂજામાં એક પગે ઊભા રહીને બે હાથ ઊંચા કરીને નામજપ કરે છે. એટલે જ, ભગવાન શ્રી સ્વામિનારાયણની એ તપોમૂર્તિને અંજલિ અર્પવા માટે અને આવનારી અનેક પેઢીઓને તપ, જપ તથા સંયમની પ્રેરણા આપવા માટે સ્વામિનારાયણ અક્ષરધામ પરિસરમાં ભગવાન સ્વામિનારાયણના કિશોર સ્વરૂપ શ્રી નીલકંઠવર્ણીની તપોમૂર્તિની વિધિવત્ સ્થાપના કરવામાં આવશે. તારીખ. 11 નવેમ્બર 2024ના રોજ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના આધ્યાત્મિક વડા પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંતસ્વામી મહારાજના કરકમલો દ્વારા વૈદિક યજ્ઞવિધિ સાથે આ મૂર્તિની સ્થાપના કરવામાં આવશે. છેલ્લાં કેટલાંક મહિનાઓથી ચાલી રહેલું પંચધાતુની આ ભવ્ય મૂર્તિનું નિર્માણકાર્ય પૂર્ણ થયું છે. ભગવાન સ્વામિનારાયણ આ પૃથ્વી ઉપર 49 વર્ષ બિરાજમાન રહ્યા હતા. તેની સ્મૃતિમાં આ મૂર્તિની ઊંચાઈ 49 ફૂટ રાખવામાં આવી છે. અક્ષરધામ પરિસરમાં જ્યાં શ્રી નીલકંઠવર્ણીની મૂર્તિ બિરાજમાન થઈ છે ત્યાં મનને શાંતિ અને પવિત્ર પ્રેરણાઓથી ભરી દે તેવી સુંદર નીલકંઠવાટિકાનું નિર્માણ કરવામાં આવ્યું છે. દીપાવલી પર્વે અક્ષરધામ પરિસરમાં હજારો દીવડા પ્રગટશે અને તેનો સુંદર નજારો માણવા હજારો લોકો ઊમટશે ત્યારે સાથે સાથે નીલકંઠવર્ણીની આ ભવ્ય મૂર્તિ અને શ્રી નીલકંઠવાટિકાના સુંદર દ્રશ્યને પણ માણી શકશે.

## સ્ટેચ્યુ ઓફ યુનિટી પર પરેડની ઉજવણીમાં ફરજ બજાવતા PSIના મોતથી પોલીસ બેડામાં શોક

### બે દિવસ પહેલાં સ્ટેચ્યુ પર ફરજ પર મુકાયેલા સુરત ગ્રામ્ય પોલીસ માં ફરજ બજાવતા પીએસઆઇ ને અચાનક એટેક આવતા મોત





ભરત શાહ : રાજપીપળા

છેલ્લા ઘણા દિવસો થી સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે એકતા દિવસની ઉજવણી ની તડામાર તૈયારીઓ ચાલતી હતી જેમાં વહીવટી તંત્ર પોરવાયેલું હતું અને નર્મદા સહિત સુરત સહિત કેટલાક જીલ્લાઓ માંથી પોલીસ કાફલો ત્યાં ફરજ પર મુકાયો હતો, આજે ૩૧ ઓક્ટોમ્બર એકતા દિવસ ની ઉજવણી માટે આવેલા પીએમ નરેન્દ્રભાઇ મોદી સહિત ના મહાનુભાવો અને અધિકારીઓ ત્યાં વ્યસ્ત હતા ત્યારે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી પૂર્ણ થયા બાદ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા ના પગ પાસે જ બે દિવસથી ફરજ બજાવતા મૂળ નર્મદા જિલ્લાનાં દેડીયાપાડા નાં વતની અને સુરત ગ્રામ્ય પોલીસ માં પીએસઆઈ તરીકે ફરજ બજાવતા સનાભાઈ વસાવા ને અચાનક હાર્ટ એટેક આવતા તેમને તાત્કાલિક નવનિર્મિત ટ્રોમાં હોસ્પિટલ માં લઇ જવામાં આવ્યા ત્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કરતા પોલીસ બેડા માં માતમ છવાયું હતું. અને સતત એકતા દિવસની ઉજવણી માં પોરવાયેલા ત્યાંના અધિકારીઓ ને પીએસઆઈ ના મોત થી દોડધામ વધી હતી. બે દિવસ પહેલાં સ્ટેચ્યુ પર ફરજ પર મુકાયેલા સુરત ગ્રામ્ય પોલીસ માં ફરજ બજાવતા પીએસઆઈ ને અચાનક એટેક આવતા મોત નિપજ્યું હતું. સ્ટેચ્યુ ઓફ યુનિટી પર પરેડની ઉજવણીમાં ફરજ બજાવતા PSIના મોતથી પોલીસ બેડામાં શોકની લહેર વ્યાપી ગઈ છે.

## ઓરી ગામમાં રૂપિયા નહિ આપનાર ઈસમ પર રૂપિયા માંગનાર શખ્સનો કોયતા વડે હુમલો, હત્યાનું પ્રયાસ




ભરત શાહ : રાજપીપળા

નર્મદા જિલ્લા ના નાંદોદ તાલુકાના ઓરી ગામમાં રૂપિયા બાબતે માથાકૂટ થતા કોયતા વડે હુમલો કરી મારી નાખવાની કોશિશ કરતા પોલીસે ગુનો દાખલ કર્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર મહેશભાઈ જગદીશભાઈ માછી રહે. ઓરી માછી ફળીયું નાઓ એ આપેલી ફરિયાદ મુજબ તેમના જ ફળિયા ના રહેતા વિપુલભાઈ જેન્તીભાઈ માછી એ તેમની પાસે પૈસા માંગતા તેમણે કહ્યું કે મારી પાસે પૈસા નથી હુ જ મજુરીકામ કરીને માંડ માંડ મારૂ જીવન ગુજરાન ચલાવુ છુ તેમ કહેતા વિપુલ માછી એ તેમના ગળામાં જમણી બાજુ ઢીક મારીને ઘરની ઓરડીની બહાર નીકળી ગયા બાદ થોડીવારમા હાથમા શેરડી કાપવાનુ કોયતુ લઈને પાછો આવી મહેશભાઈ ને ઓરડીની લાઈટ બંધ કરી આજે તો તને જીવતો નહી છોડુ તેમ કહી જમણા કાન ઉપર ત્રણ વાર માથાના ભાગે કોયતા થી ઘા મારી જીવલેણ ઈજાઓ પહોંચાડી હત્યા કરવાની કોશિશ કરતા આમલેથા પોલીસે ગુનો દાખલ કર્યો છે.

## વડતાલધામમાં નારાયણ અને દરિદ્રનારાયણ સમક્ષ મહાઅન્નકુટ 5000 હજાર વાનગી અને લાખો લાભાર્થીઓ દર્શનાર્થી

(એજન્સી) ગાંધીનગર । તા. 31

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના તીર્થધામ વડતાલ ખાતે આગામી તા.૭ નવેમ્બર થી ૧૫ નવેમ્બર દરમ્યાન શ્રી લક્ષ્મીનારાયણ દેવ દ્વિશતાબ્દી મહોત્સવની ભવ્યાતિભવ્ય ઉજવણી છે. જે અંતર્ગત તા.૨ નવેમ્બરનાર રોજ સ્વામિનારાયણ સંપ્રદાયના સૌથી મોટા ૫૦૦૧ વાનગીઓનો મહાઅન્નકુટ ધરાવવામાં આવનાર છે. આ મહાઅન્નકુટની પ્રથમ આરતી વર્તમાન ગાદીપતિ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી અને વડિલ સંતો સાથે કરજીસણના ગોવિંદજીના વંશજ શ્રીઘનશ્યામભાઈ ફુવાનો પરિવાર ઉતારશે.. મહાઅન્નકુટની માહિતી આપતા હૈદ્રાબાદના વિવેકસાગર સ્વામીએ જણાવ્યું હતું કે, વડતાલ અક્ષરભુવન પાછળ આવેલ મેદાનમાં ૧૧૩ +



૧૭૦ સ્કવેરફુટ = ૧૯૨૧૦ સ્કવેરફુટનો વિશેષ ભવ્ય અન્નકુટ મંડપમ્ તૈયાર કરવામાં આવ્યો છે. આ અન્નકુટ વાનગીઓ તૈયાર કરવામાં હૈદ્રાબાદના ૩૫ કારીગરો, ૧૫ પૂ.સંતો, ૭ વ્યક્તિઓની વિશેષ ટીમ ઉપરાંત સુરત વેડરોડ મંદિર થી ૮૦ મહિલાઓએ વિવિધ વાનગીઓ બનાવી હતી. જેમાં ૫૦૦૦ મહિલા તથા પુરૂષ સ્વયંસેવકો ખડેપગે સેવા બજાવી રહ્યા છે. સુરતના મહિલા સ્વયંસેવીકા શારદાબેન ડુંગરાણીએ જણાવ્યું હતું કે અમો મહિલા ભક્તોએ ૧૬૦ પ્રકારની વિવિધ પુરીઓ, ૧૬૦ પ્રકારના વિવિધ અથાણાં તૈયાર કર્યા છે. આ અન્નકુટ તૈયાર કરવામાં ૭૧૮૫૦ માનવ કલાકની અવિરત સેવા છે. ૫૧૫૪૦ કિલો વજનની વાનગીઓ, જેમાં ૫૦૦ કિલો બેકરીની આઈટમો તૈયાર કરવામાં આવી છે. ઉપરાંત ૧૫૦ પ્રકારના વિવિધ હલવાઓ તૈયાર કરાયા છે. માવાની આઈટમો સાચવણી માટે એરકંડીશન કેન્ટેનરમાં મુકવામાં આવી છે.

આ અન્નકુટ પ્રસાદની વહેંચણી ચરોતરના વૃધ્ધાશ્રમો, દિવ્યાંગ શાળાઓ તથા અનાથાશ્રમો અને દરિદ્રનારાયણોને કરવામાં આવનાર છે. સમગ્ર અન્નકુટ મહોત્સવનું આયોજન વડતાલ ટેમ્પલ કમિટીના ચેરમેનશ્રી દેવપ્રકાશદાસજી સ્વામી અને મુખ્ય કોઠારીશ્રી સંતવલ્લભદાસજી સ્વામીએ કર્યું છે. દર્શનનો સમય :- સવારે ૮:૦૦ થી સાંજે ૭:૦૦

## જેતપુર ગામ પાસેથી પોલીસે દારૂના ક્વાટરીયા સહિત રૂ.25,660ના મુદ્દામાલ સાથે એક ને દબોચી લીધો




ભરત શાહ : રાજપીપળા

નર્મદા જિલ્લા ના તિલકવાડા તાલુકાના જેતપુર ગામ પાસેથી બાઈક ઉપર લઇ જવાતા દારૂ સાથે એક શખ્સ ને ઝડપી ગુનો દાખલ કર્યો છે. મળતી માહિતી અનુસાર તિલકવાડા પોલીસે ચેકીંગ દરમિયાન તિલકવાડા પોલીસ ચેકીંગ માં હતી તે સમયે

મળતી માહિતી અનુસાર ગલુપુરા થી જેતપુર હાઈવે સ્ટેન્ડ વચ્ચે રમેશભાઈ કરમાભાઈ ડુંગરાભીલ પોતાની કબ્જાની બાઇક નંબર-GJ-34-P-3880 કિ.રૂ.૨૦,૦૦૦/- માં શીટ નીચે આવેલ ડેકીમા ભારતીય બનાવટનો વિદેશી દારૂ પ્લાસ્ટીકના છુટા ક્વાટરીયા નંગ-૪૨ કિ.રૂ.૫૬૬૦/- નો મુદ્દામાલ અક્ષય ભાઈ નારણભાઈ તડવી રહે. જેતપુર તા.તિલકવાડા જી.નર્મદાને આપવા જતા મુદ્દામાલ તેમજ બાઈક મળી કુલ્લે રૂપિયા-૨૫,૬૬૦/- સાથે પોલીસની નાકાબંધી દરમ્યાન પકડાઈ ગયો હતો.

## અખિલ હિંદ મહિલા પરિષદ રાજપીપળા દ્વારા દિવાળી પર્વ નિમિત્તે રંગોળી સ્પર્ધા યોજાઇ





ભરત શાહ : રાજપીપળા

અખિલ હિંદ મહિલા પરિષદ,રાજપીપળા દ્વારા દર વર્ષે વાર તહેવારો માં અવનવા કાર્યક્રમો કરવામાં આવે છે જેને કારણે લોકો ભેગા મળી શકે અને એક પરિવાર ની જેમ મહિલાઓ એકઠા થઇ આનંદ કરે ત્યારે આ વર્ષે દિવાળી પર્વ માં અખિલ હિંદ મહિલા પરિષદ, રાજપીપળા દ્વારા રંગોળી સ્પર્ધા રાખવમાં આવી હતી જેમાં નિર્ણાયક બહેનો એ જેણે જેણે આ સ્પર્ધા માં ભાગ લીધો હતો એ તમામ બહેનો ના ઘરે જઈ કેવી રંગોળી બનાવી છે એ બાબત ની ચકાસણી કરી વિજેતા નક્કી કરવામાં આવ્યા જેમાં રંગોળી સ્પર્ધાનું પરિણામ મુજબ : વરિષ્ઠ જૂથ (બિંદુઓ વિના) માં...1. પટેલ રશ્મિ - પ્રથમ ઈનામ, 2. કૃતિકા ત્રિવેદી- બીજું ઈનામ, 3. અગ્રવાલ સ્વેજલ- ત્રીજું ઈનામ તેમજ 4. મહેતા મિતાલી - ચોથું ઈનામ તરીકે ઘોષિત કરવામાં આવ્યા તથા વરિષ્ઠ જૂથ (બિંદુઓ સાથે) માં... 1. પટેલ રોમા - પ્રથમ, જુનિયર ગ્રુપ 1. દ્વિવેદી લક્ષ્મી- પ્રથમ પુરસ્કાર, 2. માલવિયા કાવ્યા- બીજું ઈનામ તરીકે જાહેર કરી વિજેતા ઘોષિત કરવામાં આવ્યા હતા.

## ચાણસ્મા ખાતે જૈન યુવા સંઘ દ્વારા ત્રિદિવસીય દિપોત્સવ -2024નો શુભારંભ કરવામાં આવ્યો



નીતિન ઠાકર : ચાણસ્મા

વાઘ બારસ થી દિવાળી ના મહાપર્વ નો શુભારંભ થયો છે ત્યારે ચાણસ્મા ખાતે જૈન યુવા સંઘ દ્વારા દિવાળીથી બેસતા વર્ષ સુધી ત્રિદિવસીય દિપોત્સવ - ૨૪ ની સમૂહ ઉજવણી નો શુભારંભ થયો હતો જે અન્વયે. ભટેવા પાશ્વનાથ દાદા ના જૈન દેરાસર ને લાઈટીંગ થી રોશની કરાઇ છે જ્યારે દિપોત્સવ-૨૪ ત્રિદિવસીય મહોત્સવ ની ઉજવણી ના ભાગ રૂપે જૈન પુજાભાવના સાહિત ધાર્મિક અને સાંસ્કૃતક કાર્યક્રમો નું આયોજન કરાયું છે તેમજ ધજા રોહણ સાથે કાર્યક્રમ નું સમાપન થશે ચાણસ્મા ખાતે જૈન યુવા સંઘ દ્વારા યોજાઇ રહેલા દિપોત્સવ -૨૪ ના ધાર્મિક કાર્યક્રમ માં ચાણસ્મા ના મૂળ વતની અને ધંધાર્થે મુંબઈ અમદાવાદ સુરત સહિત ગુજરાત ના વિવિધ શહેરોમાં વસતા સ્થાયી થયેલા જૈન પરિવારો ઉમટી પડ્યા છે.

## જાહેર માર્ગો પર કચરાના ઢગલાઓએ સ્થાનિક વહીવટીતંત્રની બેદરકારીના કારણે અંડીગો જમાવ્યો

કિશન રોહીડા : જરોદ

વાઘોડિયા તાલુકાના વિકસીત જરોદ ગામ ની સ્થાનિક જરોદ ગ્રામ પંચાયત ની મુદત છેલ્લા દોઢ બે વર્ષ થી પૂર્ણ થતાં જરોદ ગ્રામ પંચાયત નો કારભાર વહિટદાર સાથે તલાટી કમ મંત્રી નાં હસ્તક હોય જેઓ વડોદરા મહાનગર ખાતે વસવાટ કરતા હોય છે જેમાં પણ વહિવટદાર અગત્યની બાબત હોય તો જ જરોદ ગ્રામ પંચાયત ની વિઝીટ લેતા હોય છે જ્યારે તલાટી કમ મંત્રી સપ્તાહ માં ફક્ત બે દિવસ સોમવાર અને બુધવારે જરોદ ગ્રામ પંચાયત કચેરી ખાતે ગ્રામ જનો ને મળતા હોય છે જેમાં પણ કોઈ સરકારી કાયૅકમો યોજાવા ના હોય ત્યારે મળી શકતા નથી વાઘોડિયા તાલુકાના મોટાભાગના ગામડાઓ માં તલાટી કમ મંત્રી ની અછત હોવાનાં કારણે એક એક તલાટી કમ મંત્રી પાસે ત્રણ થી ચાર જેટલા ગામડાઓ ના વહિવટી દફતર હોય જેના કારણે દરેક ગામ માં મોટાભાગે સપ્તાહ ના



એક દિવસ અને મોટા ગામમાં સપ્તાહ બે દિવસ તલાટી કમ મંત્રી મળતા હોવાથી ગ્રામ જનો સામાન્ય કામકાજ માટે અટવાઈ પડતાં હોય ત્યારે સ્વભાવિક પણે સરકારી શ્રી નિતિ નિયમો તરફ રોષ ભભુકતો જોવા મળે હાલ ઘણા સમયથી વિક્સિત જરોદ ગામ નાં બજારો સહિત રહેણાંક વિસ્તારમાં જાહેર માર્ગો પર કચરા ના ઢગલા ઓ એ સ્થાનિક વહીવટીતંત્ર ની બેદરકારી ના કારણે અંડીગો જમાવ્યો છે એક તરફ ભારત દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સ્વચ્છતા અભિયાન ને વેગ આપી રહ્યા છે ત્યારે જાણે જરોદ ગામ નાં રહિશો ને અન્ય દેશો માં વસવાટ કરતા હોવાનો અહેસાસ કરી રહ્યા છે શુ ભારત દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી નો સ્વચ્છતા અભિયાન અંતર્ગત નો પરિપત્ર જરોદ ગ્રામ પંચાયત ને મળ્યો નહીં હોય કે પછી જરોદ ગામે માનવ વસ્તી નહિવત્ હોય તેમ માની ને મનમાની મુજબ વિકસિત જરોદ ગામ નો વહીવટ સ્થાનિક વહીવટીતંત્ર કરી રહ્યું છે ની વિગેરે વિગેરે ની ઉપરોકત ચર્ચાઓ મુજબ જાહેર જનતા લોક દરબારમાં ઉઠવા પામી છે લાગતાં વળગતા સંબંધિત તંત્ર ના ઉચ્ચ અધિકારીઓ જરોદ ગામ નાં જાહેર માર્ગો પર ની સાફસફાઈ અને જરોદ નગર ના જાહેર માર્ગો જાહેર જનતા માટે ખુલ્લાં કરાવે એવી લાગણી સાથે માગણી વ્યક્ત કરાઈ રહી છે.

## દાહોદ જિલ્લા સનાતન વર્લ્ડ પરિવાર દ્વારા દીપાવલી અને નૂતન વર્ષની ભગવામય શુભકામના પાઠવવામાં આવી

દીપક રાવલ : દાહોદ લીમખેડા

આજ રોજ દાહોદ જિલ્લાના આસ્થાના કેન્દ્ર સમાન શ્રી પંચમુખી હનુમાનજી મંદિર પાલ્લી (લીમખેડા)ના આદરણીય,પૂજનીય મહંતશ્રી સુરેશદાસજી મહારાજ અને દાહોદ જિલ્લા સનાતન વર્લ્ડ પરિવાર દ્વારા સનાતન ધર્મના સૌથી મોટા પર્વ દીપાવલી અને હિન્દુ નવ વર્ષની સૌ સનાતનીઓને ભગવામય શુભકામના પાઠવવામાં આવી. અને સાથે સાથે નાના-નાના અને સ્થાનિક વેપારીઓ જોડે દીવાળીની ખરીદી કરી દીવાળી પર્વ ની ભવ્ય ઊજવણી કરવાનો સંદેશ આપવામા આવ્યો.



OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

# 3 સ્ટુડન્ટે અમેરિકામાં 52 દેશને ટક્કર આપી

## તળાવના ગંદા પાણીમાંથી બેસ્ટ બાયોલોજિકલ રિએક્શનથી ચાલતી કાર બનાવી, બેસ્ટ યુઝ ઓફ બાયોલોજિકલ રિએક્શન એવોર્ડ મેળવ્યો



(એજન્સી) સુરત | તા. 31

વિશ્વના 52 દેશના એન્જિનિયરના વિદ્યાર્થીઓ વચ્ચે અમેરિકામાં એક ખાસ કોમ્પિટિશનની યોજાઈ હતી, જેમાં સુરતના 3 વિદ્યાર્થીએ બેસ્ટ યુઝ ઓફ બાયોલોજિકલ રિએક્શન એવોર્ડ પ્રાપ્ત કર્યો છે. આ એવોર્ડ તેમને ખાસ કાર માટે આપવામાં આવ્યો છે, જેની ખાસિયત છે કે તેઓ એક તળાવના વેસ્ટ વોટરમાંથી બેસ્ટ બાયોલોજિકલ રિએક્શનથી ચાલતી કાર બનાવી છે.

સરદાર વલ્લભભાઈ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (SVNIT)ના કેમિકલ એન્જિનિયરિંગ વિભાગના 3 વિદ્યાર્થી કેમિકલથી ચાલતી કારની કોમ્પિટિશનમાં ભાગ લેવા અમેરિકા ગયા હતા. NIT રૂરકેલા ઓડિશા ખાતે યોજાયેલી નેશનલ લેવલની 'કેમ-એ-કાર' કોમ્પિટિશનમાં કેમિકલ રિએક્શનથી ચાલતી કારને 21 મીટર સુધી ચલાવી SVNITની ટીમ પ્રથમ રહી હતી, જેમાં દેશભરની પ્રતિષ્ઠિત ટીમોએ ભાગ લીધો હતો, જેમાંથી તમામ રાઉન્ડ પાર કરીને SVNITની ટીમ વિજેતા રહી હતી, જેથી SVNITની આ ટીમે હવે અમેરિકા જઈને ઈન્ટરનેશનલ લેવલ પરની કોમ્પિટિશનમાં ભાગ લઈ ભારતનું અને સાઉથ એશિયા રીજનનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

SVNITની ટીમે કેનેડા, યુએસ, ગ્રીસ, મેક્સિકો, બ્રાઝિલ સહિતના 52 દેશની ટીમો સાથે ભાગ લીધો હતો. અમેરિકન ઈન્સ્ટિટ્યૂટ ઓફ કેમિકલ એન્જિનિયરિંગ દ્વારા દર વર્ષે આ કોમ્પિટિશન યોજાતી હોય છે. ભારતમાં નેશનલ લેવલ પર પણ આ સંસ્થા દ્વારા કોમ્પિટિશનનું આયોજન કરાતું હોય છે.

SVNITના આ વિદ્યાર્થીઓને અમેરિકન ઈન્સ્ટિટ્યુટ ઓફ કેમિકલ એન્જિનિયરિંગ દ્વારા યોજાઈ રહેલી એન્યુઅલ સ્ટુડન્ટ કોન્ફરન્સ 2024માં ભાગ લેવા સેન ડિયેગો યુએસ ખાતે આમંત્રિત કરાયા હતા, જેથી આ SVNITની ટીમ યુએસ ખાતે ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું. SVNITના કેમિકલ વિભાગના દેવલ મહેતા, હિમાંશુ સિંહ અને વૈશ્વિક કોઠિયા આ કોમ્પિટિશનમાં ભાગ લેવા યુએસ પહોંચ્યા હતા, જોકે આ સિવાયના બે વિદ્યાર્થીને વિઝા ન મળવાના કારણે યુએસ જઈ શક્યા નહોતા. આ કેમિકલ એન્જિનિયરિંગ આધારિત કોમ્પિટિશન છે, જેમાં વિદ્યાર્થીઓ કેમિકલ એન્જિનિયરિંગના સિદ્ધાંતોનો ઉપયોગ કરી કારને ઓપરેટ કરી હતી. SVNITની ટીમ દ્વારા આ કોમ્પિટિશનમાં ભાગ લેવા સસ્ટેનેબલ મેથડનો ઉપયોગ કરી માક્રોબિયલ ફ્યૂઅલ સેલ આધારિત કાર બનાવી છે. કોમ્પિટિશન દરમિયાન તેમને અપાયેલા અંતર પ્રમાણે તેમણે આ કારને ઓપરેટ કરી હતી, આથી જે ટીમ સૌથી ઝડપી આ અંતરને પૂરો કરે અને યોગ્ય અંતરે જ અટકે એ ટીમને વિજેતા જાહેર કરાઈ હતી,

જેમાં સુરતના વિદ્યાર્થીઓની કાર વિજેતા બની હતી. કેમિકલ એન્જિનિયરિંગ ડિપાર્ટમેન્ટનાં પ્રોફેસર જિજ્ઞાશા ગોહિલે જણાવ્યું હતું કે પહેલા નેશનલ કક્ષાએ ઓડિશા એનઆઈટી ખાતે અમારા વિદ્યાર્થીઓ ગયા હતા, જ્યાં પ્રથમ ક્રમ મેળવ્યો હતો. ત્યાર પછી તેમને અમેરિકા ખાતે 52 જેટલા દેશો વચ્ચે થનારી આ કોમ્પિટિશન માટે બોલાવવામાં આવ્યા હતા. ત્યાં અમારા વિદ્યાર્થીઓ ભારતને રિપ્રેઝન્ટ કરવા માટે ગયા હતા. ત્યાં તેમને બેસ્ટ બાયોલોજિકલ રિએક્શનથી ચાલતી કાર માટે એવોર્ડ મળ્યો છે.

## ન્યૂઝ કોર્નર

### સપરમાં દિવસે જ અકસ્માત નડ્યો છે એકનું મોત, એક ઘાયલ

મહેસાણા | મહેસાણા જિલ્લામાં આજે દિવાળીના તહેવારની લોકો ઉજવણી કરી રહ્યા છે. ત્યારે આજે રાત્રે 2 કલાકે ચરાડુંથી ગરબા જોઈ પોતાના ગામ જઈ રહેલા બે યુવકોના બાઈકને અકસ્માત નડતા એક યુવકને ગંભીર પ્રકારની ઈજાઓ પહોંચતા દિવાળીના દિવસે જ મોત નિપજતા તહેવાર માતમમાં ફેરવાયો છે. સમગ્ર મામલે હાલમાં લાંઘણજ પોલીસમાં ફરિયાદ નોંધાવી પોલીસે તપાસ આદરી છે.

ગાંધીનગર જિલ્લામાં આવેલા માણસા તાલુકાના ધમેડા ગામે રહેતા મંગાજી ઠાકોર અને મોટા બાપાનો દીકરો ભરત ભુપાભાઈ બને જણા GJ01EH1827 બાઈક લઈ ગત મોડી રાત્રે ચરાડું ગામે ગરબા હોવાથી બને કુટુંબી ભાઈ રાત્રે બે કલાકે ગરબા જોઈ ગોઝારીયા ચરાડું રોડ પર જતાં હતાં એ દરમિયાન બાઈક ઠાકોર ભરત ચલાવી રહ્યો હતો.

### સુરેન્દ્રનગરમાં હિટ એન્ડ રનમાં એકનું મોત નિપજ્યું

સુરેન્દ્રનગર | પાટડી તાલુકાના બજાણા ગામ પાસે રોડ પર અજાણ્યા વાહને ટક્કર મારતા જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખની નજર સામે જ એમના પતિનું મોત નીપજ્યું હતું. જ્યારે જિલ્લા પંચાયતના પૂર્વ મહિલા પ્રમુખને પણ ઈજાઓ પહોંચતા વધુ સારવાર અર્થે વિરમગામ હોસ્પિટલ ખાતે લઈ જવાયા હતા. પાટડી તાલુકાના બજાણા ગામ પાસે રોડ પર મોર્નિંગ વોક પર જઈ રહેલા જિલ્લા પંચાયત પૂર્વ પ્રમુખ અમરબેન મેરાણી અને એમના પતિ અને બજાણા ગામના પૂર્વ સરપંચ પૂંજાભાઈ પસાભાઈ મેરાણીને વહેલી સવારે માતેલા સાંઢની સામેથી પુરઝડપે આવી રહેલા બેકાબુ અજાણ્યા વાહને જોરદાર ટક્કર મારી વાહનચાલક ફરાર થઈ ગયો હતો. આ ગોઝારી ઘટનામાં બજાણાના પૂંજાભાઈ પસાભાઈ મેરાણીને હાથે, પગે અને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા એમનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું.


## શ્રીગોપાળાનંદ સ્વામી યાત્રિક ભવનનું લોકાર્પણ : અમિત શાહે દિવાળીની શુભકામનાઓ પાઠવી...

# સાળંગપુરમાં અમિત શાહે કહ્યું- મને જ્યારે કષ્ટ પડ્યું ત્યારે દાદાને યાદ કર્યા હતા, મારુતિ યજ્ઞમાં સહભાગી થશે...

બોટાદ | બોટાદ જિલ્લાના સાળંગપુર હનુમાનજી મંદિર પરિસરમાં ગુજરાતનું સૌથી મોટું 1100 રૂમનું ગોપાળાનંદ સ્વામી યાત્રિક ભવન તૈયાર થઈ ગયું છે. આજે (31 ઓક્ટોબર, 2024) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે લક્ઝુરિયસ હોટલને ટક્કર આપે એવા યાત્રિક ભવનનું લોકાર્પણ કર્યું છે. અમિત શાહ મારૂતિ યજ્ઞમાં પણ સહભાગી થશે. સાળંગપુર હનુમાનજી મંદિર ખાતે યોજાયેલી સભામાં મોટી સંખ્યામાં સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે વડતાલ ગાદીના આચાર્ય રાકેશ પ્રસાદજી મહારાજે અમિત શાહને વડતાલ ખાતે યોજાનારા દ્વિશતાબ્દી મહોત્સવનું આમંત્રણ આપ્યું હતું. સાળંગપુર હનુમાનજી મંદિર ખાતે મોટી સંખ્યામાં સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો તેમજ પૂર્વ શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા, ધારાસભ્ય બાબુ જમનાદાસ પટેલ સહિત મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

સાળંગપુરમાં અમિત શાહે કષ્ટભંજન દેવની જય બોલાવી પ્રવચન શરૂ કર્યું હતું. આ સાથે તેમણે સંતોનાં ચરણોમાં વંદન કરી તમામ ભક્તોને દિવાળીની શુભકામનાઓ પાઠવી હતી. દિવાળી અને રૂપ ચૌદશના દિવસે દાદાનાં દર્શન કરવાનો મોકો મળ્યો એ બદલ સંસ્થાનો હૃદયપૂર્વક આભાર માનું છું. કરોડો લોકોને કષ્ટ પડે ત્યારે તેઓ અહીં આવે છે અને મને પણ જ્યારે કષ્ટ પડ્યું ત્યારે દાદાને યાદ કર્યા હતા.



**રાત્રે રાજમહેલ જેવો નજારો :** આ યાત્રિક ભવન શ્રી કષ્ટભંજન દેવ હનુમાનજી મંદિરની ડાબી બાજુ થોડા અંતરે અને નવા ભોજનાલયની એકદમ પાછળ બનાવાયું છે. શ્રીગોપાળાનંદ સ્વામી યાત્રિક ભવનમાં બરવાળાથી આવતા જ મંદિર પહેલાં મુખ્ય ગેટથી પ્રવેશ કરી શકાશે. આ સિવાય મંદિર પરિસરમાંથી થઈને પણ ભવનમાં જઈ શકાશે. અહીં 20 વીઘા જમીનમાં ઊભા કરાયેલા યાત્રિક ભવનની ભવ્યતા આંખો આંજી દે એવી છે. રાત્રે આ ભવનનો નજારો કોઈ રાજમહેલ કરતાં ઓછો નથી દેખાતો.

અમે જ્યારે યાત્રિક ભવનમાં એન્ટર થયા ત્યારે ઈન-આઉટ માટે બે રેમ્પ જોવા મળ્યા હતા. જ્યાંથી અંદર પ્રવેશતાં જ ઈન્ટરનેશનલ એરપોર્ટના લોન્જ જેવો રિસેપ્શન એરિયા સુધી પહોંચ્યા. અહીંથી યાત્રિકો ગણતરીની મિનિટોમાં જ રૂમ બુક કરાવી શકે છે. યાત્રિકો માટે કુલ 1000 રૂમમાં 5000થી પણ વધુ લોકો એકસાથે રહી શકશે.

### ઈન્ડિયન રોમન સ્ટાઈલનું એલિવેશન

સાળંગપુરમાં દિવસે ને દિવસે હનુમાન દાદાના દર્શનાર્થે લાખો ભક્તો ઊમટી રહ્યા છે. દાદાના ભક્તોને કોઈ તકલીફ ન પડે એ માટે મંદિરના સંતો દ્વારા લક્ઝુરિયસ હોટલને ટક્કર આપે એવું શ્રીગોપાળાનંદ સ્વામી યાત્રિક ભવન લાગી રહ્યું હતું, જેનું એલિવેશન ઈન્ડિયન રોમન સ્ટાઈલનું છે. આ ભવનની ડિઝાઈન ચારથી પાંચવાર બનાવવામાં આવી હતી. એ પછી અત્યારની ડિઝાઈન સંતોએ ફાઈનલ કરી હતી. યાત્રિકો પોતાના રૂમમાં સરળતાથી જઈ શકે એ માટે સીડી ઉપરાંત 10 હાઈ સ્પીડ એલિવેટર (લિફ્ટ)ની સુવિધા પણ છે. આ ભવનનું 9,00,000 સ્ક્વેર ફૂટમાં કન્સ્ટ્રક્શન કરાયું છે અને એમાં 10 ફૂટ મોટી લોબી છે. દરેક રૂમમાં સૂર્યપ્રકાશ અને કુદરતી હવા મળી રહે એ રીતે ભવન ડિઝાઈન કરાયું છે. દરેક રૂમમાં ગરમ પાણી માટે ધાબા પર 18 હિટ પંપ મુકાયા છે, જેની કુલ કેપેસિટી 9 હજાર લિટરની છે.

### તમામ AC એકસાથે ચાલે તોપણ સોલરમાં 50 કિલો વોટ વીજળી વધે

સમગ્ર યાત્રિક ભવન સોલર પર ચાલશે, જેની વીજળીની કુલ કેપેસિટી 250 કિલો વોટની છે. સમગ્ર ભવનમાં વધુમાં વધુ વીજળીનો વપરાશ 200 કિલોવોટ થઈ શકે છે અને એ પણ બધા રૂમના AC એકસાથે ચાલે તો જ...એટલે યાત્રિક ભવનના ધાબા પર લાગેલી સોલર પેનલથી સમગ્ર ભવનને વીજળી મળી રહેશે. યાત્રિક ભવનના દરેક ફ્લોર પર 6-6 પાણીની પરબ અને કોમન ટોઈલેટ-બાથરૂમની વ્યવસ્થા આપવામાં આવી છે.

**અમિત શાહને દ્વિશતાબ્દી મહોત્સવનું આમંત્રણ આપ્યું :** શ્રીગોપાળાનંદ સ્વામી યાત્રિક ભવનના હસ્તે લોકાર્પણના પ્રસંગે વડતાલ ગાદીના આચાર્ય રાકેશપ્રસાદજી મહારાજે તમામ હરિભક્તોને દિવાળીની શુભકામનાઓ આપી હતી તેમજ વડતાલ ખાતે યોજાનારા દ્વિશતાબ્દી મહોત્સવનું આમંત્રણ પણ આપ્યું હતું.

સાળંગપુર હનુમાનજી મંદિરના પરિસરમાં 200 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે સોલર સંચાલિત 1100 રૂમ સાથે ગુજરાતનું સૌથી વધુ રૂમવાળું શ્રીગોપાળાનંદ સ્વામી યાત્રિક ભવન બનીને તૈયાર થઈ ગયું છે. આ 8 ફ્લોરવાળા અને હનુમાનજીના ખોળા આકારના યાત્રિક ભવનનું ઉદ્ઘાટન 31 ઓક્ટોબરે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને વડતાલ ગાદીના આચાર્ય મહારાજ રાકેશપ્રસાદ તથા સંતોના હસ્તે કરવામાં આવ્યું હતું.

શ્રી હરિપ્રકાશદાસજી સ્વામીના સંકલ્પથી તથા કોઠારી સ્વામી વિવેકસાગરદાસજીના માર્ગદર્શનથી અને વડતાલ ટેમ્પલ બોર્ડના સહકારથી આ રાજમહેલ જેવું શ્રી ગોપાળાનંદ સ્વામી યાત્રિક ભવનનું નિમાર્ણ કરાયું છે. આ યાત્રિક ભવન માટે બે હેલિપેડ બનાવવામાં આવ્યાં છે, તથા 2500 કાર રહી શકે એવી પાર્કિંગ વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

## 25 અસામાજિક તત્વોને પાસા હેઠળ જેલમાં મોકલી આપવામાં આવ્યા

(એજન્સી) સુરત | તા. 31

સુરત પોલીસ દ્વારા અસામાજિક તત્વો સામે પાસા હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે. કુલ 25 અસામાજિક તત્વોને પાસા હેઠળ રાજ્યની અલગ અલગ મોકલી આપવામાં આવ્યા છે. દિવાળીના તહેવાર દરમિયાન શહેરમાં પોલીસ એલર્ટ મોડમાં છે. પોલીસ દ્વારા પેટ્રોલિંગ, વાહન ચેકિંગ સહિતની કામગીરી કરાઈ રહી છે તો બીજી તરફ શહેરમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સતત પ્રયાસો પોલીસ દ્વારા કરવામાં આવી રહ્યા છે. દરમિયાન ગુનાહિત પ્રવૃત્તિઓમાં પકડાયેલા કુલ 25 અસામાજિક તત્વો સામે પાસા હેઠળ અટકાયત કરી રાજ્યની અલગ અલગ જેલમાં મોકલી આપવામાં આવ્યા છે. ખૂનની કોશિશ, ,ગાયોની કતલ કરનાર, ગેરકાયદેસર નાણા ધીરધારની પ્રવૃત્તિ, ખંડણી ઉઘરાવવાના, મહિલાની છેડતી, મારામારી, મોબાઈલ સ્નેચિંગ, ઘરફોડ ચોરી, વાહનચોરી તેમજ દેહવ્યાપારના ગુનાઓમાં તેમજ પ્રોહિબિશનની પ્રવૃત્તિમાં પકડાયેલા કુલ 25 અસામાજિક તત્વોને છેલ્લા ચાર દિવસમાં પાસા હેઠળ કાર્યવાહી કરી રાજ્યની અલગ અલગ જેલોમાં મોકલી આપવામાં આવ્યા છે.

## 2000 વેપારીઓએ ચોપડા પુજન કર્યું : રાજકોટમાં BAPS સ્વામિનારાયણ મંદિરે વૈદિક મંત્રોચ્ચાર સાથે ચોપડા પૂજા કરાઈ

(એજન્સી) રાજકોટ | તા. 31

આજે દિવાળીનો મહાપર્વ છે. ત્યારે ઠેર ઠેર દિવાળી નિમિત્તે ચોપડા પૂજનનું આયોજન કરવામાં આવતું હોય છે. જેમાં રાજકોટ કાલાવડ રોડ પર આવેલ BAPS સ્વામિનારાયણ મંદિર ખાતે પણ ચોપડા પૂજનનું આયોજન કરવામાં આવ્યું હતું. દિવાળીનો દિવસ એ ધંધા-રોજગાર, વૃદ્ધિ માટે ચોપડા પુજન માટેનો ઉત્તમ દિવસ માનવામાં આવે છે. વિજ્ઞાન અને ટેક્નોલોજીના યુગમાં કેટલાક ધંધાર્થીઓએ ચોપડા સાથે સાથે લેપટોપ અને કોમ્પ્યુટરની પણ પુજા કરવામાં આવી હતી. સંતો દ્વારા વૈદિક મંત્રોચ્ચાર સાથે આજના આ ચોપડા પૂજનમાં 2000 જેટલા વેપારીઓ એકસાથે સભાગૃહમાં ચોપડા પૂજન કરાવવામાં આવ્યું હતું. જેમાં આજની આ પુજા માટે ઘરો, ગોઠીમડું, કપૂરનું પાન, પુષ્પ, ફળ અને પંચામૃતનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. દિવાળીના તહેવારમાં ચોપડા પુજન સાથે આજે



લક્ષ્મીનું પુજન પણ કરવામાં આવ્યું હતું. વર્ષ 2080ના અંતિમ દિવસે ચોપડા પૂજન કરી આવનારું વર્ષ 2081 દરેકને તન, મન, ધનથી સુખ સમૃદ્ધમય થાય અને ધંધા રોજગારમાં પ્રગતિ થાય સાથે જ શ્રેષ્ઠ ગુજરાત શ્રેષ્ઠ ભારત બને તે માટે અંતમાં આરતી સાથે પ્રાર્થના-પૂજા કરવામાં આવી હતી.

રાજકોટના કાલાવડ રોડ સ્થિત BAPS સ્વામિનારાયણ મંદિરના અપૂર્વમુનિ સ્વામીએ દિવ્ય ભાસ્કર સાથે વાત કરતા જણાવ્યું હતું કે, સનાતન હિન્દુ ધર્મનો સૌથી મોટો પર્વ એટલે દિવાળી. આપણે ત્યાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષમાં અર્થ એટલે આર્થિક વૃદ્ધિ માનવામાં આવે છે. ત્યારે આજે દિવાળીના પર્વ દરમિયાન હિન્દુ સંસ્કૃતિની પરંપરા મુજબ ધર્મની સાથે સાથે અર્થરૂપી આર્થિક વૃદ્ધિ થાય તે માટે પોતાના ધંધા-રોજગારનાં ચોપડાનું પૂજન, માતા લક્ષ્મી અને મા શારદાનું પૂજન કરતા હોય છે. રાજકોટમાં આજે સભાગૃહમાં 2000 જેટલા વેપારીઓ સાથે મળી વૈદિક મંત્રોચ્ચાર સાથે ચોપડા પૂજન કર્યું છે. ટેક્નોલોજીના યુગમાં હાથેથી લખાયેલ ચોપડા સાથે સાથે લેપટોપ અને ટેબ્લેટ જેવા ગેજેટની પણ પૂજા કરવામાં આવી છે.

બ્રેકિંગ ન્યૂઝ

### ટ્રેનમાં નિયત કરતા વધુ સામાન લઈ જશો તો દંડ ભરવો પડશે

સુરત | ટ્રેનો અને રેલવે સ્ટેશનો પર દિવાળી અને છઠના તહેવારના પગલે ભીડને કાબૂમાં રાખવા માટે અમુક રેલવે સ્ટેશનો પર 8 નવેમ્બર સુધી પ્લેટફોર્મ ટિકિટના વેચાણને બંધ કરી દેવાયું છે. બીજી તરફ હવે રેલવે દ્વારા મુસાફરો માટે સામાન લઈ જવા માટેના દિશા-નિર્દેશ બહાર પડાયા છે. પ.રેલવેએ જારી કરી સૂચના મુજબ મુસાફરો નકકી કરેલા વજન જેટલું જ સામાન પોતાની સાથે લઈ જાય. બાંદ્રા ટર્મિનસ, વાપી, વલસાડ, ઉધના અને સુરત રેલવે સ્ટેશનના પાર્સલ કાર્યાલયમાં પાર્સલ કન્સાઈન્મેન્ટની બુકિંગમાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે.

### કરુણાંતિકા:હજીરામાં અચાનક બેભાન થઈ 38 વર્ષીય યુવકનું મોત

સુરત | હજીરા એએમએનએસ કંપનીના ટ્રેલર પાર્કીંગમાં ટ્રેલરના કેબીનમાં બેભાન થયા બાદ યુવાન ડ્રાઈવરનું મોત નિપજ્યું છે. હાર્ટએટેકના કારણે મોત નિપજ્યું હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. હજીરા જ્યોતી ટ્રાન્સપોર્ટના કેબીનમાં રહેતા 38 વર્ષીય અમોદકુમાર મન્દેશર ગઈ ટ્રેલર ડ્રાઈવર તરીકે નોકરી કરતા હતા. મંગળવારે તેઓ ટ્રેલરમાં ઓઈલ ભરાવીને ક્રિભકો કંપનીમાં જવાના હતા. તે પહેલા એએમએનએસના ટ્રેલર પાર્કીંગની સામે ટ્રેલરમાં આરામ કરતા હતા. ત્યારે અચાનક બેભાન થઈ જતા 108 એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવી હતી.

## મોરબી કુલ ત્રણ વ્યક્તિઓએ જુદીજુદી જગ્યાએ આપઘાત કરી જીવન ટૂંકાવ્યો

(એજન્સી) મોરબી | તા. 31

મોરબી તાલુકા વિસ્તારમાં જુદીજુદી ત્રણ જગ્યાએ એક યુવાન, એક યુવતી અને એક મહિલાએ આપઘાત કરેલ છે. જેથી તેના મૃતદેહને પીએમ માટે મોરબીની સરકારી હોસ્પિટલ ખાતે લઈને આવ્યા હતા અને આ ત્રણેય બનાવની મોરબી તાલુકા પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે બનાવની નોંધ કરી આગળની રાબેતા મુજબની કાર્યવાહી હાથ ધરી છે.

ગામની સીમમાં આવેલ જીઓલાઈટ સીરામીક કારખાનાના લેબર ક્વાર્ટરમાં રહેતા અને મજૂરી કામ કરતા પરિવારની નેહા ફાતમા (ઉ.19) નામની યુવતીએ લેબર ક્વાર્ટરની અંદર ગળાફાંસો ખાઈ લીધો હતો. જેથી તેનું ઘટના સ્થળે મોત નીપજ્યું હતું અને ત્યારબાદ તેના મૃતદેહને મોરબીની સરકારી હોસ્પિટલે લઈને આવ્યા હતા. આ બનાવની હોસ્પિટલ મારફતે મોરબી તાલુકા પોલીસને જાણ કરતા પોલીસે બનાવની નોંધ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. યુવતીએ કયા કારણોસર આપઘાત કરેલ છે તે દિશામાં આગળની તપાસ મોરબી તાલુકા પોલીસ સ્ટેશનના જે.પી. વશિયાણી ચલાવી રહ્યા છે.

આવી જ રીતે મોરબીના ઘૂટું રોડ ઉપર આવેલ હરિઓમ પાર્કમાં મકાન નંબર એ-103માં રહેતા હેતલ મનીષભાઈ જાદવ (ઉ.34) મહિલાએ પોતે પોતાના ઘરની અંદર પંખા સાથે સાડી બાંધીને ગળાફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. જેથી તે મહિલાનું મોત નીપજ્યું હોય મૃતક મહિલાના બોડીને તેના પતિ મનીષભાઈ મોરબીની સરકારી હોસ્પિટલે લઈને આવ્યા હતા અને ત્યારબાદ આ બનાવ અંગેની હોસ્પિટલ મારફતે મોરબી તાલુકા પોલીસને જાણ કરતા પોલીસે આપઘાતના બનાવની નોંધ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. આ બનાવની આગળની તપાસ મોરબી તાલુકા પોલીસ સ્ટેશનના જે.પી.વશિયાણી ચલાવી રહ્યા છે.

## ઘર સામેથી દારૂનો જથ્થો ઝડપાયો:મોરબીમાં નાની-મોટા 200 બોટલ, 96 બીયરના ટીન ઝડપાયા; પોલીસે આરોપીની શોધખોળ શરૂ કરી

(એજન્સી) મોરબી | તા. 31

મોરબીના વીસીપરા વિસ્તારમાં અમરેલી રોડ ઉપર પગે અગેચાણિયા વાડી વિસ્તારમાં રહેતા શખ્સનાં ઘર સામે દારૂનો જથ્થો રાખ્યો હોવા અંગેની પોલીસને હકીકત મળી હતી. જેના આધારે આરોપીના ઘર સામે બાવળની જાળીમાં દારૂની રેડ કરવામાં આવી હતી. ત્યારે ત્યાંથી દારૂની નાની મોટી કુલ મળીને 200 બોટલો તેમજ 96 બિયરના ટીન મળી આવતા પોલીસે 86,360ની કિંમતનો દારૂ બિયરનો જથ્થો કબજે કર્યો હતો. જો કે, રેડ કરવામાં આવી ત્યારે આરોપી હાજર ન હોવાથી તેની સામે બી-ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે ગુનો નોંધી આરોપીને પકડવા માટે તજવીજ શરૂ કરી છે.

મોરબીના વીસીપરા વિસ્તારમાં અમરેલી રોડ ઉપર અગેચાણિયા વાળી વિસ્તારમાં રહેતા રોહિત ઉર્ફે બલૂ અગેચાણીયાના રહેણાંક મકાન પાસે દારૂનો જથ્થો હોવા અંગેની ચોક્કસ હકીકત મળી હતી. જેના આધારે પોલીસે ત્યાં દારૂની રેડ કરી હતી. ત્યારે રોહિત અગેચાણિયાના ઘર પાસે બાવળની જાળીમાંથી દારૂની મોટી 120 બોટલ તથા નાની 80 બોટલ અને બિયરના 96 ટીમ મળી આવ્યા હતા. જેથી પોલીસે દારૂ બિયરનો 86,360ની કિંમતનો મુદ્દામાલ કબજે કર્યો હતો અને મોરબી બી- ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે રોહીત ઉર્ફે બલૂ બાબુભાઈ અગેચાણીયા રહે. વીસીપરા અમરેલી રોડ અગેચાણિયા વાડી વિસ્તાર મોરબી વાળા સામે ગુનો નોંધીને આરોપીને પકડવા માટે તજવીજ શરૂ કરી છે.



## નાટકિય કામગીરી : ફાયર એનઓસી ન હોવાથી શહેરના ૨૨ ફટાકડા સ્ટોલ ધારકોને નોટિસ

ભાવનગર : રાજકોટની અગ્નિકાંડની ઘટના હજુ તાજી જ છે તેવામાં આગ, અકસ્માતના બનાવો અટકાવવા માટે તંત્રએ ફટાકડાનું વેચાણ કરનાર તમામ નાના મોટા વેપારીઓઓથી લઈ સ્ટોલધારકો માટે ફાયર એનઓસી ફરજિયાત બનાવ્યું છે. પરંતુ, દિવાળીની પૂર્વસંધ્યાએ મહાપાલિકાના ફાયર વિભાગે શહેરમાં કરેલી આકસ્મિક તપાસમાં ફટાકડા વેચતાં ૨૨ સ્ટોલધારકોએ ફાયર એનઓસી લીધું જન હોવાનું જણાતાં તમામને નોટિસ આપી ખુલાસો પુછવામાં આવ્યો હતો. જો કે, ફાયર વિભાગને આવા સ્ટોલ બંધ કરાવવાની સત્તા હોવા છતાં તેમ ન કરી નોટિસ આપી સંતોષ માનતા તંત્રની આ કામગીરી નાટક સમાન રહી હતી. દિવાળી પર્વને લઈ ફટાકડા વેચાણ માટે સ્ટોલ શરૂ કરવા માટે ફાયર એનઓસીને તંત્રએ ફરજિયાત બનાવ્યું છે અને ફાયર એનઓસી હોય તે ફટાકડા ધારકોને જ મંજૂરી આપવા માટે જિલ્લા કલેક્ટરે આદેશ કર્યો છે તેથી ભાવનગર મહાપાલિકાના ફાયર વિભાગમાં જે લોકોએ અરજી કરી હતી અને તપાસ બાદ અરજી યોગ્ય તેઓને ફાયર એનઓસી આપવામાં આવ્યુ હતું. શહેરમાં જવાહર મેદાન સહિત કુલ ૬૦ ફટાકડા સ્ટોલ ધારકોને ફાયર એનઓસી આપવામાં આવ્યુ છે, જયારે ૧૦ અરજીમાં અધુરી વિગત હોવાથી અરજી પરત કરવામાં આવી હતી તેમ આજે ફાયર વિભાગના અધિકારીએ માહિતી આપતા જણાવ્યું હતું. કેટલાક ફટાકડા સ્ટોલ ધારકોએ ફાયર એનઓસી લીધુ જ નથી તેથી મહાપાલિકાના ફાયર વિભાગના સ્ટાફે ચેકીંગ કરી ફાયર એનઓસી ન હોય તેવા ૨૨ ફટાકડા સ્ટોલ ધારકોને નોટિસ ફટકારી હતી અને ખુલાસો પૂછયો છે.

### ન્યુઝ ફ્લેશ

#### મુંદરાના મોખા પુલ પાસે 3.12 લાખના દારૂના જથ્થા સાથે બુટલેગર ઝબ્બે

ભુજ: મુંદરા તાલુકાના મોખા પુલ પાસે પ્રાગપર પોલીસે ક્રેટા કારમાં અંજાર તરફ દારૂનો જથ્થો લઈ જતા પાંચોટીયાના બુટલેગરને ઝડપી પાડયો હતો. તેના કબ્જામાંથી રૂપિયા ૩,૧૧,૯૮૮ની કિંમતની ૫૦૪ નંગ બોટલ અને ૮ લાખ ૫ હજારની કાર કબ્જે કરી હતી. દારૂનો જથ્થો આપનારનું નામ ખુલ્યું હતું. પ્રાગપર પોલીસે બાતમીના આધરે મોખા પુલ પાસે બેરેકની આડ રાખીને વોચ ગોઠવી હતી. જેમાં માંડવી તરફથી આવતી બાતમી મુજબની સફેદ ક્રેટા કારને રોકીને તલાસી લેતાં તેમાંથી રૂપિયા ૩,૧૧,૯૮૮ની કિંમતની ૫૦૪ બોટલ ભરેલા ૪૨ બોક્સ મળી આવ્યા હતા. કાર ચાલક પાંચોટીયા ગામના ધનરાજ રણમલભાઈ ગઢવી (ઉ.વ.૪૧) ને પકડી પાડયો હતો.

#### ડીપીએની હોસ્પિટલમાં બોગસ બિલો મંજૂર કરાયા હોવાનો આક્ષેપ

ગાંધીધામ: દીનદયાળ પોર્ટ ઓથોરિટી સંચાલિત ગોપાલપુરી હોસ્પિટલમાં થોડા દિવસો પહેલા એક કર્મચારી દ્વારા અન્ય કર્મચારીઓ દ્વારા જમા કરાવેલા બોગસ મેડિકલ બિલો, રાઉડ સિક્કો તથા નકલી સહીઓ વાળા બિલો પકડી પાડવામાં આવ્યા હતા. ત્યારબાદ ડીપીએ મેડિકલ પ્રશાસને ચેરમેનની સૂચનાથી આરોપોની સત્યતા ચકાસણી અર્થે એક સત્ય શોધક કમિટીની રચના કરી હતી. જેમાં ત્રણ સિનિયર ડોક્ટર્સને આ આરોપોની તપાસ અર્થે નિમણૂક કરવામાં આવી હતા. આ કમિટીએ તમામ આરોપની ઊંડાણપૂર્વક તપાસ કરીને એક મહિનામાં રિપોર્ટ સબમિટ કરવાનો આદેશ આપવામાં આવ્યું હતું.

#### અમુક નિવૃત આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોને હજી ગ્રેજ્યુઈટી મળી નથી

ભુજ: આંગણવાડીના નિવૃત વર્કરોને વર્ષો પહેલાં સુપ્રીમ કોર્ટ દ્વારા ગ્રેજ્યુઈટી મળવાપાત્ર છે. તેવું જણાવાયું હતું અને આદેશ જાહેર કરવામાં આવ્યા ના વર્ષોના વહાણા પછી પણ હજુ સુધી કચ્છના અમુક નિવૃત આંગણવાડી કાર્યકર અને ટેડાગર બહેનોને હજી ગ્રેજ્યુઈટી મળી નથી. કેટલાક નિવૃતો એટલા વયોવૃધ્ધ થઈ ગયા છે કે, હાથ અને પગથી અશક્ત થઈ ગયા છે, કોઈએ આંખોની રોશની તો કોઈએ કાનની શ્રાવણ શક્તિ મહદઅંશે ગુમાવી દીધી છે. સ્વયંભૂ તો ઠીક લાકડીના ટેકે પણ માંડ માંડ કચેરીના ધક્કા ખાઈ શકતા નથી.સુપ્રીમ કોર્ટના ચુકાદાથી ગુજરાતના આંગણવાડી વર્કર અને હેલ્પરને ગ્રેજ્યુઈટી એક્ટ તળે તેમના નોકરીના વર્ષોની ગણતરી ના પ્રમાણમાં નિવૃતિ સમયે ગ્રેચ્યુટીની રકમ ચૂકવવામાં આવતી હોય છે. ૫૮ વર્ષ નિવૃતિ બાદ પેન્શન કે ગ્રેચ્યુઈટી (સર્વિસ) ચૂકવાતી ન હતી. આંગણવાડી વર્કર-હેલ્પરોને ૧૦% વ્યાજ સાથે ચૂકવવા ગુજરાત સરકારને આદેશ કરેલો છે.

### આંગણવાડીઓના 1,21,853 અને શાળાઓના 1,48,031 બાળકની થયેલી આરોગ્ય તપાસ

# જિલ્લામાં 108 બાળકને હૃદય, 37 ને કિડની અને 44 ને કેન્સરની બિમારી

(એજન્સી) ભાવનગર | તા.31



ભાવનગર જિલ્લામાં શાળા આરોગ્ય રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત ચાલુ વર્ષમાં એપ્રિલથી ઓક્ટોબર માસ દરમિયાન ૧૫૮૯ આંગણવાડીના ૧,૨૧,૮૫૩ બાળક અને ૯૦૩ શાળાના ૧,૪૮,૦૩૧ બાળકની આરોગ્ય તપાસ કરવામાં આવી હતી. જેમાં ૧૦૮ બાળકને હૃદયની, ૩૭ બાળકને કિડનીની અને ૪૪ બાળકને કેન્સરની બિમારી જણાઈ હતી. શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમને અનુલક્ષીને આરોગ્ય વિભાગ દ્વારા ૩૪ ટીમ કાર્યરત રહી હતી. જેમાં ૧૦૯ ડિલિવરી પોઈન્ટ પર ૧૧,૬૪૩ બાળકોની આરોગ્ય તપાસ કરાઈ હતી. જ્યારે ૯૦૩ શાળાના ૧,૪૮,૦૩૧ બાળકની અને ૧૫૮૯ આંગણવાડીના ૧,૨૧,૮૫૩ બાળકની આરોગ્ય તપાસ હાથ ધરાઈ હતી. આરોગ્ય વિભાગની દ્રષ્ટિએ જન્મથી લઈને ૧૮ વર્ષની વય સુધીના તમામ બાળકની વ્યાખ્યામાં આવે છે. પરિણામે આંગણવાડી, પ્રાથમિક શાળાઓ, માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, ડિપ્લોમા અભ્યાસક્રમોના વિદ્યાર્થીઓને પણ આ આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ આવરી લેવામાં આવતા હોય છે.

સ્વસ્થ સમાજના નિર્માણ માટે બાળકનું સ્વસ્થ હોવાનું આવશ્યક છે. આથી બાળકોની આરોગ્ય તપાસનો કાર્યક્રમ હાથ ધરવામાં આવે છે. જેમાં બીમારી ધરાવતા બાળકોને સંદર્ભ કાર્ડ ઈસ્યુ કરાય છે અને સરકારી હોસ્પિટલમાં સારવારની વ્યવસ્થા કરાય છે. ભાવનગરની સર ટી. હોસ્પિટલ ખાતે ડી.ઈ.આઈ.સી. ખાતે આ માટે ખાસે બાળ રોગ નિષ્ણાંતની સેવા ઉપલબ્ધ રહે છે. અત્યંત ગંભીર બીમારી જણાય તો સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે બાળકને રીફર કરાય છે.

જિલ્લામાં ચાલુ વર્ષમાં એપ્રિલથી ઓક્ટોબર માસ દરમિયાન શાળા ઓરોગ્ય તપાસણી કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો તેમાં ૩૩ બાળક ક્લબ ફૂટ એટલે કે વાંકાચૂકા પગ ધરાવતા તો ૭ બાળક ફાટેલા તાળવા અને ૪ બાળક ફાટેલા હોઠ ધરાવતા જોવા મળ્યા હતા. જેઓ ગંભીર બીમારીથી ગ્રસિત હોય તેવા હૃદયની બીમારી ધરાવતા ૧૦૮, જન્મજાત કરોડરજ્જુની તકલીફ ધરાવતા ૭, કિડનીની બીમારી ધરાવતા ૩૭, કેન્સરની બીમારી ધરાવતા ૪૪ બાળક જણાયા હતા. આ ઉપરાંત, બધીરતા હોય તેવા ૫, જન્મજાત મોતિયો હોય તેવા ૩ અને ડાઉન સિન્ડ્રોમ ધરાવતા ૭ બાળકનો સમાવેશ થાય છે.

### એડવાન્સ પગાર, બોનસની ચૂકવણી વચ્ચે આશા વર્કર્સને કામગીરીની બાકી રકમ ચૂકવવામાં ઠાગાઠૈયા

ભાવનગર : ભાવનગર સહિતની રાજ્યભરના ૪૦ હજાર આશાવર્કર, ફેસીલેટર બહેનોને કામગીરીની રકમ નહીં અપાતા તેમની દિવાળી બગડી હોવાની દિવાળી તહેવાર ટાણે જ ફરિયાદ ઉઠી છે. રાજ્ય સરકારે નાણાં ચૂકવવા ખાત્રી આપ્યાના છ માસ બાદ ચુકવણામાં ઠાગાઠૈયાના કારણે અરજદાર બહેનોએ આંદોલનની ચીમકી ઉચ્ચારી છે. ગુજરાતના ગામડે ગામડે અને શહેરી ગરીબ વસતીમાં ગુજરાત સરકારની આરોગ્ય સેવા પૂરી પાડતી અને અત્યંત આર્થિક મુશ્કેલી વચ્ચે જીવતી આશા વર્કર અને ફેસીલેટર બહેનોએ ` કરેલી કામગીરીની મળવાપાત્ર ભથ્થા ઉપરાંતની વધારાની નાણાંકીય ઉચ્ચક રકમ ગુજરાત સરકારે આજદિન સુધીમાં ચુકવી નથી. છેલ્લા છ માસથી આ મામલે રજૂઆત છતાં ચૂકવાણાને લઈ ખો આપવામાં આવી છે. દરમિયાનમાં ગુજરાત આશા હેલ્થ વર્કર યુનિયન દ્વારા રાજયના મુખ્યમંત્રી અને આરોગ્ય મંત્રીન પત્ર લખી દિવાળી પૂર્વે બાકી રકમ ચુકવી આપવા માંગ કરી હતી. તો, આગોર્દય કમિશ્નર સાથેની રૂબરૂ મુલાકાતમાં તેઓએ ૨૫ ઓક્ટોબર સુધીમા બાકી રકમ ચૂકવી આપવાની હૈયાધારણાં આપી હતી.

### ભાડુઆતની વિગતો પોલીસને આપવી મકાન માલિકની ફરજ

# વેરિફિકેશન વગર મકાન ભાડે આપનાર 50 મકાન માલિક સામે ગુન્હા નોંધાયા

(એજન્સી) ભાવનગર | તા.31



અસમાજીક તત્વો મકાન ભાડે રાખી ગુનાને અંજામ આપી ફરાર થઈ જતા હોવાના કારણે મકાન ભાડે આપતા પહેલા મકાન માલિકોએ સ્થાનિક પોલીસને ભાડુઆત સબંધી વિગતો આપવાનું ફરજીયાત કરાયું છે તેમ છતાં અનેક લોકો આ નિયમનું પાલન કરતા ન હોવાના કારણે તેમની સામે કડક કાર્યવાહી કરવાનું પોલીસ તંત્ર દ્વારા શરૂ કરાયું છે. આ કાર્યવાહીના ભાગ રૂપે યોજવામાં આવેલી સ્પેશિયલ ડ્રાઈવમાં ભાવનગર શહેર અને જિલ્લાનાના પોલીસ મથકો તળે કુલ મળી ૫૦ મકાન માલિકો સામે જાહેરનામા ભંગનો ગુનાં દાખલ કરવામાં આવ્યા છે. ભૂતકાળામાં અનેક ગુનેગારોએ જે શહેરમાં ગુનાને અંજામ આપ્યો હોય તેમણે ગુનો આચરવા પહેલા મકાન ભાડે રાખ્યા બાદ ગુનાને અંજામ આપ્યો હોવાનું અને ગુનો આચરી ફરાર થઈ જતા હોવાના કિસ્સા પ્રકાશમાં આવ્યા છે અને તેના કારણે આવા ગુનેગારોની ભાળ મેળવવાનું મુશ્કેલ બની જતું હોય છે.હવે કોઈ પણ મકાન માલિક મકાન ભાડે આપે તો તેમના માટે ભાડુઆત સબંધી તમામ વિગતો સ્થાનિક પોલીસને આપવા માટે ફરજીયાત બનાવાયું છે. આ નિયમ હોવા છતાં તેનું અનેક લોકો પાલન કરતા ન હોવાના કારણે પોલીસ તંત્ર દ્વારા તા.૧૩ ઓક્ટોબરથી ૨૭ ઓક્ટોબર સુધી સ્પેશિયલ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું.આ સ્પેશિયલ ડ્રાઈવ દરમિયાન , ધોધરોડ ,ગંગાજળિયા, બોરતળાવ, ભરતનગર, સિહોર, અલંગ,તળાજા અને પાલીતાણા ટાઉન પોલીસ પોલીસ મથક દ્વારા ભાડે આપનારા મકાન માલિકો વિરુદ્ધ જુંબેશ હાથ ધરી ૫૦ જેટલા મકાન માલિકો વિરુદ્ધ કેસ દાખલ કરી કાર્યવાહી હાથ ધરી છે.તદુપરાંત સ્પેશિયલ ઓપરેશન ગ્રપ દ્વારા પણ પોલીસની પરમિશન વગર મકાન ભાડે આપનાર મકાન માલિક સામે કેસ દાખલ કરવામાં આવ્યા છે.

### સીઆરપીએફનાં ઈન્સ્પેકટરને વધારે કિ.મી ફરેલી ગાડી પધરાવી દઈ મોર્ડન ઓટોનાં માલિકે છેતરપિંડી આચરતા ફરિયાદ

(એજન્સી) ગાંધીનગર | તા.31

સીઆરપીએફનાં ઈન્સ્પેક્ટરને વિશ્વાસમાં લઈ વધારે કિલો મીટર ફરેલી સેકન્ડ હેન્ડ ગાડી પધરાવી દઈ ગાંધીનગરના મોર્ડન ઓટોનાં માલિકે છેતરપિંડી આચરતા સેક્ટર - 21 પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ગાંધીનગરના લેકાવાડા સી.આર.પી.એફ કેમ્પ ખાતે રહેતા અજીતકુમાર દિનદયાલ શ્રીવાસ્તવ ચેન્નાઈમાં ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવે છે. ગત તા. 29 મે 2023 ના રોજ અજીતકુમાર સેકન્ડ હેન્ડ ગાડી ખરીદવા માટે સેકટર - 23 ખાતે આવેલ મોર્ડન ઓટોનાં માલિક નિખિલને મળ્યા હતા. બાદમાં નિખિલે ઓછી ફરેલી ગાડી સારી કંડીશનમાં આપવાની વાત કરી વેગેનાર ગાડી બતાવી હતી. જે માત્ર 76 હજાર 311 કિલો મીટર ફરેલી હતી. ઓછી ફરેલ ગાડી સારી કિંમતમાં મળી રહેતી હોવાથી અજીતકુમારે રૂ. 3 લાખ 91 હજારમાં ગાડી ખરીદી લીધી હતી. અને એકાદ વર્ષ સુધી ગાડી ફરાવી હતી.જે પછીથી ગાડીમાંથી અવાજ આવવાનું શરૂ થઈ ગયું હતું. જેનાં પગલે અજીતકુમાર ગાડી લઈને ખાનગી ઓટો કંપનીમાં ગાડી બતાવી હતી. ત્યારે મિકેનિક દ્વારા ગાડીની તપાસ કરતા માલુમ પડયું હતું કે, નિખિલે આપેલી ગાડી તો 1 લાખ 72 હજાર 219 કિલોમીટર ફરી ચૂકી છે. જેથી તેઓ તુરંત નિખિલ પાસે ગયા હતા. પરંતુ તેણે કોઈ સંતોષકારક જવાબ આપ્યો ન હતો. બાદમાં અજીતકુમારે ખાનગી ઓટો કંપનીમાં રૂ. 19 હજાર 544 ખર્ચીને ગાડી રીપેર કરાવી હતી.

### પ્રેમિકા સાથે સબંધો તોડવાની અદાવત રાખી મિત્રનું ઘરેથી અપહરણ કરી માર મારી હત્યા કરી

(એજન્સી) કલોલ | તા.31

કલોલમાં રહેતા આરોપી શૈલેષ દેસાઈને એક મહિલા સાથે અફેર ચાલતો હતો. તે તોડવામાં કલોલ પંચવટી વિસ્તારમાં આવેલા વૃંદાવન રેસીડેન્સી રહેતા તેમના મિત્ર શૈલેષભાઈ નાયકનો હાથ હોવાની અદાવત રાખી આરોપી શૈલેષ મફાભાઈ દેસાઈએ તેના મિત્ર શૈલેષ નાયકને ગઈકાલ રાત્રે 10:30 વાગ્યે ફોન કરી તેમના ઘરે નીચે બોલાવી આરોપી તેઓને તેની સાથે કલોલ નવજીવન મીલ કમ્પાઉન્ડમાં આવેલા SBI બેન્ક પાસેના ખાંચામાં શૈલેષ મફાભાઈ દેસાઈ તેમજ તેના સાગરીતો લાવેલા અને શૈલેષભાઈ ઈશ્વરભાઈ નાયકને પ્રેમિકા સાથે આરોપીના પ્રેમસંબંધ તે કેમ તોડાવ્યા છે. તેમ કહીં અપશબ્દો બોલી ઝઘડો કરી હથિયારો વડે સખત માર મારી મોતને ઘાટ ઉતારી દેવાની ઘટના સામે આવી છે.કલોલ શહેરમાં પંચવટી વિસ્તારમાં આવેલા વૃંદાવન રસિડેન્સીમાં રહેતા નાયક શૈલેષભાઈ ઈશ્વરભાઈ નાયક ગઈકાલ રાત્રે 10:15 કલાકે તેમના ઘરે હતા. તે સમયે તેમની પુત્રીના મોબાઈલ પર કલોલમાં રહેતા તેમના મિત્ર શૈલેષ માફાભાઈ દેસાઈનો ફોન આવેલો અને જણાવ્યું હતું કે, તારા પપ્પા સાથે વાત કરાવ આથી તેમની પુત્રી શૈલેષભાઈ નાયકને ફોન આપ્યો હતો અને તેમની સાથે વાત કરી હતી. થોડીવાર પછી ફરી શૈલેષભાઈ નાયકના ફોન પર આરોપી શૈલેષ દેસાઈએ ફોન કરેલો કે, હું નીચે આવી ગયો છું તું નીચે આવ આથી 10:30 વાગ્યાની આસપાસ શૈલેષભાઈ નાયક તેમના ઘરેથી આરોપી શૈલેષ મફાભાઈ દેસાઈ સાથે બહાર ગયા હતા.

### દિવાળીના તહેવારોમાં ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરનાર વાહન ચાલકને પાવતીની જગ્યાએ પોલીસ ફુલ આપશે

(એજન્સી) ગાંધીનગર | તા.31

ગુજરાત પોલીસ દ્વારા દિવાળીના તહેવારો દરમિયાન રાજ્યભરમાં ટ્રાફિક અવેરનેસ માટે એક નવતર અભિગમ અપનાવવામાં આવ્યો છે. આ તહેવારોમાં અલગ અલગ માર્કેટ પ્લેસ, હાઈવે કે વિવિધ સર્કલ ઉપર ઉભી રહેતી પોલીસ 'પાવતી બુક' લઈને નહિ, પરંતુ ફુલ અને ટ્રાફિક અવેરનેસ પેમ્ફલેટ લઈને ઉભેલી જોવા મળશે.ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરનાર વાહન ચાલકને પોલીસ દ્વારા ફુલ આપીને તેમણે જે નિયમનો ભંગ કરવાની ભુલ કરી છે તેનાથી તેમને તથા તેમના પરિવારને શું નુકસાન થઈ શકે છે અને માનવજીવનનુ મુલ્ય વાહનચાલકના પોતાના પરિવાર માટે કેટલુ વિશેષ છે તેની સમજ આપવામાં આવશે.દિવાળીના તહેવારો દરમિયાન રાજ્યમાં વાહનોની અવર-જવર વધુ પ્રમાણમાં રહેશે. જેથી, રાજ્યભરમાં માર્ગ સલામતિ અંતર્ગત ટ્રાફિકના નિયમોની અમલવારી કરાવવા માટે તેમજ વાહન ચાલકોમાં જાગૃતિ લાવવા ઉપરાંત માર્ગ અકસ્માતોના બનાવો ન બને અને વાહન ચાલક તેમજ તેમના પરિવારની સલામતિ જળવાય તે માટે ટ્રાફિક અવેરનેસનો આ નવતર અભિગમ અપનાવ્યો છે. તા.30મી ઓક્ટોબરથી તા. 6ઠ્ઠી નવેમ્બર દરમિયાન હેલ્મેટ, સીટ બેલ્ટ, ઓવર સ્પીડ, રોંગ સાઈટ ડ્રાઈવીંગ તેમજ લેન ભંગ સહિતના ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરતા વાહન ચાલકને તેમણે જે નિયમ ભંગ કર્યો છે તે મુજબનું અવેરનેસ પેમ્ફલેટ પોલીસ દ્વારા આપવામાં આવશે.

### દિપોત્સવી પર્વ દરમિયાન ગોહિલવાડમાં 7 કરોડથી વધુના ફટાકડા ફૂટશે

(એજન્સી) ભાવનગર | તા.31

મહાપર્વસમુહ દિપોત્સવીના તહેવારની હર્ષોલ્લાસભેર ઉજવણી થઈ રહી છે. અગાઉના વર્ષોની તુલનામાં આ વર્ષે ફટાકડાના ભાવમાં અંદાજે ૧૦ થી ૧૫ ટકાનો વધારો થયો હોવા છતાં મોંઘવારી બૂમરાણ વચ્ચે પણ લોકો અંદાજે સાતેક કરોડની કિંમતના અવનવા ફટાકડાઓ હરખભેર ફોડીને દિવાળી પર્વને વધાવવામાં આવશે. ભાવનગર શહેર અને જિલ્લાભરમાં પ્રકાશના મહાપર્વસમુહ દિપોત્સવીના તહેવારની ભારે ઉત્સાહભેર ઉજવણી કરવા માટે સૌ કોઈ મગ્ન જણાઈ રહ્યા છે. દિવાળીના પંચદિવસીય તહેવારો દરમિયાન એક એકથી ચડીયાતા અવનવા ફટાકડાઓ ફોડી ધમાકેદાર ઉજવણી કરવા માટે શહેરીજનો ખાસ કરીને બાળકો અને નવયુવાનોમાં વિશેષ ઉત્સુકતા જણાઈ રહી છે. દિવાળીના પર્વનું કાઉન્ટડાઉન શરૂ થતાની સાથે જ ભાવનગર શહેરના ગંગાજળીયા તળાવ, ઘોઘાગેટ અને જવાહર મેદાન સહિતના અનેક વિસ્તારોમાં એક એકથી ચડીયાતા અવનવા ફટાકડાઓના સ્ટોલનો જાણે કે, રાફડો ફાટયો હોય તેમ ચોતરફ ફટાકડાના વેચાણ માટે લારી ગલ્લાઓ,મંડપ, કાઉન્ટર્સ અને સ્ટોલ ખડકાઈ ગયા છે. ફટાકડાના ઉત્પાદક શિવાકાશી સહિતના શહેરોમાંથી ભાવનગરમાં ટ્રકો ભરી ભરીને ફટાકડાઓ ચારેક માસ અગાઉ સ્થાનિક ગોડાઉનમાં ખડકાઈ ગયા હતા.વિવિધ પ્રકારના સ્થાનિક રો મટીરીયલ્સ, લેબરવર્ક તેમજ ખાસ કરીને ટ્રાન્સપોર્ટેશન સહિતના ભાવ ઉંચકાતા ગત વર્ષની તુલનામાં આ વર્ષે વિવિધ બ્રાન્ડેડ ફટાકડાના ભાવમાં અંદાજે ૧૦ થી ૧૫ ટકાનો વધારો થયો હોવા છતાં તેની ડિમાન્ડમાં અને વેચાણમાં લેશમાત્ર ઘટાડો થયો નથી બલકે અંતિમ દિવસોમાં દિન પ્રતિદિન વધારો થતો જાય છે.

### પાછલા વર્ષોની સરખામણીએ ઓછા શિપ આવ્યા

# ઓક્ટોબરમાં ફરી અલંગમાં આવતા શિપની સંખ્યા ડબલ ડિઝિટમાં પહોંચી

(એજન્સી) ભાવનગર | તા.31

ગોહિલવાડની આર્થિક કરોડરજ્જૂ અલંગનો શિપ રિસાયકલિંગ ઉદ્યોગ મંદીના માહોલમાંથી પસાર થઈ રહ્યો છે. અલંગ ફરી ધમધમતુ થાય અને જિલ્લાની આર્થિક પ્રવૃત્તિ વેગવંતી બને તે માટે તમામ પક્ષકારો પ્રયાસ કરી રહ્યાં છે. વર્ષ-૨૦૨૪ના પ્રારંભથી અલંગમાં શિપની સંખ્યામાં સતત વધારો ઘટાડો થતો રહ્યો હતો. ગત સપ્ટેમ્બર માસમાં અલંગમાં માત્ર સાત શિપ જ આવ્યા હતા. જે સંખ્યા ઓક્ટોબરમાં ફરી ડબલ ડિઝિટમાં પહોંચી ગઈ છે. અલંગને ફરી ધમધમતું કરવાના પ્રયાસો જોતા પાછલા દિવસોમાં સ્થિર રહેલી ભારતની શિપ રિસાયકલિંગ ઈન્ડસ્ટ્રીમાં દિવાળી બાદ વૃદ્ધિ થાય તેવા અણસાર દેખાઈ રહ્યાં છે.

ભાવનગરની આર્થિક કરોડરજ્જૂ એવી અલંગ શિપ રિસાયકલિંગ ઈન્ડસ્ટ્રી દક્ષિણ એશિયાના દેશો પાકિસ્તાન અને બાંગ્લાદેશ સાથેની સ્પર્ધા વચ્ચે સ્થાનિક બજારમાં ઘટતી માંગ સહિતના વિવિધ પડકારોનો સામનો કરી રહ્યું છે. અલંગને ફરી ધમધમતું કરવા અને જિલ્લાની આર્થિક પ્રવૃત્તિને વેગવંતી બને તે માટે તમામ પક્ષકારો તરફથી સતત પ્રયાસો કરવામાં આવી રહ્યાં છે. વર્ષ-૨૦૨૪ના પ્રારંભથી અલંગમાં આવતા શિપોની સંખ્યામાં સતત વધારો-ઘટાડો થતો રહ્યો છે. અલંગમાં ચાલુ વર્ષે સૌથી વધારે જાન્યુઆરી માસમાં ૧૪ શિપ અને સૌથી ઓછા એપ્રીલ માસમાં ૩ શિપ આવ્યા હતા. ગત ઓગસ્ટ માસમાં અલંગમાં ૧૦ શિપ આવ્યા હતા જે બાદ સપ્ટેમ્બર માસમાં શિપની સંખ્યા ઘટીને ૭ થઈ હતી.

### ધર્મસ્થાનકોમાં મંગળા આરતીનો ઘંટારવ ગુંજી ઉઠશે

# આતશબાજીની રમઝટ સાથે દિવાળી પર્વની હર્ષોલ્લાસભેર ઉજવણી

(એજન્સી) ભાવનગર | તા.31

હર્ષોલ્લાસ અને ઉજાશના મહાપર્વ સમુહ દિપોત્સવીની પર્વમાળા અંતગર્ત આવતીકાલ તા.૩૧ ઓકટોબરને ગુરૂવારે ગોહિલવાડમાં દિવાળી પર્વની પરંપરાગત રીતે આતશબાજીની રમઝટ સાથે ઉમંગભેર રંગદર્શી માહોલમાં ઉજવણી કરવામાં આવશે.દિવાળીપર્વને અનુલક્ષીને અત્ર, તત્ર અને સર્વત્ર હર્ષોલ્લાસનો અનેરો માહોલ છવાયેલો જોવા મળી રહ્યો છે.

રોશનીની પર્વમાળા દિપોત્સવીના તહેવારની આવતીકાલ તા.૩૧ ને ગુરૂવારે ભારે હર્ષોલ્લાસભેર રંગે ચંગે ઉજવણી કરાશે. દિવાળીના તહેવાર નિમીત્તે ગોહિલવાડમાં લોકોમાં ભારે ઉત્સાહનો સંચાર જોવા મળી રહ્યો છે.તિથિના અપવાદોના કારણે મંગળવારે બપોર બાદથી લઈને બુધવારે બપોર સુધી બે દિવસ ધનતેરસ ઉજવાઈ હતી. ધનતેરસના પર્વે લોકોએ શુકનવંતા સોના,ચાંદીના આભુષણો, નવા વાહનો તેમજ ઈલેકટ્રોનિકસ ઉપકરણોની ધૂમખરીદી કરતા શોરૂમો સતત ધમધમતા રહ્યા હતા. ગૃહિણીઓએ લક્ષ્મીપુજન અને શારદાપુજન કર્યુ હતુ. આ સાથે અનેક સ્થાવર જંગમ મિલક્તની ખરીદી, વેચાણના કાર્યો પાર પડાયા હતા.જયારે ગ્રામ્ય વિસ્તારોમાં ધન અને ધાન્યની પુજાવિધિ કરાઈ હતી.આ સાથે ગૃહિણીઓ દ્વારા વિધિવત રીતે ઉમરા પૂજન કરાયુ હતુ. એટલુ જ નહિ શુભ મુર્હૂતે સોના ચાંદીના આભૂષણો, ચલણી નોટ, સંપુર્ણ મહાલક્ષ્મી યંત્ર, દુર્ગા વિસા યંત્ર, સ્ફટિકનું શ્રી યંત્ર, કુબેર યંત્ર ઉપરાંત મહાલક્ષ્મીજીના સ્થાયી પ્રતિક પીન, કોડી, ગોમતીચક્ર, કમળકાકડી, શ્રીપર્ણી, દક્ષિણાવર્તી શંખ, મોતીશંખ, કનકધારા, સર્વસિધ્ધિદાયક લક્ષ્મીયંત્ર તેમજ સ્વસ્તિકના પ્રતિકની પ્રતિષ્ઠા કરી વિધિવિધાન સાથે વિશેષ પૂજન અર્ચન કરાયુ હતુ.અનેક પરિવારો દ્વારા ઘરે ઘરે કુમારિકાઓના કંકુપગલા કરી વિધિવત પૂજન કરાયુ હતુ.સાંજે ધર્મદિપદાન કરાયુ હતુ. શહેરના વોરાબજારમાં આવેલા શ્રીમાળી બ્રાહ્મણ જ્ઞાતિ દ્વારા સંચાલિત પૌરાણિક મહાલક્ષ્મી માતાજીના મંદિરે માતાજીની વિશેષ મહાપૂજા કરાઈ હતી. આ અવસરે માતાજીની સોનાની મૂર્તિ અભિષેક માટે ગર્ભગૃહમાંથી બહાર મંદિરના ચોકમાં લાવવામાં આવી હતી. આજયારે સાંજના અરસામાં કાળી ચૌદશના પર્વે મંત્ર અને તંત્રની સાધના કરાઈ હતી.


### સિહોર નગરપાલિકાના 250 થી વધુ કર્મીને પગારના ફાંફાં, દિવાળી બગડી

સિહોર : સિહોર નગરપાલિકામાં ફરજ બજાવતા ૨૫૦થી વધુ કર્મચારીઓને દિવાળીના ગણતરીના કલાકો પહેલા પણ પગારના ફાંફાં હોવાથી તેમની અને તેઓના પરિવારની દિવાળી બગડી છે. બે દિવસ પૂર્વે એડવાન્સ પગાર, બોનસ, એરિયર્સ ચૂકવણી અંગે ઉગ્ર રજૂઆત કરવા છતાં નાના કર્મચારીઓની માંગણીની કોઈએ દરકાર લીધી ન હોવાથી કામદારોમાં ભારે રોષની લાગણી પ્રવર્તી છે. રાજ્ય સરકાર દ્વારા સરકારી તેમજ કોન્ટ્રાક્ટ બેઈઝ ઉપર ફરજ બજાવતા કર્મચારીઓને એડવાન્સ પગાર ચૂકવી દેવામાં આવ્યો હતો. પરંતુ સિહોર નગરપાલિકામાં સફાઈ કામદારો તેમજ સેનેટરી, ડ્રેનેજ, રોશની વિભાગ અને ઓફિસમાં ફરજ બજાવતા આશરે ૨૫૦થી ૨૬૦ જેટલા કર્મચારીઓને એડવાન્સ પગાર, બોનસ કે એરિયર્સની રકમ ચૂકવવામાં આવી ન હતી. જેના કારણે દિવાળીના તહેવારની ઉજવણી કેમ કરવી ? તેની મૂંઝવણમાં કર્મચારીઓ મુકાયા હતા. ઘણાં કર્મચારી તો એવા પણ છે, જેમના ઉપર તેમનું ઘર નભે છે.

## આપનો આજનો દિવસ




**મેષ (અ,લ,ઇ)**
આજે તમે દિવસભર કોઈ ને કોઈ કામમાં વ્યસ્ત રહેશો અને સમય અનુસાર તમારા કામનું આયોજન પણ કરશો.



**વૃષભ (બ,વ,ઉ)**
તમે તમારી અંદર આત્મવિશ્વાસ અને નવી ઉર્જાનો અનુભવ કરશો. સરકારી સંપર્કો પણ તમારા માટે ફાયદાકારક સાબિત થશે.



**મિથુન (ક,છ,ઘ)**
મામલો પેન્ડિંગ હોય તો તે આજે કોઈ પ્રભાવશાળી વ્યક્તિની મદદથી પૂર્ણ થઈ શકે છે. આજનો દિવસ તમને સફળતા અપાવવાનો છે.




**કર્ક (ડ,હ)**
નજીકના મિત્રોને મળવા અને મોજ-મસ્તી કરવામાં તમારો સમય સારો રહેશે. સકારાત્મક લોકોની સંગત તમારા વ્યક્તિત્વને વધુ નિખારશે.



**સિંહ (મ,ટ)**
તમારે તમારી ઉર્જા ભેગી કરવાની અને ફરીથી નવી નીતિઓ બનાવવાની જરૂર છે. તમે તમારા મનોબળ દ્વારા સકારાત્મક પરિણામો પ્રાપ્ત કરી શકો છો.



**કન્યા (પ,ઠ,ણ)**
પારિવારિક જીવનમાં કોઈ કડક પગલું ભરવાથી ઉદ્દેશ્ય ઉકેલાઈ જશે. કેટલાક રાજકીય લોકો સાથે મુલાકાત ભવિષ્ય માટે ફાયદાકારક સાબિત થશે.




**તુલા (ર,ત)**
દિવસ સામાન્ય રહેશે. પરંતુ તમારા પ્રયત્નો અને સમયની મર્યાદાથી પ્રવૃત્તિઓ વ્યવસ્થિત રહેશે. તેનાથી બાળકોમાં આત્મવિશ્વાસ પણ વધશે.



**વૃશ્ચિક (ન,ય)**
નજીકના સંબંધોમાં છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલી ફરિયાદોને ઉકેલવા માટે આ સારો સમય છે. લોકોની સામે તમારી સારી છબી પણ બનશે.



**ધન (ભ,ધ,ફ)**
કોઈ મૂંઝવણ કે શંકાના કિસ્સામાં વરિષ્ઠ લોકોની સલાહ લેવી ફાયદાકારક રહેશે. દિવસ વ્યવસ્થિત રીતે પસાર થશે અને બધા કામ સમયસર પૂરા થશે.



**મકર (ખ,જ)**
વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક કાર્યોમાં સફળતા મળવાની સંભાવના છે, પરિવાર સાથે કોઈ ધાર્મિક સ્થળ પર જવાનો કાર્યક્રમ પણ બની શકે છે.



**કુંભ (ગ,શ,સ)**
કોઈ કામના સંબંધમાં નજીકના પ્રવાસની યોજના બનશે. તમે તમારા આત્મવિશ્વાસ અને કાર્ય ક્ષમતા દ્વારા પરિસ્થિતિને વધુ સુધારવાનો પ્રયાસ કરશો.



**મીન (દ,ચ,ઝ,થ)**
પરિવારની કોઈપણ સમસ્યા તમારી બુદ્ધિમત્તાથી હલ થઈ જશે. આ તહેવાર તમારા માટે કેટલીક વિશેષ સિદ્ધિઓ પણ લઈને આવવાનો છે.

# આ દિવાળીએ સોના-ચાંદીની ખરીદી 30 ટકા સુધી ઘટી, અંદાજ કરતાં ઘરાકી અડધી રહી

(એજન્સી) મુંબઈ | તા 31

સોના-ચાંદીના રેકોર્ડ ઊંચા ભાવોના કારણે આ વર્ષે ધનતેરસ અને દિવાળી નિમિત્તે કિંમતી ધાતુ બજારમાં માહોલ શુષ્ક રહ્યો છે. ધનતેરસના દિવસે સોના-ચાંદીની સરેરાશ ખરીદી ગતવર્ષની તુલનાએ 30 ટકા ઘટી છે. ઈન્ડિયન બુલિયન જ્વેલર્સ એસોસિએશન મુજબ, આ વર્ષે 35 ટન સોનુ વેચાયુ છે. જે ગતવર્ષે 42 ટન હતું. જો કે, ચાંદીના વેચાણ ગતવર્ષની તુલનાએ 30 ટકા વધ્યા છે. કન્ફડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સે આ વર્ષે ધનતેરસે દેશભરમાં સોના-ચાંદીનો રૂ. 60 હજાર કરોડનો વેપાર થવાનો અંદાજ મૂક્યો હતો. જે દિવાળી સુધી વધી રૂ. 1 લાખ થવાની સંભાવના હતી. આ વખતે બે દિવસ સુધી ધનતેરસની ઊજવણી થઈ હોવા છતાં ઘરાકી અંદાજ કરતાં અડધાથી પણ વધુ ઓછી રહી છે. અમદાવાદ બુલિયન બજારમાં ધનતેરસથી



સોના-ચાંદીના ભાવમાં ઉછાળો જોવા મળ્યો છે. ગઈકાલે સોનું રૂ. 800 વધી રૂ. 82300 પ્રતિ 10 ગ્રામની નવી સર્વોચ્ચ ટોચે પહોંચ્યું હતું. ચાંદી રૂ. 1500 ઉછળી રૂ. 99000 પ્રતિ કિગ્રા પર ક્વોટ થઈ રહી હતી. ધનતેરસથી અત્યારસુધીમાં સોનામાં રૂ. 1300 અને ચાંદીમાં રૂ. 2000નો ઉછાળો નોંધાઈ ચૂક્યો છે. આ વર્ષે સોના-ચાંદીના ઊંચા ભાવોના કારણે જથ્થાની દ્રષ્ટિએ વેચાણ ઘટ્યું છે. પરંતુ મૂલ્યની દ્રષ્ટિએ આંકડો નોંધનીય છે. આ વર્ષે ધનતેરસથી અત્યારસુધીમાં કુલ રૂ. 22500 કરોડના સોના-ચાંદી વેચાઈ ચૂક્યા છે. જેમાં એક દિવસમાં જ રૂ. 20 હજાર કરોડનું સોનુ ખરીદ્યુ છે. ચાંદી હાલમાં જ રૂ. 1 લાખ પ્રતિ કિગ્રાના સર્વોચ્ચ સ્તરે પહોંચી હતી. જેને ધ્યાનમાં લેતાં કોમોડિટી નિષ્ણાતોએ આગામી છ થી 12 માસમાં ચાંદી રૂ. 1.50 લાખ પ્રતિ કિગ્રાના લેવલે પહોંચવાનો આશાવાદ દર્શાવ્યો છે. આ તેજીના કારણે સોના કરતાં ચાંદીની માંગ 30 ટકા વધી છે. ધનતેરસના દિવસે રૂ.2500 કરોડની ચાંદી વેચાઈ હોવાનો અંદાજ છે. રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (RBI)એ પણ ધનતેરસના અવસર પર લંડનથી 102 ટન સોનું ભારત શિફ્ટ કરી દીધું છે. સપ્ટેમ્બરના અંતમાં RBI પાસે કુલ 855 ટન સોનું હતું, જે પૈકી 510.5 ટન સોનું દેશમાં છે. બાકીનું સોનું ઈંગ્લેન્ડના ગોલ્ડ લોકરમાં સુરક્ષિત છે.

# ભારતીય શેરબજારમાં દિવાળીના દિવસે હૈયા હોળી, સેન્સેક્સમાં મોટું ગાબડું

(એજન્સી) મુંબઈ | તા 31

ભારતીય શેરબજાર આજે એટલે કે, 31 ઑક્ટોબરે ગુરુવારે રેડ ઝોનમાં બંધ થયું હતું. સવારે પણ માર્કેટ 100થી વધુ પોઈન્ટ ઘટીને ખુલ્યું હતું. ભારતીય શેરબજારમાં આજે દિવાળીના દિવસે જ મોટો ઘટાડો જોવા મળ્યો હતો.

સેન્સેક્સ 553 પોઈન્ટ ઘટીને 79,389 પર બંધ રહ્યો હતો. આ સમયે, નિફ્ટી પણ 135 પોઈન્ટ ઘટીને 24,205ના લેવલ ઉપર બંધ થયો હતો. સેન્સેક્સના 30 શેરોમાંથી 22માં ઘટાડો અને 8માં વધારો જોવા મળ્યો હતો. નિફ્ટીના 50 શેરોમાંથી 34 શેર ઘટ્યા અને 16 શેર વધ્યા. બુધવારે માર્કેટ કડાકા સાથે બંધ થયું બુધવારે શેરબજાર લાલ



નિશાનમાં બંધ થયું હતું. વૈશ્વિક બજારોમાં નબળા વલણ વચ્ચે બેંક અને નાણાકીય શેરોમાં વેચવાલીથી બજાર નુકસાન સાથે બંધ થયું હતું. સેન્સેક્સ 426.85 પોઈન્ટ અથવા 0.53 ટકા ઘટીને 79,942.18 પોઈન્ટ પર બંધ થયો હતો અને નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી પણ 126 પોઈન્ટ અથવા 0.51 ટકા ઘટીને 24,340.85 પોઈન્ટ પર બંધ થયો હતો.

NEWS BRIEF

## યુદ્ધમાં ઘેરાયેલું છે ઇઝરાયેલ, છતાં રોકાણકારોને બખ્ખાં, એક વર્ષમાં 111 ટકા વધ્યું ઈઝરાયેલનું શેર માર્કેટ

મુંબઈ। ત્રણ દેશો સાથે એકસાથે સીધું યુદ્ધ લડી રહેલા ઈઝરાયેલનું શેર માર્કેટ 7 ઓક્ટોબર, 2023ના રોજ થયેલા હુમલા બાદથી 111 ટકા વધ્યું છે. મતલબ કે ત્યાં માર્કેટને નુકસાન થવાને બદલે યુદ્ધથી ફાયદો થયો છે. ઈઝરાયેલના સ્ટોક માર્કેટનું નામ BURSA છે, જે તેલ અવીવમાં આવેલું છે. તેના સ્ટોક એક્સચેન્જનું નામ TASE (Tel Aviv Stock Exchange) છે, જેની શરૂઆત 1953માં થઈ હતી. જેમાં 473 કંપનીઓનું ટ્રેડિંગ થાય છે. 7 ઓક્ટોબર, 2023ના રોજ ઈઝરાયેલ પર આતંકી સંગઠન હમાસે હુમલો કર્યો હતો. હુમલા બાદ જ્યારે 8 ઓક્ટોબરે માર્કેટ ખુલ્યું ત્યારે માર્કેટમાં ઘટાડો નોંધાયો હતો અને 2080 પોઈન્ટ પર ખુલ્યું હતું અને 8.5 ટકાના ઘટાડા સાથે 1990 પર બંધ થયું હતું. જ્યારે 5 ઓક્ટોબરે 2164 પર માર્કેટ બંધ થયું હતું. 6 અને 7 ઓક્ટોબરે માર્કેટ બંધ હતું. 8 ઓક્ટોબરના ઘટડા બાદ 9 અને 10 ઓક્ટોબરે માર્કેટમાં સુધારો જોવા મળ્યો હતો. જો કે, 20 નવેમ્બર, 2023 સુધી માર્કેટે 2000નો આંક પાર કર્યો નહોતો. 21 નવેમ્બર, 2023થી માર્કેટમાં સતત તેજી જોવા મળી હતી અને આજે એટલે કે 30 ઓક્ટોબર, 2024ના રોજ માર્કેટ 3780 પર બંધ થયું હતું, એટલે કે માર્કેટમાં 65 ટકાનો વધારો થયો હતો. હુમલા બાદ ઈઝરાયેલનું શેર માર્કેટ એક વર્ષમાં માત્ર 2 મહિના જ માર્કેટમાં બંધ થયું હતું. જેમાં ડિસેમ્બર 2023માં 7 ટકા અને એપ્રિલ 2024માં લગભગ 3.5 ટકા માર્કેટ ઘટાડા સાથે બંધ થયું હતું.

## રોકાણકારો માલામાલ ! 55 પર આવ્યો હતો IPO

મુંબઈ। શેરબજારમાં આવા ઘણા IPO છે જેણે રોકાણકારોને એક વર્ષથી ઓછા સમયમાં મલ્ટિબેગર વળતર આપ્યું છે. આવો જ એક આઈપીઓ જ્વેલરી કંપનીનો છે. આ IPO એક વર્ષથી ઓછા સમયમાં 400 ટકાથી વધુ વધ્યો છે. તમને જણાવી દઈએ કે આ IPO ડિસેમ્બર 2023માં BSE અને NSE પર લિસ્ટ થયો હતો. આ જ્વેલર્સનો IPO ડિસેમ્બર 2023માં NSE પર 98 ટકા પ્રીમિયમ અને BSE પર 89 ટકા પ્રીમિયમ પર લિસ્ટ થયો હતો. તમને જણાવી દઈએ કે IPOની ઈશ્યૂ કિંમત 55 હતી. લિસ્ટિંગ 100 રૂપિયાને પાર કરી ગયું હતું. હાલમાં શેરની કિંમત 290 રૂપિયા છે. આ સંદર્ભમાં, આ IPO ઈશ્યૂ કિંમતની સરખામણીમાં 430 ટકા વધ્યો છે. 1 ઓક્ટોબર, 2024ના રોજ મોટિસન જ્વેલર્સના સ્ટોકનો ઓલ-ટાઈમ હાઈ 329.90 હતો. તે જ સમયે, સ્ટોક 29 ડિસેમ્બર, 2023 ના રોજ તેની 52-સપ્તાહની નીચી સપાટી 87.10 પર પહોંચ્યો હતો અને ત્યારથી તેમાં 230 ટકાનો વધારો થયો છે.વર્ષ 2024માં અત્યાર સુધીમાં મોટિસન્સ જ્વેલર્સનો હિસ્સો 191 ટકાથી વધુ વધ્યો છે. તેણે અત્યાર સુધીમાં 10 માંથી પાંચ મહિનામાં સકારાત્મક વળતર આપ્યું છે. સતત બે મહિનાની વૃદ્ધિ બાદ ઓક્ટોબરમાં તેમાં 6 ટકાથી વધુનો ઘટાડો થયો છે.

## સેન્સેક્સ 427 પોઈન્ટ ગબડી 79942 : સ્મોલ કેપ શેરોમાં વેલ્યુબાઈંગ

મુંબઈ | સંવત ૨૦૮૦ પૂરું થવામાં છે, ત્યારે ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરો (એફપીઆઈઝ)ની ભારતીય શેર બજારોમાં સતત વેચીને થઈ રહેલી એક્ઝિટના પરિણામે બજારમાં વિશ્વાસ ડગમગવા લાગી આજે ફંડો સાથે મહારથીઓએ ફરી બેંકિંગ-ફાઈનાન્સ શેરોમાં ઉછાળે વેચવાલ બનતાં અને આઈટી-સોફ્ટવેર સર્વિસિઝ, ટેકનોલોજી તેમ જ કન્ઝયુમર ડ્યુરેબલ્સ, મેટલ-માઈનીંગ, ઓઈલ-ગેસ શેરોમાં પણ તેજીનો વેપાર હળવો કરતાં સેન્ટીમેન્ટ ખરડાયું હતું. ગુગલની પેરન્ટ આલ્ફાબેટની કામગીરી પાછળ ગઈકાલે નાસ્દાક શેર બજારમાં તેજી અને ઈઝરાયેલ દ્વારા લેબનોનમાં હિઝબુલ્લાહને નબળું પાડયા બાદ યુદ્ધ વિરામના સંકેત છતાં આજે વૈશ્વિક બજારોમાં એશીયા, યુરોપના બજારોમાં નરમાઈ પાછળ શેરોમાં સાવચેતીમાં સેન્સેક્સ, નિફટી બેઝડ બજાર ફરી ઘટી આવ્યું હતું. જો કે સ્મોલ કેપ શેરોમાં આજે ફરી ઓપરેટરો, લોકલ ફંડોનું ઘણા શેરોમાં વેલ્યુબાઈંગ થયું હતું. આ સાથે કેપિટલ ગુડઝ શેરો તેમ જ એફએમસીજી શેરોમાં આકર્ષણે મોટું ધોવાણ અટક્યું હતું. સેન્સેક્સ ૪૨૬.૮૫ પોઈન્ટ ગબડીને ૭૯૯૪૨.૧૮ અને નિફટી ૫૦ સ્પોટ ઈન્ડેક્સ ૧૨૬ પોઈન્ટ ઘટીને ૨૪૩૪૦.૮૦ બંધ રહ્યો હતો.

# દેશના લાખો પેન્શનરોને કેન્દ્ર સરકારની Diwali ગિફ્ટ

(એજન્સી) મુંબઈ I તા. 31

કેન્દ્ર સરકારે દેશના લાખો પેન્શનધારકોને દિવાળીની ભેટ આપી છે. સરકારે બુધવારે પેન્શનરોને મોંઘવારી રાહતનો વધારાનો હપ્તો આપવાનો આદેશ જાહેર કર્યો છે. 16 ઓક્ટોબરે કેન્દ્રીય કેબિનેટે કેન્દ્ર સરકારના કર્મચારીઓ તેમજ પેન્શનરોને ત્રણ ટકા મોંઘવારી ભથ્થું (DA) અને મોંઘવારી રાહત (DR)ના વધારાના હપ્તાને મંજૂરી આપી હતી. કેન્દ્ર સરકારે દેશના લાખો પેન્શનધારકોને દિવાળીની ભેટ આપી છે. સરકારે બુધવારે પેન્શનરોને મોંઘવારી રાહતનો વધારાનો હપ્તો આપવાનો આદેશ જાહેર કર્યો છે. 16 ઓક્ટોબરે કેન્દ્રીય કેબિનેટે કેન્દ્ર સરકારના કર્મચારીઓ તેમજ



પેન્શનરોને ત્રણ ટકા મોંઘવારી ભથ્થું (DA) અને મોંઘવારી રાહત (DR)ના વધારાના હપ્તાને મંજૂરી આપી હતી.

આ વધારો 1 જુલાઈ, 2024થી કરવામાં આવ્યો હતો. આવો તમને એ પણ જણાવીએ કે સરકાર દ્વારા કેવા પ્રકારનો આદેશ આપવામાં આવ્યો છે.

કર્મચારી મંત્રાલયે નિવેદનમાં જણાવ્યું છે કે પેન્શન અને પેન્શનર્સ કલ્યાણ વિભાગે 30 ઓક્ટોબર, 2024ના રોજ તમામ કેન્દ્ર સરકારના પેન્શનરો/પરિવાર પેન્શનરો માટે એક આદેશ જાહેર કર્યો છે. નિવેદન અનુસાર, હવે ફેમિલી પેન્શનરો સહિત કેન્દ્ર સરકારના પેન્શનરો મોંઘવારી ભથ્થા અને મોંઘવારી રાહતની વધુ રકમ મેળવવા માટે હકદાર છે.

આ હેઠળ, તેમને તેમના મૂળભૂત પેન્શન/ફેમિલી પેન્શનના 50 ટકાને બદલે 53 ટકા મોંઘવારી ભથ્થું અને મોંઘવારી રાહત મળશે. આ વધારો 1 જુલાઈથી લાગુ થશે. એટલે કે પેન્શનધારકોને છેલ્લા ચાર મહિનાથી વધેલા ભથ્થાને કારણે બાકી રકમ મળશે. હાલમાં દેશમાં કેન્દ્ર સરકારમાંથી નિવૃત્ત થયેલા પેન્શનરોની સંખ્યા 65 લાખની આસપાસ છે. મોંઘવારી ભથ્થા અને મોંઘવારી રાહતમાં વધારાને કારણે કેન્દ્ર સરકાર પર 9448 કરોડ રૂપિયાનો બોજ વધશે. 16 ઓક્ટોબરે કેબિનેટના નિર્ણય બાદ કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે માહિતી આપતા કહ્યું હતું કે સરકારે કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને પેન્શનરોના મોંઘવારી ભથ્થા અને મોંઘવારી રાહતમાં વધારો કર્યો છે. આ વધારો 3 ટકા થયો છે. જે બાદ મોંઘવારી ભથ્થું અને મોંઘવારી રાહત 50 ટકાથી વધીને 53 ટકા થઈ ગઈ છે.

# 500 રૂપિયાથી વધારે વધશે ટાટાનો આ શેર, કંપનીના નફામાં મોટો ઉછાળો

(એજન્સી) મુંબઈ | તા 31

સપ્ટેમ્બર ક્વાર્ટરમાં ટાટાની આ કંપનીનો ચોખ્ખો નફો લગભગ આઠ ટકા વધીને 1,093.08 કરોડ રૂપિયા થયો છે. ગયા નાણાકીય વર્ષના સમાન ત્રિમાસિક ગાળામાં કંપનીએ 1,017.41 કરોડ રૂપિયાનો નફો કર્યો હતો. ટાટા ગ્રુપની આ કંપનીએ તેના સપ્ટેમ્બર ક્વાર્ટરના પરિણામો જાહેર કર્યા છે. આ સતત 20મું ક્વાર્ટર છે જ્યારે કંપની નફાકારક રહી છે. ટાટા ગ્રુપની આ કંપનીએ તેના સપ્ટેમ્બર ક્વાર્ટરના પરિણામો જાહેર કર્યા છે. આ સતત 20મું ક્વાર્ટર છે જ્યારે કંપની નફાકારક રહી છે. આ દરમિયાન, નિષ્ણાતોએ ટાટાના શેર માટે એક વર્ષનો ટારગેટ પ્રાઈસ 527 રૂપિયા નક્કી કરી છે. તમને જણાવી દઈએ કે BSE ઈન્ડેક્સ પર ટાટાનો આ શેર 427.15 રૂપિયા પર છે. ટાટા ગ્રુપની આ કંપનીએ તેના સપ્ટેમ્બર ક્વાર્ટરના પરિણામો જાહેર કર્યા છે. આ સતત 20મું ક્વાર્ટર છે જ્યારે કંપની નફાકારક રહી છે. આ દરમિયાન, નિષ્ણાતોએ ટાટાના શેર માટે એક વર્ષનો ટારગેટ પ્રાઈસ 527 રૂપિયા નક્કી કરી છે. તમને જણાવી દઈએ કે BSE ઈન્ડેક્સ પર ટાટાનો આ શેર 427.15 રૂપિયા પર છે. સપ્ટેમ્બર ક્વાર્ટરમાં ટાટા પાવરનો ચોખ્ખો નફો લગભગ આઠ ટકા વધીને રૂ. 1,093.08 કરોડ થયો છે.

# આ કંપનીએ રોકાણકારોને આપી દિવાળી ગીફ્ટ, આપશે 275% ડિવિડન્ડ

(એજન્સી) મુંબઈ | તા 31

ડાબર કંપનીએ ચાલુ બિઝનેસ વર્ષના બીજા ક્વાર્ટરના પરિણામો જાહેર કર્યા છે. કંપનીએ માહિતી આપી છે કે બોર્ડે રોકાણકારો માટે ડિવિડન્ડને મંજૂરી આપી દીધી છે. એક્સચેન્જ ફાઈલિંગ અનુસાર, ડાબરના બોર્ડે પરિણામોની સાથે રોકાણકારો માટે પ્રતિ શેર રૂ. 2.75ના ડિવિડન્ડની જાહેરાત કરી છે. કંપનીના બોર્ડ



ઓફ ડિરેક્ટર્સે નાણાકીય વર્ષ 2024 માટે રૂ. 1 ના ફેસ વેલ્યુના પ્રત્યેક ઈક્વિટી શેર પર રૂ. 2.75 ના ડિવિડન્ડને મંજૂરી આપી છે,કંપનીએ 275 ટકા ડિવિડન્ડ આપવાનું નક્કી કર્યું છે.' એક્સચેન્જના જણાવ્યા અનુસાર, કંપનીએ 16 ઓક્ટોબર, 2024ના તેના પત્ર દ્વારા સ્ટોક એક્સચેન્જોને પહેલેથી જ જાણ કરી દીધી છે કે રેકોર્ડ ડેટ નવેમ્બર 08, 2024 નક્કી કરવામાં આવી છે.' કંપનીએ કહ્યું કે ડિવિડન્ડની રકમ 22 નવેમ્બર, 2024 સુધીમાં રોકાણકારોના ખાતામાં જમા થઈ જશે. જો આપણે કંપનીના ડિવિડન્ડ ઈતિહાસ પર નજર કરીએ તો અત્યાર સુધીમાં રોકાણકારોને 40 વખત ડિવિડન્ડ આપવામાં આવ્યું છે. અગાઉ, કંપનીએ 19 જુલાઈ, 2024ના રોજ રૂ. 2.75, 10 નવેમ્બર, 2023ના રોજ રૂ. 2.75 અને 21 જુલાઈ, 2023ના રોજ રૂ. 2.70નું ડિવિડન્ડ આપ્યું હતું.

# વિશ્લેષકોએ નિફ્ટી EPS વૃદ્ધિનો અંદાજ 10% થી ઘટાડીને 2.5% કર્યો

(એજન્સી) મુંબઈ | તા 31

નાણાકીય વર્ષ ૨૦૨૫ ના બીજા ત્રિમાસિક ગાળામાં (જુલાઈ-સપ્ટેમ્બર) કંપનીઓની કમાણી અપેક્ષા મુજબ ન હોવાથી વિશ્લેષકો હવે નિફ્ટી ૫૦ કંપનીઓની આવક વૃદ્ધિના અંદાજમાં ઘટાડો કરી રહ્યા છે. વિશ્લેષકોની સર્વસંમતિએ નિફ્ટી માટે શેરદીઠ કમાણી (ઈપીએસ) વૃદ્ધિ ૧૦ ટકાથી ઘટાડીને ૨.૫ ટકા કરી છે. વિશ્લેષકો અપેક્ષા રાખે છે કે નિફ્ટી ૫૦ કંપનીઓ નાણાકીય વર્ષ ૨૦૨૫નો અંત રૂ. ૧,૦૦૦ના ઈપીએસ સાથે કરશે જે નાણાકીય વર્ષ ૨૦૨૪માં રૂ. ૯૭૭ હતો. એક મહિના પહેલા, નાણાકીય વર્ષ ૨૦૨૫ માટે ઈપીએસ અંદાજ આશરે રૂ. ૧,૧૦૦ હતો. સપ્ટેમ્બર ક્વાર્ટરના પરિણામો પહેલા નાણાકીય વર્ષ ૨૦૨૬ માટે શેર દીઠ કમાણીનો અંદાજ રૂ. ૧,૨૪૪ હતો, જે હવે ઘટાડીને રૂ. ૧,૧૪૩



કરવામાં આવ્યો છે. વિવિધ બ્રોકરેજના અંદાજો થોડો બદલાઈ શકે છે. અત્યાર સુધીમાં ૨૭ નિફ્ટી કંપનીઓએ તેમના પરિણામો જાહેર કર્યા છે, જેમાંથી ૧૪ કંપનીઓની આવક અને નફો અંદાજ મુજબ નથી. નાણાકીય વર્ષ ૨૦૨૫ના બીજા ત્રિમાસિક ગાળાના પરિણામો અપેક્ષા કરતાં ઓછા હતા અને વપરાશમાં કંપની મેનેજમેન્ટના નિવેદનોમાં નરમાઈ દર્શાવે છે આને ધ્યાનમાં રાખીને, નિફ્ટી ૫૦ ઈન્ડેક્સમાં સમાવિષ્ટ શેરોના કમાણીના અંદાજમાં ઘટાડો કરવામાં આવ્યો છે. આને ધ્યાનમાં રાખીને, વિશ્લેષકો હાલમાં નાણાકીય વર્ષ ૨૦૨૫માં નિફ્ટી ૫૦ ઈન્ડેક્સ કંપનીઓના નફામાં ૫ ટકા અને નાણાકીય વર્ષ ૨૦૨૬માં ૧૭ ટકા વૃદ્ધિની અપેક્ષા રાખીએ છીએ. કંપનીઓના નબળા પરિણામોની અસર પણ બજારમાં જોવા મળી રહી છે. આનાથી ધીમે ધીમે વેલ્યુએશન પણ બદલાશે.

# ત્રણ દિવસથી રોકેટની જેમ વધી રહ્યો છે આ સ્ટોક, એક્સપર્ટે કહ્યું ખરીદો

(એજન્સી) મુંબઈ | તા 31

શેરબજારમાં આવેલા મોટા ઘટાડા વચ્ચે બુધવારે કેટલાક શેરોમાં તોફાની ઉછાળો જોવા મળ્યો હતો. આવો જ એક શેર આ કંપનીનો છે. આ કંપનીનો શેર બુધવારે ઈન્ટ્રા-ડે ટ્રેડમાં BSE પર 9 ટકાના ઉછાળા સાથે 1,987.40 રૂપિયાની નવી ટોચે પહોંચ્યો હતો. BSE પર જૂનના રૂ. 1,014ના નીચા સ્તરેથી સ્ટોક 96 ટકા ઊછળ્યો છે. એમી ઓર્ગેનિક્સનો શેર છેલ્લા કેટલાક દિવસોથી વધી રહ્યો છે. સપ્ટેમ્બર ક્વાર્ટરના ઉત્તમ ત્રિમાસિક પરિણામો બાદ આ વધારો થયો છે. આ ફાર્માસ્યુટિકલ કંપનીના સ્ટોકમાં ત્રણ દિવસમાં 32 ટકાનો વધારો થયો છે. તમને જણાવી દઈએ કે વાર્ષિક ધોરણે (YoY) કંપનીનો નફો 155 ટકા વધીને 37.6 કરોડ રૂપિયા થઈ ગયો છે. જ્યારે એક વર્ષ પહેલા કંપનીનો નફો 14.7 કરોડ રૂપિયા હતો. સપ્ટેમ્બર ક્વાર્ટરમાં આવક વાર્ષિક ધોરણે 43 ટકા વધીને રૂ. 246.73 કરોડ થઈ છે, જે FY24 ના Q2 માં રૂ. 172.36 કરોડ હતી. કંપનીનો EBITDA વર્ષ અગાઉના ક્વાર્ટરમાં રૂ. 24.8 કરોડથી લગભગ બમણો વધીને રૂ. 48.9 કરોડ થયો છે. એબિટા માર્જિન વાર્ષિક ધોરણે 540 bps સુધરીને 19.8 ટકા થયું છે.સ્ટોક એક્સચેન્જોના શેરહોલ્ડિંગ પેટર્ન ડેટા દર્શાવે છે કે મોટા રોકાણકાર આશિષ કચોલિયાએ સપ્ટેમ્બર 2024 ક્વાર્ટરના અંતે એમી ઓર્ગેનિક્સમાં બહુમતી હિસ્સો રાખ્યો હતો. આ 7,54,974 ઈક્વિટી શેર અથવા 1.84 ટકા હિસ્સાની બરાબર છે. વર્તમાન ઓર્ડરના આધારે, મેનેજમેન્ટે FY2025 માટે આવક વૃદ્ધિ અનુમાન 25 ટકાથી વધારીને 30 ટકા કર્યું છે. કંપની અપગ્રેડેડ ફાર્માસ્યુટિકલ ઈન્ટરમીડીયેટ્સ અને સ્પેશિયાલિટી કેમિકલ્સની અગ્રણી વૈશ્વિક ઉત્પાદક છે.

# 6 મહિના સુધી સુસ્ત પડ્યો છે યસ બેંકનો શેર

મુંબઇ I તા. 31

પ્રાઈવેટ સેક્ટર યસ બેન્ક લિમિટેડના શેર સેલિંગ મોડમાં જોવા મળી રહ્યા છે. બુધવારે, સપ્તાહના ત્રીજા દિવસે, શેર 0.10 ટકા ઘટીને રૂ. 20.73 પર બંધ થયો હતો. આ ભાવના આધારે, છેલ્લા છ મહિનામાં શેરમાં 20.79 ટકાનો ઘટાડો થયો છે. જો કે, બેન્ચમાર્ક BSE સેન્સેક્સ આ સમયગાળા દરમિયાન 7.33 ટકા વધ્યો છે. વેલ્થમિલ્સમાં ઈક્વિટી સ્ટ્રેટેજી ડાયરેક્ટર ક્રાંતિ બાથિનીએ જણાવ્યું હતું કે - બેન્કના પરિણામો સકારાત્મક હતા પરંતુ બેન્કો અને નાણાકીય સ્થિતિને ધ્યાનમાં લેતા, સ્ટોક લાંબા સમયથી કોન્સોલિડેશનના તબક્કામાં છે. બાથિનીના મતે હિસ્સાના વેચાણમાં વિલંબની અસર શેર પર દેખાઈ રહી છે. કેટલાક મીડિયા અહેવાલોમાં દાવો કરવામાં આવ્યો છે કે રિઝર્વ બેંક ખાનગી ધિરાણકર્તા એટલે કે યસ બેંકમાં બહુમતી હિસ્સો કોઈપણ વિદેશી સંસ્થાને વેચવાની તરફેણમાં નથી. બાથિનીના મતે હાલના રોકાણકારો આ શેર જાળવી શકે છે. નવી એન્ટ્રીની સલાહ આપવામાં આવતી નથી. એન્જલ વનના ઓશો ક્રિષ્નાના જણાવ્યા અનુસાર, શેરને રૂ. 19-18.5ની રેન્જમાં નજીકના ગાળામાં થોડો સપોર્ટ મળવાની ધારણા છે. આ સિવાય સ્ટોકબોક્સના કુશલ ગાંધીએ જણાવ્યું હતું કે યસ બેન્કના શેરની કિંમત હાલમાં વેચાણના ખૂબ દબાણનો સામનો કરી રહી છે. અમે આ સમયે સ્ટોક ન ખરીદવાની ભલામણ કરીએ છીએ. આનંદ રાઠીના જીગર એસ પટેલે જણાવ્યું હતું કે યસ




બેન્કનો રૂ. 19 પર સપોર્ટ અને રૂ. 21.5 પર પ્રતિકાર હશે. ટૂંકા ગાળા માટે અપેક્ષિત ટ્રેડિંગ રેન્જ રૂ. 18 થી રૂ. 24 વચ્ચે હશે. ચાલુ નાણાકીય વર્ષના જુલાઈ-સપ્ટેમ્બર ક્વાર્ટરમાં યસ બેન્કનો નફો 147 ટકા વધીને રૂ. 566.59 કરોડ થયો છે. ગયા નાણાકીય વર્ષના સમાન ક્વાર્ટરમાં બેંકનો નફો 228.64 કરોડ રૂપિયા હતો. ગયા જૂન ક્વાર્ટરમાં બેંકનો નફો 516 કરોડ રૂપિયા હતો. બેંકની બિન-વ્યાજ આવક 16.3 ટકા વધીને રૂ. 1,407 કરોડ થઈ છે. કુલ થાપણો 18 ટકા રહી છે. બેંકના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર (CEO) અને મેનેજિંગ ડિરેક્ટર (MD) પ્રશાંત કુમારે જણાવ્યું હતું કે બેંકે ચાલુ નાણાકીય વર્ષમાં થાપણોમાં 17-18 ટકા વૃદ્ધિ અને લોનમાં 13-14 ટકા વૃદ્ધિનો લક્ષ્યાંક રાખ્યો છે. એસેટ ક્વોલિટી મોરચે, બેન્કની ગ્રોસ નોન-પર્ફોર્મિંગ એસેટ્સ (NPAs) સપ્ટેમ્બર 2024 ના અંત સુધીમાં ઘટીને 1.6 ટકા થઈ ગઈ છે, જે એક વર્ષ અગાઉ 2 ટકા હતી. એ જ રીતે, નેટ એનપીએ ગયા નાણાકીય વર્ષના બીજા ક્વાર્ટરના અંતે 0.43 ટકાથી ઘટીને 0.42 ટકા થઈ છે.

# સપ્ટેમ્બર ત્રિમાસિકમાં સોનાની માંગમાં 18 ટકા વધારો કરાયો

(એજન્સી) નવી દિલ્હી I તા. 31

વર્તમાન નાણાં વર્ષના સપ્ટેમ્બર ત્રિમાસિક ગાળામાં ભારતની સોનાની માગમાં વાર્ષિક ધોરણે ૧૮ ટકા વધારો જોવા મળ્યો હતો. વર્તમાન નાણાં વર્ષના બજેટમાં સોના પરની ડયૂટીમાં ઘટાડો કરાતા સપ્ટેમ્બર ત્રિમાસિકમાં ગોલ્ડની માગ ૨૪૮.૩૦ ટન રહી હતી જે ગયા વર્ષના સપ્ટેમ્બર ત્રિમાસિકમાં ૨૧૦.૨૦ ટન રહી હતી એમ વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલના રિપોર્ટમાં જણાવાયું હતું. જો કે હાલમાં સોનાના ઊંચા ભાવને ધ્યાનમાં રાખતા રોકાણકારો કદાચ ભાવમાં ઘટાડા માટે રાહ જુએ તેવી શકયતા છે. ૨૦૨૪માં સોનાની માગ ૭૦૦થી ૭૫૦ ટનની વચ્ચે રહેવા ધારણાં છે જે ૨૦૨૦ બાદ સૌથી નીચી હશે. ૨૦૨૩માં ભારતની ગોલ્ડ માગ ૭૬૦ ટન આસપાસ રહી હતી. ધનતેરસ તથા લગ્નસરાની મોસમમાં સોનાની માગમાં સુધારો થવાની અપેક્ષા છે. મૂલ્યની દ્રષ્ટિએ સોનાની માગ સપ્ટેમ્બર ત્રિમાસિકમાં ૫૩ ટકા વધી રૂપિયા ૧,૬૫,૩૮૦ કરોડ રહી હતી, જે ગયા વર્ષના સપ્ટેમ્બર ત્રિમાસિકમાં રૂપિયા ૧,૦૭,૭૦૦ કરોડ જોવા મળી હતી.

# હીરા ઉદ્યોગની ચમક ઘટી, સુરતના વેપારીઓએ બોનસમાં ફ્લેટ-કાર નહીં પણ એરફ્રાયરમાં પતાવ્યું

મુંબઇ I તા. 31

અમેરિકા સહિતના દેશોની નબળી આર્થિક સ્થિતીને પગલે વૈશ્વિક મંદીના માહોલને પગલે સુરતની ઓળખ ગણાતા ડાયમંડ ઉદ્યોગોની ચમક ઓછી થઇ ગઇ છે. તેજીના ટકોરા વખતે દિવાળી બોનસમાં ફ્લેટ, કાર, મકાન સહિતની કિંમતી વસ્તુઓ ડાયમંડ કંપની દ્વારા આપવામાં આવતી હતી પરંતુ મંદીને પગલે કેટલીક કંપનીએ બોનસમાં રોકડ કે એરફ્રાયર જેવી વસ્તુઓ આપી કર્મચારીઓને રાજી રાખવાનો પ્રયાસ કર્યો છે. યુક્રેન-રશિયા, પેલેસ્ટાઈન-હમાસ તથા ઈરાક અને ઈઝરાઈલ વચ્ચે યુધ્ધ અને અમેરિકા સહિતના દેશોની નબળી આર્થિક સ્થિતિને પગલે વૈશ્વિક મંદીનો માહોલ જોવા મળી રહ્યો છે. આ વૈશ્વિક મંદીની સીધી અસર સમગ્ર વિશ્વમાં સુરતના ડાયમંડ ઉદ્યોગ ઉપર ભયંકર જોવા મળી રહી છે. બીજી તરફ નેચરલ ડાયમંડની સામે લેબગ્રોન ડાયમંડ ધીમે-ધીમે વૈશ્વિક બજારમાં પકડ જમાવી રહ્યો છે અને લોકોની પસંદ પણ બદલાય રહી છે. તેવા



સંજોગોમાં ડાયમંડ ઉદ્યોગકારોના મત મુજબ છેલ્લા 50 વર્ષમાં આવી ભયંકર મંદી કયારેય જોવા મળી નથી અને ઉદ્યોગનું ભવિષ્ય શું છે તે કહેવું પણ હાલ અઘરૂ જણાય રહ્યું છે.દિવાળી પૂર્વે જ શહેરની મોટી-મોટી ડાયમંડ કંપની દ્વારા રત્નકલાકારોની છટણી કરવામાં આવી હતી તો કેટલીક કંપનીઓ દ્વારા કામના કલાકોમાં ઘટાડો કરવાની સાથે અઠવાડિયામાં એક નહીં પરંતુ બે દિવસની રજા જાહેર કરવામાં આવી હતી. ઉદ્યોગકારો દ્વારા દિવાળી અને આગામી ક્રિસમસને ધ્યાનમાં રાખી બજારમાં થોડી ઘણી ડિમાન્ડ ઉભી થશે તેવું અનુમાન કરવામાં આવી રહ્યું હતું પરંતુ તે માત્ર અનુમાન જ રહી ગયું છે. મહત્વની બાબત એ છે કે એક સમયે ડાયમંડ ઉદ્યોગમાં તેજીના કારણે સુરતમાં ચકાચોંધ જોવા મળતી હતી. સુરતની મોટી-મોટી ડાયમંડ કંપની દ્વારા દિવાળી બોનસમાં કેશ નહીં પરંતુ કાર, ફ્લેટ, મકાન, ફિક્સ ડિપોઝિટ સર્ટિફિકેટ, સોલાર સહિતની વસ્તુઓ આપવામાં આવતી હતી. ડાયમંડ કંપની દ્વારા કાર, ફ્લેટ વિગેરે કિંમતી વસ્તુઓ બોનસ પેટે આપવામાં આવતા માત્ર ભારત જ નહીં પરંતુ વિશ્વના ઉદ્યોગકારોનું ધ્યાન આર્કિષીત કર્યુ હતું.

## તંત્રીની કલમે...

**વિક્રમ સંવત 2079, અમાસ**

# વૃદ્ધોને ભેટ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ધનતેરસ અને આયુર્વેદ દિવસના અવસર પર ૭૦ વર્ષ અને તેનાથી વધુ ઉંમરના તમામ વૃદ્ધ નાગરિકો માટે આયુષ્માન ભારત પીએમ જન આરોગ્ય યોજનાનો વિસ્તાર કરીને જનકલ્યાણની દિશામાં વધુ એક મોટી પહેલ કરી. આ યોજનામાં આ જે વિસ્તાર કરવામાં આવ્યો, તેમાં ૭૦ વર્ષ અને તેનાથી વધુ ઉંમરના તમામ બુઝુર્ગો આવશે, ભલે તેમની આવક ગમે તેટલી હોય. એનાથી કરોડો બુઝુર્ગો લાભાન્વિત થશે. તેમને પાંચ લાખ રૂપિયા સુધીની મફત સારવારની સુવિધા મળશે. જે વરિષ્ઠ નાગરિક પહેલેથી જ આયુષ્માન ભારત યોજનાના દાયરામાં છે, તેમને પાંચ લાખ રૂપિયાનો વધારાનો લાભ મળશે. આ એક મોટી રાહત છે, કારણ કે બુઝુર્ગોને સ્વાસ્થ્ય સમસ્યાઓ સામે વધારે ઝઝૂમવું પડે છે અને એક મોટી સંખ્યામાં એવા બુઝુર્ગો છે, જેમને નાણાંના અભાવનો સામનો કરવો પડે છે. આયુષ્માન ભારત યોજનાની ઉપયોગિતા પહેલાં જ સિદ્ધ થઈ ચૂકી છે. આ યોજનાથી ઓછી આવકવાળા કરોડો લોકો લાભાન્વિત થઈ રહ્યા છે. તેમ છતાં દિલ્હી અને બંગાળ સરકારે રાજકીય ડંખ રાખીને આ યોજના પોતાને ત્યાં લાગુ ન કરી. એના પર વડાપ્રધાને ખેદ જ વ્યક્ત ન કર્યો, બલ્કે આ બંને રાજ્યોના બુઝુર્ગોની માફી પણ માગી. તેમણે એમ કહેવામાં પણ સંકોચ ન કર્યો કે રાજકીય કારણોસર દિલ્હી અને બંગાળ આ યોજનાને લાગુ નથી કરી રહ્યા. દિલ્હી અને બંગાળ સરકારનો દાવો છે કે તેમની પોતાની સ્વાસ્થ્ય યોજનાઓ આના કરતાં વધારે સારી છે. એક તો આ દાવાને પડકાર અપાતો રહ્યો છે અને બીજું, જો એમ માની લેવામાં પણ આવે કે આ રાજ્યોની સ્વાસ્થ્ય વીમા યોજનાઓ પ્રભાવી છે તો તે આયુષ્માન ભારત યોજનાનો પણ લાભ ઉઠાવવાનો કેમ ઈનકાર કરી રહી છે? તેઓ આ યોજનામાં સામેલ થઈને પોતાની સ્વાસ્થ્ય યોજનાના લાભનો વ્યાપ અન્ય જરૂરિયાતમંદ લોકો સુધી પહોંચાડી શકે છે. આયુષ્માન ભારત યોજના અંતર્ગત લાયક લોકોના ઉપચારની ૬૦ ટકા રકમ કેન્દ્ર સરકાર વહન કરે છે અને ૪૦ ટકા રાજ્ય સરકારો. આ એક મુશ્કેલી છે કે એક તરફ રાજ્ય સરકારો અને વિશેષ રૂપે બંગાળ સરકાર નાણાંની અછતનાં રોદણાં રડતી રહે છે અને બીજી તરફ એક એવી યોજનાને અપનાવવાનો ઈનકાર કરતી રહીછે, જે તેના આર્થિક બોજને ઓછો કરી શકે છે કે પછી તેને પોતાની સ્વાસ્થ્ય સવિધાઓ અન્ય લોકો સુધી પહોંચાડવામાં મદદગાર બની શકે છે. દિલ્હી સરકારના નેતાઓનું માનીએ તો તેઓ આ યોજનાને એટલા માટે અપનાવી નથી રહ્યા, કારણ કે તેમાં બહુ ખામીઓ છે. એક નેતાએ તો તેને કૌભાંડ સુદ્ધાં ગણાવી દીધું!

# સ્વિગી લિમિટેડનો આઈપીઓ 06 નવેમ્બર, 2024ના રોજ ખૂલશે

(એજન્સી) અમદાવાદ । તા. 31

સ્વિગી લિમિટેડ બુધવાર, 06 નવેમ્બર, 2024ના રોજ તેના આઈપીઓ ખોલવાની દરખાસ્ત કરે છે. બિડ/ઓફર બંધ થવાની તારીખ શુક્રવાર, 08 નવેમ્બર, 2024 રહેશે. એન્કર ઈન્વેસ્ટર બિડીંગ તારીખ બિડ/ઓફર ખુલવાની તારીખના કામકાજના એક દિવસ પહેલા એટલે કે મંગળવાર, 05 નવેમ્બર, 2024 રહેશે. ઓફરનો પ્રાઈઝ બેન્ડ ઈક્વિટી શેર દીઠ રૂ. 371થી રૂ. 390 રાખવામાં આવ્યો છે. બિડ્સ લઘુતમ 38 ઈક્વિટી શેર્સ અને ત્યારબાદ 38 ઈક્વિટી શેર્સના ગુણાંકમાં કરી શકાય છે. ઓફરમાં રૂ. 44,990 મિલિયન સુધીના મૂલ્યના ઈક્વિટી શેર્સના ફ્રેશ ઈશ્યૂ (the "Fresh Issue") અને વેચાણકર્તા શેરધારકો દ્વારા 17,50,87,863 સુધીના ઈક્વિટી શેર્સના વેચાણ માટેની ઓફર (the "Offer for Sale")નો સમાવેશ થાય છે. ઓફરમાં લાયક ઠરેલા કર્મચારીઓ દ્વારા સબ્સ્ક્રીપ્શન માટે પ્રત્યેક રૂ. 1ની ફેસ વેલ્યુના 7,50,000 સુધીના ઈક્વિટી શેર્સના રિઝર્વેશનનો




સમાવેશ થાય છે જેનું મૂલ્ય રૂ. - મિલિયન સુધીનું છે જે અમારી પોસ્ટ-ઓફર પેઈડ-અપ ઈક્વિટી શેર કેપિટલના મહત્તમ 5 ટકા છે (the "Employee Reservation Portion"). ઓફરમાંથી એમ્પ્લોઈ રિઝર્વેશન પોર્શન બાદ કરતા જે રહે તેને અહીં નેટ ઓફર તરીકે ગણવામાં આવે છે. રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ દ્વારા ઓફર કરવામાં આવતા ઈક્વિટી શેર્સને બીએસઈ લિમિટેડ ("BSE") અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ ("NSE") પર લિસ્ટ કરવાની યોજના છે. આ ઓફર સેબી આઈસીડીઆર નિયમનોના નિયમન 31 સાથે વાંચતા એસસીઆરઆરના નિયમ 19(2) (બી)ના સંદર્ભે કરવામાં આવી છે. આ ઓફર સેબી આઈસીડીઆર નિયમનોના નિયમન 6(2)ના અનુસંધાનમાં બુક બિલ્ડિંગ પ્રોસેસ દ્વારા કરવામાં આવી રહી છે જેમાં નેટ ઓફરના લઘુત્તમ 75 ટકા પ્રમાણસર ધોરણે ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યૂશનલ બાયર્સ ("QIBs" અને આવો પોર્શન the "QIB Portion")ને ફાળવણી માટે ઉપલબ્ધ રહેશે, એ શરતે કે અમારી કંપની અને વેચાણકર્તા શેરધારકો બીઆરએલએમ સાથેની ચર્ચા બાદ ક્યુઆઈબી હિસ્સાનો 60 ટકા સુધીનો હિસ્સો સેબી આઈસીડીઆર નિયમનોના અનુસંધાનમાં વિવેકાધીન ધોરણે એન્કર ઈન્વેસ્ટર્સ (the "Anchor Investor Portion")ને ફાળવી શકે છે જે પૈકી એક-તૃત્યાંશ હિસ્સો સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ્સ માટે અનામત રાખવામાં આવશે, જે સેબી આઈસીડીઆર નિયમનો મુજબ સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ તરફથી જે કિંમતે એન્કર ઈન્વેસ્ટર્સને ફાળવણી કરવામાં આવી હોય ("Anchor Investor Allocation Price") તે અથવા તેનાથી વધુ કિંમતે મળેલી માન્ય બિડ્સને આધીન રહેશે. એન્કર ઈન્વેસ્ટર પોર્શનમાં અંડર-સબ્સ્ક્રીપ્શન અથવા નોન-એલોકેશનના કિસ્સામાં બાકીના ઈક્વિટી શેર્સ ક્યુઆઈબી પોર્શનમાં ઉમેરવામાં આવશે. આ ઉપરાંત નેટ ક્યુઆઈબી પોર્શનનો 5 ટકા હિસ્સો માત્ર મ્યુચ્યુઅલ ફંડ્સને પ્રમાણસર ધોરણે ફાળવણી માટે ઉપલબ્ધ રહેશે.

# ઓસિયા હાઈપર રિટેલ લિમિટેડે કાનપુરમાં 30,000 ચોરસ ફૂટના નવા સ્ટોર લૉન્ચ સાથે પોતાના પદચિહ્નનું વિસ્તરણ કર્યું

(એજન્સી) મુંબઈ । તા. 31

ભારતીય રિટેલ બિઝનેસમાં અગ્રણી ખેલાડીઓમાંની એક ઓસિયા હાઈપર રિટેલ લિમિટેડે તેના વ્યાપક સ્ટોર પોર્ટફોલિયોને વધુ મજબૂત બનાવતા કાનપુર, ઉત્તર પ્રદેશમાં તેનો નવીનતમ સ્ટોર ખોલવાની ગર્વ સાથે જાહેરાત કરી છે. 30,000 ચોરસ ફૂટમાં ફેલાયેલો આ નવો સ્ટોર વ્યૂહાત્મક રીતે કેશવપુરમ, યોજના સંખ્યા-1, આવાસ વિકાસમાં સ્થિત છે, જે કાનપુરનો એક પ્રમુખ વિસ્તાર હોવાની સાથેસાથે તેની વાઈબ્રન્ટ વ્યાપારી ઉપસ્થિતિ માટે જાણીતો છે. આ નવો સ્ટોર એફએમસીજી અને નોન-એફએમસીજી ઉત્પાદનોની વ્યાપક શ્રેણી રજૂ કરે છે, જે અત્યંત વાજબી ભાવે શ્રેષ્ઠ ગુણવત્તા પૂરી પાડે છે.

ગ્રાહકો વિવિધ જરૂરિયાતોને પૂર્ણ કરતી વિશિષ્ટ ઑફર્સ અને સહજ ઉન્નત શોપિંગ અનુભવની અપેક્ષા રાખી શકે છે. આ નવા સ્થળે સ્ટોર ખોલીને, કંપની વિસ્તરણ માટે તેની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવી રહી છે, આ સાથે તેની કુલ સ્ટોરની સંખ્યા 33 પર થઈ ગઈ છે. આ વૃદ્ધિ સાથે, કંપની સમગ્ર ભારતમાં ગ્રાહકો માટે ગુણવત્તાયુક્ત ઉત્પાદનો લાવવાનું પોતાનું મિશન જાળવી રાખે છે, તેમજ તેની વૃદ્ધિ વ્યૂહરચનાને આગળ ધપાવવા સાથે ગ્રાહકોની અપેક્ષાઓને સતત સંતોષી રહી છે. આ સ્ટોરના ઉદ્ઘાટન પ્રસંગે, ઓસિયા હાઈપર રિટેલ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર શ્રી ધીરેન્દ્ર ચોપરાએ જણાવ્યું, "અમે કાનપુરમાં અમારો નવો સ્ટોર ખોલીને, અમે ઉત્તર પ્રદેશના મુખ્ય બજારોમાંના એકમાં ઓસિયા હાઈપર રિટેલની પહોંચની પહોંચ વધારવાને લઈને રોમાંચિત છીએ. આ સ્ટોર સ્પર્ધાત્મક ભાવે ગુણવત્તાયુક્ત ઉત્પાદનો પ્રદાન કરવા અને એક અનન્ય શોપિંગ અનુભવ પ્રદાન કરવાની અમારી પ્રતિબદ્ધતાનું ઉદાહરણ આપે છે. પ્રત્યેક નવું સ્થળ અમારી ઉપસ્થિતિને મજબૂત બનાવે છે અને સમગ્ર ભારતમાં એક ઘરેલુ નામ બનવાના અમારા ધ્યેયને પૂર્ણ કરવાની નજીક લાવે છે. અમે કાનપુરના ગતિશીલ લોકોની સેવા કરવા અને વૃદ્ધિ તથા ગ્રાહક સંતોષની અમારી સફર જાળવી રાખવા માટે આતુર છીએ."

# સુપ્રિમ પાવર ઈક્વિપમેન્ટે નાણાકીય વર્ષ 25ના પ્રથમ અર્ધવાર્ષિકમાં એકીકૃત કુલ આવક અને ચોખ્ખા નફામાં 11%ની વૃદ્ધિ નેંધાવી

(એજન્સી) મુંબઈ । તા. 31

સુપ્રીમ પાવર ઈક્વિપમેન્ટ લિમિટેડ, પાવર અને ડિસ્ટ્રિબ્યુશન ટ્રાન્સફોર્મર મેન્યુફેક્ચરિંગ ઉદ્યોગના અગ્રણી ખેલાડીઓમાંના એકે નાણાકીય વર્ષ 25ના પ્રથમ અર્ધવાર્ષિક માટેના તેના અનઓડિટેડ નાણાકીય પરિણામોની જાહેરાત કરી છે. પ્રદર્શન અંગે ટિપ્પણી કરતાં, સુપ્રીમ પાવર ઈક્વિપમેન્ટ લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી વી રાજમોહને જણાવ્યું, "અમે નાણાકીય વર્ષ 25ના પ્રથમ અર્ધવાર્ષિક માટેની કુલ આવક અને નફા બંનેમાં બે-અંકની ટકાવારી વૃદ્ધિની જાહેરાત કરતાં આનંદ અનુભવી રહ્યાં છીએ, જે સોલાર અને વિન્ડ ટ્રાન્સફોર્મર્સની મજબૂત માંગ દ્વારા સમર્થિત છે. ભારતમાં તેજી પામી રહેલુ રિન્યુએબલ એનર્જી સેક્ટર નવી તકોને આગળ ધપાવતું રહે છે અને બજારની વધતી જતી જરૂરિયાતોને પહોંચી વળવા માટે SPEL સારી સ્થિતિમાં છે. અમે અમારા નવા અત્યાધુનિક પ્લાન્ટ પર સતત પ્રગતિ કરી રહ્યા છીએ, 25-30% બાંધકામ પૂર્ણ કરીને સત્તાવાળાઓ પાસેથી તમામ જરૂરી મંજૂરીઓ મેળવી લીધી છે. આ પ્લાન્ટ અમારી ઉત્પાદન ક્ષમતામાં નોંધપાત્ર વધારો કરશે, અમને વધતી માંગને પહોંચી વળવામાં મદદ કરશે. ઉપરાંત, અમે અમારા પદચિહ્નને મજબૂત કરવા અને ભાવિ વૃદ્ધિને ટેકો આપવા માટે અન્ય રાજ્યોમાં વિસ્તરણની સંભાનવાઓની શોધ કરી રહ્યા છીએ. જ્યારે અમારા મુખ્ય ઓર્ડરમાં એક ગ્રાહક પક્ષ સંબંધી સમસ્યાઓને કારણે એક મહિનાનો વિલંબ થયો હતો, ત્યારે એસપીઈએલે નિર્ધારિત સમય મુજબ ડિલિવરી માટે તૈયાર હતું. જો કે આનાથી અમારા પ્રથમ અર્ધવાર્ષિક પ્રદર્શન પર થોડી અસર પડી છે, અમને વિશ્વાસ છે કે આગામી મહિનાઓમાં આ ઓર્ડરનો અમલ નાણાકીય વર્ષ 25ના બીજા અર્ધવાર્ષિકમાં અમારા પ્રદર્શનને વેગ આપશે. મજબૂત માંગ, વધતી ઓર્ડર બુક અને અમારી નવી સુવિધામાં પ્રગતિ સાથે, અમે વર્ષના બીજા અર્ધવાર્ષિકમાં મજબૂત વૃદ્ધિ ટકાવી રાખવા અને અમારા હિતધારકોને ઉન્નત મૂલ્ય પહોંચાડવા માટે આશાવાદી છીએ."

# એમેઝોન ફ્રેશના સુપર વેલ્યૂ ડેઈઝની સાથે તહેવારોની ઉજવણીઓમાં નવો ઉમંગ લઈ આવો: 1થી 7 નવેમ્બર સુધી મોટી બચત, નવી જરૂરી વસ્તુઓ અને એક્સક્લુસિવ ઑફરોનો લાભ ઉઠાવો

(એજન્સી) બેંગ્લુરુ । તા. 31

પ્રકાશનું પર્વ આવી પહોંચ્યું છે, ત્યારે એમેઝોન ફ્રેશ 1થી 7 નવેમ્બર, 2024 દરમિયાન ફેસ્ટિવ સુપર વેલ્યૂ ડેઈઝ રજૂ કરીને ખૂબ જ રોમાંચિત છે, જેમાં તમારા આનંદ અને બચતને અનેકગણા વધારનારી અદભૂત ડીલો પ્રાપ્ત થશે. તમને ભવ્ય પાર્ટીનું આયોજન કરી રહ્યાં હો કે પરંપરાગત મીઠાઈ બનાવી રહ્યાં હો, તાજા ફળો, શાકભાજી, નાસ્તા, પીણાં, મીઠાઈઓ અને રોજબરોજની આવશ્યક ચીજવસ્તુઓ સહિતના ઉત્પાદનોની વ્યાપક રેન્જ પર 45% સુધીની છુટની સાથે જરૂરી ચીજવસ્તુઓનો સ્ટોક ભરી લો. આ વર્ષે દિવાળીમાં આશીર્વાદ, બિકાજી, પાર્લે, દાવત, ટાટા સમર્પણ અને ડેટોલ જેવી વિશ્વસનીય બ્રાન્ડ્સ માટે એમેઝોન ફ્રેશ પરથી ખરીદી કરી તમારા અનુકૂળ સમયે તમારા ઘરઆંગણે તમારા અનુકૂળ સ્લોટમાં ડીલિવરી મેળવીને તમારી ઉજવણીને સરળ બનાવી દો. વર્તમાન અને નવા બંને ગ્રાહકો એમેઝોન ફ્રેશના ફેસ્ટિવ સુપર વેલ્યૂ ડેઈઝ દરમિયાન મોટી બચત કરીને તેનો પૂરેપૂરો લાભ ઉઠાવી શકે છે. પ્રાઈમના વર્તમાન ગ્રાહકો 1થી 3 નવેમ્બર દરમિયાન ફળો અને શાકભાજી પર રૂ. 50ના વધારાના કેશબૅકની સાથે 45% સુધીની છુટ, રૂ. 300નું ફ્લેટ કેશબૅક અને ફ્રી ડીલિવરીનો લાભ લઈ શકે છે. તમામ નવા ગ્રાહકો 45% સુધીની છુટ, ફ્લેટ રૂ. 200નું કેશબૅક અને નવા ઉત્પાદનો પર રૂ. 50ના કૅશબૅકનો લાભ લઈ શકે છે. આ તહેવારોની સીઝન કરિયાણા, નાસ્તા અને મીઠાઈઓની એમેઝોન ફ્રેશની વ્યાપક રેન્જ ખરીદવા માટે પર્ફેક્ટ સમય છે, જે આનંદદાયક ઉજવણી દરમિયાન મિત્રો અને પરિવારજનોની સાથે યાદગાર ભોજન અને આનંદની ક્ષણોને માણવા માટે જરૂરી બધી જ ચીજો તમને પ્રાપ્ત થાય તેની ખાતરી કરશે. ડેટોલ લિક્વિડ હેન્ડવૉશ રીફિલ: ડેટોલ લિક્વિડ હેન્ડવૉશનો ઉપયોગ કરીને તમારા હાથને જીવાણુમુક્ત રાખો, જે બીમારી કરનારા જીવાણુઓથી 100% સુરક્ષા પૂરી પાડે છે. તે પીએચ-સંતુલિત અને ગ્લીસરિન ધરાવતું હોવાથી તમારી ચામડીને મોઈશ્ચરાઈઝ કરવાની સાથે-સાથે ઊંડે ઉતરીને ક્લીન્ઝિંગ પણ કરે છે. દાવત સુપર બાસમતી રાઈસ: તેના જૂના કાચા ચોખા અસાધારણ રીતે સ્વાદિષ્ટ લાગે છે, પછી તેનો ઉપયોગ સુગંધિત બિરયાની બનાવવા માટે કરવો હોય કે દરરોજ રાંધવા માટે કરવો હોય. ઉત્તમ સુગંધ અને ચઢિયાતી ગુણવત્તા તમારી વાનગીઓને અત્યંત સ્વાદિષ્ટ બનાવશે અને દરરોજ તમને દર વખતે ખાવાનો આહ્લાદક અનુભવ આપશે. એરીયલ ફ્રન્ટ લૉડ મેટિક લિક્વિડ ડીટર્જન્ટ: ખાસ ફ્રન્ટ લૉડ વૉશિંગ મશીનો માટે તૈયાર કરવામાં આવેલા એરીયલ મેટિક લિક્વિડ ડીટર્જન્ટનો ઉપયોગ કરીને લૉન્ડ્રીના અદભૂત પરિણામો મેળવો. આ શક્તિશાળી ફોર્મ્યુલા આકરા ડાઘાને એક જ ધોલાઈમાં દૂર કરે છે. દર વખતે વાઈબ્રન્ટ, ચોખ્ખી લૉન્ડ્રી માટે તે પર્ફેક્ટ છે. ડવ ક્રીમ બ્યુટી બાથિંગ બાર: મોઈશ્ચરાઈઝિંગ ક્રીમ અને ન્યુટ્રીએન્ટ સીરમ ધરાવતા ડવ ક્રીમ બ્યુટી બારનો ઉપયોગ કરો, જેની રચના તમારી સ્કિનને 24 કલાક માટે પોષણ આપવા અને રીપેર કરવા માટે થઈ છે. તેનો ડર્મેટોલોજીની દ્રષ્ટિએ ટેસ્ટ કરવામાં આવેલો ફોર્મ્યુલા તમારી સ્કિનના કુદરતી મોઈશ્ચર બેરિયરને જાળવી રાખીને તેને હળવેથી ક્લીન્ઝ કરી આખો દિવસ તમારી સ્કિનને મુલાયમ, હાઈડ્રેટેડ અને તંદુરસ્ત જાળવી રાખે છે.ઈન્ડિયા ગેટ બાસમતી રાઈસ બેગ: ઈન્ડિયા ગેટ બાસમતી રાઈસ સુપર પ્રીમિયમ, લાંબા દાણાના બાસમતી ચોખા પૂરાં પાડે છે, જે તેની અદભૂત સુગંધ અને નાજુક ટેક્સચર માટે જાણીતા છે. બિરયાની, પુલાવ અને ચોખાની અન્ય વાનગીઓ બનાવવા માટે બિલકુલ યોગ્ય ગણાતા આ ચોખા દરેક વખતે સ્વાદિષ્ટ બને છે અને સારી રીતે ફૂલે છે.

# બ્રિગેડ હોટેલ વેન્ચર્સ લિમિટેડ સેબી સમક્ષ ડીઆરએચપી ફાઈલ કર્યું

(એજન્સી) મુંબઈ । તા. 31

દક્ષિણ ભારતમાં ખાનગી હોટેલોમાં એસેટ ધરાવનારી અગ્રણી અને ચેન-અફિલિએટેડ હોટેલ્સ અને રૂમની બીજી સૌથી મોટી માલિક બ્રિગેડ હોટેલ વેન્ચર્સ લિમિટેડે શેરબજારના નિયમનકાર સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા ('SEBI) - સેબી - સમક્ષ તેનો ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ ('DRHP') ફાઈલ કર્યો છે. કંપનીની પ્રારંભિક જાહેર ઓફર -આઈપીઓમાં - રૂ. 10ના ફેસ વેલ્યુના ઈક્વિટી શેરના રૂ. ૯00 કરોડ સુધીના તાજા (ફ્રેશ) ઈશ્યૂનો સમાવેશ થાય છે. બ્રિગેડ હોટેલ વેન્ચર્સ લિમિટેડ એ મુખ્યત્વે સમગ્ર દક્ષિણ ભારતમાં મુખ્ય શહેરોમાં હોટેલ્સના માલિક અને ડેવલપર છે. 30 જૂન, 2024 સુધીની સ્થિતિએ તેઓ દક્ષિણ ભારતમાં (કેરળ, આંધ્રપ્રદેશ, તમિલનાડુ, કર્ણાટક, તેલંગાણા અને કેન્દ્ર-શાસિત પ્રદેશો - લક્ષદ્વીપ, આંદામાન અને નિકોબાર ટાપુઓ અને પોંડિચેરી રાજ્યો)માં ચેઈન-અફિલિએટેડ હોટેલ્સ અને રૂમના બીજા સૌથી મોટા માલિક (એટલે કે, સમગ્ર ભારતમાં ઓછામાં ઓછા 500 રૂમ) છે. બ્રિગેડ હોટેલ વેન્ચર્સ લિમિટેડ એ ભારતમાં અગ્રણી રિયલ એસ્ટેટ ડેવલપર્સમાંની એક બ્રિગેડ એન્ટરપ્રાઈઝ લિમિટેડની (BEL) સંપૂર્ણ માલિકીની પેટાકંપની છે. BEL એ તેમની પ્રથમ હોટેલ ગ્રાન્ડ મર્ક્યુર બેંગ્લોરના ડેવલપમેન્ટ સાથે 2004માં હોસ્પિટાલિટી બિઝનેસમાં પ્રવેશ કર્યો હતો. તેણે 2009માં કામગીરી શરૂ કરી હતી. કંપની પાસે 1,604 રૂમ સાથે બેંગલુરુ (કર્ણાટક), ચેન્નાઈ (તામિલનાડુ), કોચી (કરેળ), મૈસુરુ (કર્ણાટક) અને ગિફ્ટ સિટી (ગુજરાત)માં નવ ઓપરેટિંગ હોટેલ્સનો પોર્ટફોલિયો છે. હોટેલ્સનું સંચાલન વૈશ્વિક માર્કી હોસ્પિટાલિટી કંપનીઓ જેમ કે મેરિયટ્ટ, એકોર અને ઈન્ટરકોન્ટિનેન્ટલ હોટેલ્સ ગ્રુપ દ્વારા કરવામાં આવે છે અને તે ઉચ્ચ અપસ્કેલ, અપસ્કેલ, અપર-મિડસ્કેલ અને મિડસ્કેલ સેગમેન્ટમાં છે. હોટેલ્સ ફાઈન ડાઈનિંગ અને સ્પેશ્યાલિટી રેસ્ટોરન્ટ્સ, મીટિંગ્સ, ઈન્સેન્ટિવ્ઝ, કોન્ફરન્સ અને એક્ઝિબિશન્સ ("MICE") માટે જગ્યા પૂરી પાડે છે.

# HDFC સિક્યુરિટીઝ દ્વારા HDFC સિક્યુરિટીઝ IFSC Ltd. (HSIL)ના ભારતના ગિફ્ટ-સિટીના મેનેજિંગ ડિરેક્ટર તરીકે યોગેશ દરજીની વરણી

(એજન્સી) મુંબઈ । તા. 31

HDFC સિક્યુરિટીઝ દ્વારા એચડીએફસી સિક્યુરિટીઝ IFSC લિમિટેડ (HSIL)ના મેનેજિંગ ડિરેક્ટર તરીકે યોગેશ દરજીની નિમણૂકની જાહેરાત કરવામાં આવી છે. HDFC સિક્યુરિટીઝ આઈએફએસસી લિ. (HSIL) ભારતના ગિફ્ટ સિટી ખાતે આર્થિક સેવાઓની અનુકૂળતા કરવા માટે એચડીએફસી સિક્યુરિટીની વ્યવસ્થાનું નેટવર્ક છે. આ નવી ભૂમિકામાં શ્રી દરજી એચએસઆઈએલને તેની આંતરરાષ્ટ્રીય સેવાઓની ક્ષમતાઓના વિસ્તરણમાં નેતૃત્વ પૂરું પાડશે, તથા ગિફ્ટ સિટીના ઈન્ટરનેશનલ ફાયનાન્સિયલ સર્વિસિસ સેન્ટર (આઈએફએસસી) દ્વારા આપવામાં આવતા અનોખા ફાયદાઓનો ઉપયોગ કરીને સ્થાનિક તથા વૈશ્વિક ક્લાયન્ટ્સ બંનેને અનુરૂપ સોલ્યુશનોનો વ્યાપક સ્યૂટ પહોંચાડવા માટે HSILને આગેવાની પૂરી પાડશે. આ જાહેરાતના સંદર્ભે ટિપ્પણી કરતાં એચડીએફસી સિક્યુરિટીઝના સીઈઓ ધીરજ રેલ્લીએ જણાવ્યું હતું કે, "અમે શ્રી યોગેશ દરજીને બોર્ડમાં આવકારવા અત્યંત રોમાંચ અનુભવીએ છીએ. ઈક્વિટી અને ડેટ-માર્કેટમાં તેમના મજબૂત અનુભવ સાથે તેમજ એનઆરઆઈ નાણાંકીય સેવાઓમાં તેમના વિશિષ્ટ જ્ઞાન સાથે તેઓ અમારા ગ્રાહકવર્ગ માટે નવીનતમ, મૂલ્ય આધારિત સૉલ્યુશનો પહોંચાડવામાં એચએસઆઈએલનું નેતૃત્વ કરવા માટે સુસજ્જ છે. ગિફ્ટ-સિટીના ગતિશીલ વાતાવરણમાં એચએસઆઈએલને નવી ઊંચાઈઓ પર લઈ જવાની તેમની ક્ષમતામાં અમને વિશ્વાસ છે, જે અમારા ગ્રાહકો માટે કાયમી મૂલ્યને પ્રોત્સાહન આપે છે." ઉલ્લેખનીય છે કે, આ નિમણૂક એચડીએફસી સિક્યોરિટીઝની અખંડિતતા, શ્રેષ્ઠતા અને નવીનતાનાં મુખ્ય મૂલ્યો સાથે સુયોજિત નેતૃત્વને પ્રોત્સાહન આપવા માટેની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. શ્રી યોગેશ દરજીના માર્ગદર્શન હેઠળ એચએસઆઈએલ પોતાના ગ્રાહકોને તેમની નાણાંકીય સફરમાં સશક્તીકરણ કરવા તથા આંતરરાષ્ટ્રીય ફાઈનાન્સ લૅન્ડસ્કેપમાં એચડીએફસી સિક્યુરિટીઝનાં શ્રેષ્ઠતાનાં ધોરણોને જાળવી રાખવા માટે તત્પર છે. એચએસઆઈએલના નવા નિમાયેલા મેનેજિંગ ડિરેક્ટર શ્રી યોગેશ દરજીએ પોતાની નવી ભૂમિકા અંગે ઉત્સાહપૂર્વક પ્રતિભાવ આપતાં જણાવ્યું હતું કે, "એચડીએફસી સિક્યુરિટીઝ માટે આ અનોખા સમયે એચએસઆઈએલનું નેતૃત્વ કરવા માટે મને સન્માનની લાગણી અનુભવાય છે. ગિફ્ટ સિટીની તકો અભૂતપૂર્વ છે અને હું અમારી શક્તિઓને આગળ વધારવા તથા ટકાઉ વૃદ્ધિને આગળ ધપાવવા માટે આતુર છું. મારું ધ્યાન અમારી તકનીકી ક્ષમતાઓ તથા આંતરરાષ્ટ્રીય પ્લેટફોર્મનો લાભ ઉઠાવવા પર સ્થિર રહેશે, જેથી અજોડ મૂલ્ય-પ્રદાન કરવામાં આવી શકે તથા એનઆરઆઈથી માંડીને વિદેશી નાગરિકો તેમજ એફપીઆઈ સુધીના અમારા ગ્રાહકવર્ગની વિકસતી જતી જરૂરિયાતોને પહોંચી વળવા માટે અમે સક્ષમ બનીએ." પોતાની પૂર્વ ભૂમિકામાં શ્રી યોગેશ દરજીએ એચડીએફસી સિક્યુરિટીઝમાં એનઆરઆઈ ડેસ્ક-હેડ તરીકે સેવા આપી હતી અને મજબૂત નેતૃત્વનું પ્રદર્શન કર્યું હતું. વળી, તેમણે ક્લાયન્ટ-એન્ગેજમેન્ટ વધારવામાં એક કાર્યક્ષમ વેચાણ-ચૅનલની સ્થાપના કરી હતી. એટલે કે, તેમણે પ્રક્રિયા અને ઉત્પાદન સુધારણા પરના તેમના ધ્યાનથી ગ્રાહકોનો સંતોષ મેળવવાથી ઓપરેશનલ કાર્યક્ષમતામાં સતત વધારો થયો છે. આ પહેલાં તેમણે બ્રિક્સ સિક્યુરિટીઝમાં ડેટ-માર્કેટ ડીલર તરીકે સેવા આપી હતી, જ્યાં તેઓ બેંકો, મ્યુચ્યુઅલ ફંડ તેમજ પ્રાથમિક ડીલરો માટે ટ્રેડિંગ પ્રવૃત્તિઓનું સંચાલન કરતા હતા. લગભગ 20 વર્ષનો તેમનો ઈન્ડસ્ટ્રી-અનુભવ, ક્લાયન્ટ સાથેની સલાહ-સૂચન પ્રવૃત્તિ, નિયમનકારી કુશળતા અને એનઆરઆઈ સેવાઓના ઊંડાણપૂર્વકના જ્ઞાનનું દર્શન કરાવે છે, જે તેમને નાણાંકીય સેવાઓમાં એક સારા સમૃદ્ધ આગેવાન તરીકે સ્થાપિત કરે છે. એચએસઆઈએલ એનએસઈ આઈએક્સ ઉપર ટ્રેડિંગ પ્લેટફોર્મ ઓફર કરવા માટે તૈયાર છે, જે ક્લાયન્ટોને ફ્યુચર્સ અને ઓપ્શન્સ માર્કેટમાં જોડાવાની અનુકૂળતા આપે છે. આ પ્લેટફોર્મ અનસ્પોન્સર્ડ ડિપોઝીટરી રિસિટ્સ (UDR) માં રોકાણની સુવિધા પણ આપશે તથા રોકાણકારોને ટોચના યુએસ સ્ટોક્સ સુધી પહોંચવાની અનન્ય તકો પૂરી પાડશે. આ ઉપરાંત પ્લેટફોર્મ વધારે વિવિધ નાણાંકીય ઉત્પાદનો અને સેવાઓ જેવી કે, એઆઈએફ, મ્યુચ્યુઅલ ફંડ અને વધુ ઓફર કરશે, જે ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસ સેન્ટર્સ ઓથોરિટી (IFSCA)ની મંજૂરીને આધીન છે. ગિફ્ટ સિટીમાં ભારતની અગ્રણી આંતરરાષ્ટ્રીય નાણાંકીય સર્વિસીસની હબ એચએસઆઈએલ ઉદાર કર-પ્રોત્સાહનો, આઈએફએસસીએ દ્વારા સુવ્યવસ્થિત નિયમનકારી અનુપાલન અને આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો લાભ આપે છે.

# ભાઈલાલ અમીન જનરલ હોસ્પિટલ, વડોદરા, મધ્ય ગુજરાતમાં પ્રથમ એવા લિવર ટ્રાન્સપ્લાન્ટ પ્રોગ્રામ અને હેપેટોલોજી સેન્ટરનો પ્રારંભ કર્યો

(એજન્સી) વડોદરા । તા. 31

ભાઈલાલ અમીન જનરલ હોસ્પિટલ (BAGH), વડોદરાએ પોતાના વિકાસમાં એક નવું પીછું ઉમેર્યું, શહેરમાં પ્રથમ લીવર ટ્રાન્સપ્લાન્ટ અને હેપેટોલોજી સેન્ટર શરૂ કર્યું. આ સેન્ટરને વડોદરા અને મુંબઈના પ્રખ્યાત ક્લિનિકલ પ્રોફેશનલ્સ દ્વારા ટેકો આપવામાં આવશે. આની શરૂઆત શ્રી પ્રણવ અમીન, (મેનેજિંગ ડાયરેક્ટર, એલેમ્બિક ફાર્માસ્યુટિકલ્સ), શ્રીમતી બરખા અમીન, (ટ્રસ્ટી, ભાઈલાલ અમીન જનરલ હોસ્પિટલ), ક્લિનિકલ ટીમ અને BAGH ના મેનેજમેન્ટની હાજરીમાં અને અન્ય નિકટવર્તી મહાનુભાવો સાથે ઓગસ્ટમાં કરવામાં આવ્યું હતું. આ સિદ્ધિ હોસ્પિટલ અને પ્રદેશ માટે એક મહત્વપૂર્ણ ક્લિનિકલ સીમાચિહ્નરૂપ છે. આમ, વ્યાપક લિવર ટ્રાન્સપ્લાન્ટ અને હેપેટોલોજી સેન્ટર શરૂ કરવા માટે, અમદાવાદ અને સુરત પછી વડોદરાને ગુજરાતમાં ત્રીજા નંબરના શહેર તરીકે સ્થાપિત કર્યું છે. ભાઈલાલ અમીન જનરલ હોસ્પિટલના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ શ્રી રવિ હિરવાણીએ શરૂઆતની ટિપ્પણીમાં મીડિયા કર્મચારીઓને આવકારતા, ભાઈલાલ અમીન હોસ્પિટલની અત્યાર સુધીની સફળની સફર અને લગભગ બે દાયકા પહેલા રેનલ ટ્રાન્સપ્લાન્ટ પ્રોગ્રામ શરૂ



કરીને ક્લિનિકલ એક્સેલન્સમાં અગ્રણી તરીકેનું સ્થાન મેળવ્યું હોવાની વાત કરી. જ્યારે હવે લાઈવ એન્ડ કેડેવેરિક લિવર ટ્રાન્સપ્લાન્ટ પ્રોગ્રામ શરૂ કર્યો છે.

વિભાગને સિનિયર કન્સલ્ટન્ટ ડો. પ્રશાંત બુચ (ગેસ્ટ્રોએન્ટેરોલોજિસ્ટ, ભાઈલાલ અમીન જનરલ હોસ્પિટલ), ડો. જીતેન્દ્ર મિસ્ત્રી (કન્સલ્ટન્ટ જીઆઈ અને લીવર ટ્રાન્સપ્લાન્ટ સર્જન, ભાઈલાલ અમીન જનરલ હોસ્પિટલ) ડો. ભાવેશ પટેલ, (કન્સલ્ટન્ટ ગેસ્ટ્રોએન્ટેરોલોજિસ્ટ, ભાઈલાલ અમીન જનરલ હોસ્પિટલ) દ્વારા સંચાલન કરવામાં આવશે. એમની સાથે ડૉ. રવિ મોહનકા (ડિરેક્ટર લિવર ટ્રાન્સપ્લાન્ટ અને એચપીબી સર્જન), ડૉ. પ્રશાંત રાવ (કન્સલ્ટન્ટ લિવર ટ્રાન્સપ્લાન્ટ અને એચપીબી સર્જન), ડૉ. મિતુલ શાહ (કન્સલ્ટન્ટ લિવર ટ્રાન્સપ્લાન્ટ અને એચપીબી સર્જન) અને ડૉ. અમેયા પંચવાઘ (કન્સલ્ટન્ટ લિવર ટ્રાન્સપ્લાન્ટ એનેસ્થેસિયા) પણ જોડાયેલા રહેશે અને સર એચએન રિલાયન્સ હોસ્પિટલ મુંબઈના અન્ય ક્લિનિકલ ટીમના સભ્યો પણ જોડાયેલા રહેશે. આ સંગઠન તમામ યકૃત રોગના દર્દીઓ માટે ઉચ્ચ અને કુશળ તબીબી અને સર્જીકલ સેવાઓની ખાતરી કરશે અને આવી અદ્યતન જટિલ શસ્ત્રક્રિયાઓની સફળતામાં વધારો કરશે. આ વિભાગ શરૂ થતાં શ્રી પ્રણવ અમીને (મેનેજિંગ ડાયરેક્ટર, એલેમ્બિક ફાર્માસ્યુટિકલ) જણાવ્યું હતું કે, વડોદરા ખાતે લિવર ટ્રાન્સપ્લાન્ટ અને હેપેટોલોજી સેન્ટર શરૂ કરીને, અમે વડોદરાને એક વ્યાપક અંગ પ્રત્યારોપણ કેન્દ્ર બનાવવાનો ધ્યેય ધરાવીએ છીએ જેથી વડોદરાના લોકોને અદ્યતન પ્રત્યારોપણ સર્જરીની સુવિધા મળી શકે અને એમને વિવિધ મેટ્રો શહેરો સુધીની મુસાફરી ના કેવી પડે. આ સુવિધાથી વારંવાર થતી લીવરની બીમારી તથા લિવર ટ્રાન્સપ્લાન્ટની જરૂરિયાત ધરાવતા ઘણા દર્દીઓને ફાયદો થશે. અને આના માટે ભાઈલાલ અમીન હોસ્પિટલની અત્યાધુનિક મેડિકલ અને સર્જિકલ સુવિધાઓ અને સિનિયર ક્લિનિકલ ટીમની મદદ મળી રહેશે. ભાઈલાલ અમીન હોસ્પિટલે છેલ્લા પાંચ દાયકામાં ઘણા સીમાચિહ્નો હાંસલ કર્યા છે અને હવે તેની સ્થાપનાના ૬૦ વર્ષમાં પ્રવેશ છે.


# વેકેશનની વિમાસણ તીર્થ પર્યટનમાં જવું કે ફરવાના સ્થળે જવું?



જો કે, ભારતનો પ્રવાસન દિવસ 25 જાન્યુઆરીએ ઊજવવામાં આવે છે અને આંતરરાષ્ટ્રીય પ્રવાસન દિવસ દર વર્ષે 27 સપ્ટેમ્બરના રોજ ઊજવવામાં આવે છે. આપણો સવાલ અત્યારે એટલા માટે છે કે ટૂંક જ સમયમાં ગુજરાતમાં દિવાળી વેકેશન પડશે. આમ પણ માનવીને 'પૃથ્વી ગ્રહનો પ્રવાસી' જેવા ભારે ભરખમ શબ્દોથી ડરાવવામાં અને ભરમાવવામાં આવે જ છે. ખેર, વાત પર્યટનની થાય છે ત્યારે જો આપણા સંદર્ભની ગોષ્ઠિ માંડવી હોય તો ગુજરાતમાં દિવાળી વેકેશન ઉપરાંત ઉનાળાનું વેકેશન પણ પડે છે. ભારતના દરેક રાજ્યમાં સંભવતઃ ત્રણેક ટૂંકા, મધ્યમ અને લાંબા ગાળાના વેકેશન પડે છે. જેમ કે, ચાર-પાંચ સળંગ રજા પડતી હોય તેને ટૂંકું, સળંગ રજામાં વધારાની રજા ઉમેરી મધ્યમ તેમજ દિવાળી અને ઉનાળાની રજાઓને લાંબું વેકેશન કહેવાય. કેટલીક શાળા-કોલેજો ક્રિસમસ વેકેશન પણ આપતી હોય છે. સામાન્યતઃ ઘર છોડી થોડા દિવસ માટે અન્યત્ર મુકામ માંડવો તેને પ્રવાસન પ્રવૃત્તિ કહેવાય. મામા, માસી, કાકા, ફોઈના ઘરે રહેવા જાઓ તે કે અજાણ પ્રદેશમાં પગરણ માંડવાં તે. વિમાસણનો વિષય અહીં જ પ્રસ્તુત થાય છે, વેકેશનના દિવસોમાં ફરવા જવું હોય તો જવું ક્યાં? સ્વાભાવિક છે કે સ્થળ પસંદગીનો પ્રમુખ આધાર વ્યક્તિ, પરિવારની આર્થિક સ્થિતિ પર નિર્ધારિત હોય છે. સાથે જ પરિવારના દરેક સભ્યોની પસંદગી, અગ્રતા અને હેતુ અલગ હોવાના જ. ઘરમાં વડીલ હોય અને તેમને પણ સાથે લઈ જવાના હોય તો તેમની ઈચ્છા અને દસ વરસના બાળકની ઈચ્છામાં અંતર રહેવાનું જ. ટીનેજર છોકરા છોકરીને પૂછો તો કદાચ એવી જગ્યાનું નામ સાંભળવા મળશે જેનો માતા-પિતાએ વિચાર સુધ્ધાં ન કર્યો હોય. સ્થળ પસંદગી પ્રક્રિયા દરમ્યાન એક સવાલ જરૂર ઊઠે છે, તીર્થ કે અતીર્થ પર્યટન કરવું? તીર્થ પર્યટન એટલે તીર્થોમાં ફરવું, પુણ્ય પવિત્ર દેવસ્થાનાદિક સ્થળોની મુલાકાત લેવી અને અતીર્થ એટલે અપવિત્ર સ્થળ, પરંતુ આપણો સંદર્ભ અપવિત્ર સ્થળ બાબતે નથી. અતીર્થ પર્યટન એટલે ટૂર, જર્ની, ભમવું, રખડવું. તીર્થ પર્યટનમાં ભક્તિને પ્રાથમિકતા જ્યારે અતીર્થ પર્યટનમાં મોજ, મસ્તીને પ્રાથમિકતા. તીર્થસ્થાને મર્યાદા, આમન્યા જાળવવી પડે, જે આપોઆપ જળવાઈ જ જાય, જ્યારે અતીર્થ સ્થાને નિરંકુશ રખડપટ્ટી, મોજમજા કરી શકાય. વૈષ્ણોદેવીની વાટ પકડો અને ગોવા ગમન કરો તેમાં સ્વાભાવિકપણે જ ફરક રહેવાનો જ. વૈષ્ણોદેવીમાં માતા રાણીને વંદન જ કરવા જવાનું હોય જ્યારે ગોવામાં સાગરના સાગરિતો એવા બીચો પર મહાલવાનું જ હોય. દ્વારકા જાવ તો કૃષ્ણ મળે, પરંતુ દમણમાં કૃષ્ણને શોધવા પણ કોણ પડે? ભારતના યુકે; ઉત્તરાખંડ ફરવા જાવ તો મદિરાલય કરતાં મંદિર વધુ જોવા મળે, કાશ્મીરમાં મદિરાલય કે મંદિર બંને દુર્લભ થઈ પડે. પર્યટનથી માનસિક આરામ અને શાંતિ મળે, કલ્પના અને સર્જનાત્મક શક્તિમાં વધારો થાય, આત્મવિશ્વાસમાં વૃદ્ધિ થાય તેમજ મનોરંજન અને ખુશીની લાગણી પ્રાપ્ત થાય છે. ફ્રેન્ડ્સ કે ફેમિલી સાથે રખડપટ્ટી કરવાનો એક અલગારી આનંદ હોય છે. જરૂરી નથી કે શિમલા, કુલુ-મનાલી, કાશ્મીર કે નૈનિતાલ-મસૂરી જ જવું, નજીકના સ્થળે પણ આંટો મારી શકાય. વળી, તીર્થ કે અતીર્થ મહત્ત્વનું નથી, મહત્ત્વનું તો છે પર્યટન! જ્યાં રહેતા હોઈએ ત્યાંથી થોડા સમય માટે દૂર જવાનું, મનોરંજક અને આરામદાયક પ્રવૃત્તિ કરવાની. આજના સ્પર્ધાત્મક યુગમાં આખો પરિવાર સામૂહિક ક્રિયાઓ ભાગ્યે જ કરતો હોય છે, ત્યારે કોઈ પણ સ્થળે થોડા તો થોડા દિવસ માટે લડતા, ઝઘડતાય સાથ સહકારની પ્રવૃત્તિ કરે (આવા સ્થળે ઘરના ચાર સભ્યો ચાર દિશામાં તો ચાલવાય નીકળી શકતા નથી) તેનો આનંદ જુદો જ હોય છે. મોબાઈલની બહાર પણ દુનિયા છે અને તે ખૂબ સુંદર છે. બાંધો પોટલાં અને નીકળી પડો; રોમાંચ માટે રજાઓ હોય છે, રોવા માટે નહિ.

# સૂર્યમાળામાં 3000 જેટલા ધૂમકેતુઓ ફરી રહ્યા છે

બાળકો, તમે ધૂમકેતુ વિશે સાંભળ્યું હશે. ધૂમકેતુ સૂર્યની ગ્રહમાળાના સભ્યો છે. તે ગ્રહમાળા સાથે આશરે સાડા ચાર અબજ વર્ષો પહેલાં જન્મ્યા છે. ધૂમકેતુ સૂર્યમંડળના બરફ અને ધૂળથી બનેલો હોય છે. તેની ભ્રમણકક્ષા અતિશય લાંબા ઉપવલય આકારની હોય છે. આથી તેઓ પ્લૂટોની ભ્રમણ કક્ષાને પણ વટાવી જાય છે. આમ જોવા જઈએ તો ધૂમકેતુ થીજેલા કાર્બન ડાયોક્સાઇડ, મિથેન, પાણી, ધૂળ અને અનેક ખનીજ પદાર્થોનો બનેલો હોય છે. ધૂમકેતુઓ વિવિધ આકારોમાં આવે છે. સામાન્ય રીતે તે અનિયમિત હોય છે. જેનો વ્યાસ થોડા કિલોમીટરથી માંડીને દસ મીટર સુધીનો હોઈ શકે છે. તેની રચના ખગોળશાસ્ત્રના સૌથી સામાન્ય રહસ્યોમાંની એક છે, જે આંશિક રીતે ઉકેલી શકાય છે. વૈજ્ઞાનિકો કહે છે કે ધૂમકેતુ ખાસ કરીને નાના હોય છે અને મોટા હોય તો ગતિના કારણે તૂટે છે. મોટા ધૂમકેતુ ધરતીની તરફ આવી શકે છે, કેમ કે તેની ઓર્બિટ એવી હોય છે જે જલદી જોઈ શકાતી નથી. તે સૂરજની ચારે તરફ લાંબી યાત્રા કરે છે. ધરતીની તરફ આવે ત્યારે તેની ગતિ વધી શકે છે. ઘણી વખત તેના કારણે મોટું નુકસાન થઈ શકે છે. અનેક શૂટિંગ સ્ટાર્સ એવા હોય છે, જે આપણે સામાન્ય રીતે આંખથી જોઈ શકીએ છીએ. જ્યારે અમુક એવા હોય છે જે વાયુમંડળમાં આવતાં જ ગાયબ થઈ જાય છે.



તેનો આકાર નાનો હોય છે અને યોગ્ય દિશા અને ટ્રેજેક્ટરીનો ખ્યાલ હોય તો નાના શૂટિંગ સ્ટાર્સ પણ જોઈ શકાય છે. ધૂમકેતુ પર પડતા પ્રકાશનાં કિરણોમાંથી 96 ટકા કિરણોનું શોષણ થાય છે. બાકીના ચાર ટકા કિરણોનું પરાવર્તન કરે છે. ધૂમકેતુ ખૂબ જ ઝડપથી ગતિ કરે છે ત્યારે તેના કેન્દ્રની આસપાસના ધૂળ વગેરેના રજકણો પાછળની તરફ ફંગોળાઈને પૂંછડી જેવો આકાર બને છે. તેથી તેને પૂંછડિયો તારો પણ કહે છે. વૈજ્ઞાનિકોના મત અનુસાર સૂર્યમાળામાં 3000 જેટલા ધૂમકેતુઓ ફરી રહ્યા છે. માણસના જન્મ પછી તેનું નામકરણ કરવામાં આવે છે, તેવી રીતે બ્રહ્માંડમાં નવા મળી આવતા ધૂમકેતુઓને પણ નવા નામ આપવામાં આવે છે. જેના માટે અમુક ચોક્કસ નિયમો બનાવવામાં આવ્યા છે. આમ તો દરેક ધૂમકેતુને તેના શોધકનું નામ એનાયત કરવામાં આવતું હોય છે. એલન હેલ અને ટોમ બોપની જેમ તેના શોધક પરથી આવતા ધૂમકેતુ ઓળખાય છે. નવા મળી આવતા અવકાશી પદાર્થના નામકરણ માટે ઈન્ટરનેશનલ એસ્ટ્રોનોમિકલ યુનિયન સંસ્થા જવાબદારી સંભાળે છે. આ સંસ્થા દરેક ધૂમકેતુને નંબર પ્લેટ જેવું નામ આપે છે. જેમાં દરેક નંબરનો ચોક્કસ અર્થ હોય છે. આ નંબર પ્લેટના અક્ષરો અને આંકડા સામાન્ય લોકોને અઘરા લાગે છે.

# ગુજરાતમાં ફ્લોમિંગો સૌથી વધારે પ્રમાણમાં જોવા મળે છે

પક્ષી અભયારણમાં અનેક પ્રકારનાં પક્ષીઓ જોવા મળે છે. એમાં એક ફ્લેમિંગો પણ છે. ફ્લેમિંગોને રાજહંસ પણ કહેવામાં આવે છે. દુનિયાભરમાં આશરે છ પ્રકારના રાજહંસની પ્રજાતિઓ જોવા મળે છે. રાજહંસમાં ગ્રેટર ફ્લેમિંગો એ રાજહંસની સૌથી મોટી પ્રજાતિ છે. જેની ઊંચાઇ આશરે 5 ફીટ અને વજન 3 કિલોગ્રામ હોય છે. રાજહંસની પ્રજાતિઓ આફ્રિકા, દક્ષિણ યુરોપ, ભારતમાં અને એશિયામાં જોવા મળે છે. ગ્રેટર ફ્લેમિંગોનું પ્રમાણ ઓછું જોવા મળે છે. જ્યારે લેસેર એટલે કે નાના રાજહંસની પ્રજાતિ સૌથી વધારે જોવા મળે છે. એની ઊંચાઇ આશરે ત્રણ ફીટ સુધી હોય છે અને વજન 2.5 કિલોગ્રામ હોય છે. ગ્રેટર ફ્લેમિંગોની ચાંચ ગુલાબી રંગની હોય છે જ્યારે લેસેર ફ્લેમિંગોની ચાંચ લાલ રંગની હોય છે. રાજહંસનું આયુષ્ય સામાન્ય રીતે 20થી 30 વર્ષનું હોય છે. રાજહંસને પક્ષીઘરમાં રાખવામાં આવે તો તે 50 વર્ષ સુધી જીવિત રહી શકે છે. રાજહંસના પગ તેના શરીરના પ્રમાણમાં વધારે લાંબા હોય છે. ઘણી વખત તમે એને એક પગ ઉપર ઊભા રહેતા જોયા હશે. તે એક પગ ઉપર શા માટે ઊભા રહેતા હશે? એવો સવાલ આપણા મનમાં ઉદ્ભવે એ સ્વાભાવિક છે. અનેક પક્ષીવિદોએ આ અંગે અભ્યાસ કર્યો હોવા છતાં હજુ સુધી એક પગ ઉપર ઊભા રહેવાના રહસ્ય અંગે જાણી શક્યા નથી. રાજહંસ હંમેશાં સમૂહમાં જ જોવા મળે છે. તે ગ્રૂપમાં સાથે મળીને પોતાનો માળો તૈયાર કરે છે. રાજહંસનાં ઈંડાં મરઘી અને બતકનાં ઈંડાં કરતાં થોડાં મોટાં હોય છે. તે પોતાનાં ઈંડાંનું 27થી 30 દિવસ સુધી સેવન કરે છે. તમને જાણીને નવાઈ લાગશે કે સફેદ દેખાતા હંસની પાંખની નીચે કાળા રંગની પાંખ હોય છે, જે આપણને દેખાતી નથી. એ જ્યારે ઊડી રહ્યો હોય ત્યારે જ તેની કાળી પાંખ જોઈ શકાય છે. ઘણા લોકો રાજહંસની પ્રજાતિનું પાલન કરે છે. ખાસ કરીને માછલી પાલનનો વેપાર કરનારા વેપારીઓ. માછલી પાલન કરતા તળાવમાં જો રાજહંસ રહેતા હોય તો સાપ જેવા જળચર પ્રાણીઓને તેઓ ખાઈ જાય છે. આપણા દેશમાં ગુજરાત એકમાત્ર એવું રાજ્ય છે જ્યાં ફ્લોમિંગો સૌથી વધારે પ્રમાણમાં જોવા મળે છે. ગ્રેટર ફ્લેમિંગોને ગુજરાતનું રાજ્ય પક્ષી પણ કહેવાય છે. રાજહંસનું વૈજ્ઞાનિક નામ ફોનિકૉપ્ટરસ રોઝેયસ છે. ફ્લેમિંગો એક પ્રવાસી પક્ષી છે, જે ઠંડીથી બચવા માટે અને ભોજનની શોધમાં એશિયામાં પ્રવાસ કરતા રહે છે. તેમની ખાસિયત એ છે કે જ્યારે તેઓ પ્રવાસ કરે ત્યારે ગ્રૂપમાં અને રાતના સમયે ઊડવાનું વધારે પસંદ કરે છે. ફ્લેમિંગો એકસાથે માર્ચ કરી શકે છે. એક દિશામાં એક પાંખ અને બીજી દિશામાં એક પગ રાખીને સરસ મજાનો ડાન્સ કરે છે. તેમને ડાન્સ કરતા જોવા ધીરજપૂર્વક તેનું નિરીક્ષણ કરવું પડે.

# વર્તમાન માં પણ પ્રભુ શ્રી રામ એની લક્ષ્મી રૂપા પત્ની સીતાજી સાથે આયોધ્યમાં પ્રવેશ્યા હતા એમ મનોરથ કર્યા બાદ દિવાળી માં આખો દેશ અયોધ્યા માફક દિવાળી ની રોશની માં ચમકી ઉઠે છે

**દીપાવલી ના શુભ પર્વ નિમિતે બધાને હેપ્પી દિવાળી અને નવા વર્ષ નિમિતે ભગવાન બુદ્ધ ના ઉપદેશ ને અનુસરીને અતીત ને ભૂલી વર્તમાન પર ધ્યાન કેન્દ્રિત કરતા બધાને નૂતન વર્ષના અભિનંદન પાઠવું છું.**

મંગલ ભવન અમંગલ હારી,
દ્રવહું સુ દશરથ અજીર બિહારી..

દીપકને પૂછ્યું ભમરા એ પૂછ્યું કે તને રાતભર બળી બળી ને દર્દ નથી થતું,દીપક એ ભમરા ને કીધું કે કોનાં માટે બળું છું?એના પરથી દર્દની વ્યાખ્યા કરું છું. પિતાના વચન અને માતા કૈક્યીના વરદાનના ને માથે ચડાવી ને ભગવાન શ્રી રામ એ ચૌદ વર્ષ વનવાસ પિતાની આજ્ઞા પ્રમાણે માન્યો હતી.શ્રી રામ ભગવાનના ધરા પર અભિજિત મુહૂર્ત માં બપોરે બાર વાગ્યે પ્રાગટ્ય સમયે આખા અયોધ્યા માં દીપ પ્રગટાવ્યા વગર આપોઆપ દીપ પ્રગટી ગયા હતા. માન્યતા અનુસાર ભગવાન વનવાસ જવા નીકળ્યા એ દિવસ થી લઈને ચૌદ વરસ વનવાસ ભોગવી પરત ફર્યા ત્યાં સુધી અયોધ્યા વાસીઓ એ રાત્રિએ પણ દીપ પ્રગટાવ્યા નહતા ને એકપણ ઉત્સવ મનાવ્યા નહતા.અયોધ્યાના લોકોએ એ કુંવર ભરત ની જેમ જ શ્રી રામના આગમન સુધી મહેલ ત્યાગી ને કુટિયા માં નિવાસ કર્યો હતો. અયોધ્યા એ ચૌદ વર્ષ સુધી વિધવા ના સફેદ કપડા સમાન નિર્લિપ્ત બની ને રામનામ માં લિન બની ચૂકી હતી.દૂત દ્વારા સમાચાર મળીયા કે પ્રભુ શ્રી રામ એ રાવણ નો વધ કર્યો ને લંકા ની રાજગાદી પર વિભીષણ નો રાજ્યાભિષેક કરી દિધો છે ત્યારે અયોધ્યા વાસી ના મનમાં ઉમંગ ઉત્સાહ પ્રભુ શ્રી રામ ના આગમન નો ઉત્સાહ જાગ્યો. પરંતુ દૂત એ સમાચાર આપ્યા કે લંકા પતિ વિભીષણ એ પ્રભુ શ્રી રામ ને થોડા દિવસો ત્યાં રોકી લીધા છે પરંતુ એ જલદી થી જલદી ત્યાંથી નીકળી ને અયોધ્યા પ્રસ્થાન કરશે ત્યારે પ્રભુ શ્રી રામ આગમન ની રાહ અયોધ્યા વાસીઓ જોવા લાગ્યા.

જ્યારે અયોધ્યા ના લોકો ને સમાચાર મળ્યા કે ભગવાન અમાસ ના દિવસે વહેલી સવારે પધારી રહ્યાં છે ત્યારે આખું અયોધ્યા આનંદ સાગર માં ડૂબી ગયું ને રાતભર જાગી ને અયોધ્યા ને દુલ્હન ની જેમ સજાવી ને ખૂબ નાચ્યા ને ભગવાન ના ભજન સંગીત માં ઊંઘ ,ભૂખ, તરસ ભૂલી ગયા હતા. અયોધ્યા વાસીઓ ના મનનો ઉમંગ "મેરે ઘર રામ પધારેંગે" લોકો અયોધ્યા ને દુલ્હન ની જેમ સજાવવા માટે ઊંઘ,તરસ અને ભૂખ વિસરી ચૂક્યા હતા. ચૌદ વર્ષ થી પ્રભુ શ્રી રામ ના વિરહ મા તડપતી અયોધ્યા નગરી પુનઃ પ્રભુ શ્રી રામ ના આગમન ના સમાચાર સાંભળતા જ નવ યૌવન બની ગઈ હતી. એવું કહેવાય છે કે કુંભાર વધારે ને વધારે માટી ના દીપક બનાવી શકે એટલે ખુદ સરયુ નદી એ એના પેટાળ માંથી માટી ઉલેચી ઉલેચી ને કિનારા પર પાણી પ્રવાહ દ્વારા લાવી હતી.કુંભાર ના ચાકડા એ ત્યારે વગર મહેનત એ એટલા કોડિયાં ઉતર્યા હતા ને કે એની ગણતરી કરવી મુશ્કેલ છે.

અયોધ્યા ની માનુની સ્ત્રીઓ એ ઢોલ નગારા કરતાલ પખાવજ ના સુરમાં શ્રી રામ અને સીતા અને લક્ષ્મણ ના આગમન મીઠા મધુરા કંઠ માં ગીતો બનાવી બનાવી ને ગાયા હતા.વિવિધ પકવાનો,મીઠાઈ ફરસાણ સાથે અન્ય ભાતભાતની સ્વાદિષ્ટ રસોઈ ભરત જી એ રાજ મહેલ ના વિશાળ રસોઈ ઘર માં સમગ્ર અયોધ્યા વાસીઓ માટે તૈયાર કરાવી. સ્ત્રીઓ, કન્યાઓ એ વિવિધ રંગો થી ઘરે ઘર ના આંગણ ને સુંદર રંગોળીઓ,બારસાખ પર આસોપાલવ ના તોરણો થી સજાવ્યું હતું.



દિવાળી ની શુભકામના
- રુપાલી દવે

આમ તો સામન્ય સંજોગો માં અમાસ ની તિથિ એ સારા કામ થતાં નથી કે શુભ પ્રસંગ થતાં નથી પરંતુ આસો વદ અમાસ ના દિવાળી ના શુભ પર્વ પર પ્રભુ શ્રી રામચંદ્ર જી નું માતા સીતા,ભાઈ લક્ષ્મણ અને વીર હનુમાનજી સાથે અયોધ્યા માં આગમન થયું હતુ.આ કારણોસર વર્તમાન માં પણ પ્રભુ શ્રી રામ એની લક્ષ્મી રૂપા પત્ની સીતાજી સાથે આયોધ્યમાં પ્રવેશ્યા હતા એમ મનોરથ કર્યા બાદ દિવાળી માં આખો દેશ અયોધ્યા માફક દિવાળી ની રોશની માં ચમકી ઉઠે છે.

રામ આયેંગે આયેંગે રામ આયેંગે
મેરી ઝોપડી મે આજ રામ આયેને.

આસો વદ દિવાળી ના દિવસે ઘરે ઘરે વિશેષ લક્ષ્મી પૂજા થાય.માતા લક્ષ્મી ની કૃપા પ્રાપ્તિ માટે વિધિવિધાન થી નિષ્ણાત બ્રાહ્મણ આગળ મુહૂર્ત મુજબ પૂજા કરાવવાં માં આવે છે. વર્ષ આખું ઘર ધન ધાન્ય અને સમૃદ્ધિ ઓથી ભર્યું ભર્યું રહે.ઘરની દીવાલો,છજાઓ પર લાઈટિંગ ગોઠવી ને રાતભર રંગ બેરંગી લાઈટો ની રોશની થી ઘર જગમગી ઉઠે છે. ઘરની બારીઓ,પિલરો,રંગોળી પર તેલ ના ભરેલા માટી ના કોડિયાં પ્રગટાવવા માં આવે છે. ઘર ને અંદર થી ફૂલો,ઝુમ્મરો,વગેરે થી શણગારવા માં આવે છે.

દિવાળી ના દિવસે જ લક્ષ્મી પૂજા કેમ?અમાસ ના દિવસે લક્ષ્મી પૂજા નું શું મહત્વ? આ દિવસ એ પ્રભુ નું અયોધ્યા માં પુનરાગમન થયું હતું. માતા સીતાજી સ્વયં લક્ષ્મી સ્વરૂપા છે એટલે ના દિવસે લક્ષ્મી પૂજા થાય છે.

દેવી લક્ષ્મી,દેવી સરસ્વતી,ગણેશજી અને કુબેર ની પૂજા કરવામાં આવે છે. પૂજા માં રાખેલ ભીની પીળી હળદર ને પૂજા બાદ તિજોરી માં રાખવા થી ધન ખૂટતું નથી. પીળી કોડિયું, ગોમતી ચક્ર,લાલ ચણોઠી ને કાપડ માં બાંધી ને ઘર ના મુખ્ય દરવાજા ની જમણી બાજુ એ લગાડવાથી માં લક્ષ્મીજી ની કૃપા પ્રાપ્તિ થાય છે. હિન્દુ સંસ્કૃતિ માં દિવાળીની આ પરંપરા એ માનવીય જીવન રહેશે ત્યાં સુધી થતું રહેશે જ..એનું પ્રમાણ દાયકા ઓ સુધી માણસ ભગવાન ના મહેલ સમાં રામ મંદિર માટે લડ્યો પરંતુ પરિણામ ઝીરો મળ્યું. ભગવાન ખુદ એ પોતાના હક ની લડાઈ હાથ માં લીધી ને કેસ જીત્યા..યુગો થી હિન્દુ ધર્મ એ મેદાન મા તડકા ગરમી માં ધબકતું હતુ એ હવે પૃથ્વી ના અંત સુધી મંદિર મા પધારશે ને લાખો કરોડો લોકોની આસ્થા ને જીવાડશે...

"बजाओ ढोल स्वागत में मेरे प्रभु श्री राम पधारे हे"

પુરણ અનુસાર આ દિવસે દુર્યોધન એ ભીમ અને એના ભાઈઓ ને વેરઝેર ભૂલી ને એકબીજા ને ગળે વળગ્યા હતા. દિવસ ભર દોસ્તો ની જેમ સાથે વિતાવ્યો હતો. બેસતા વર્ષના દિવસે હસ્તિનાપુર એ દિવસે સાચા અર્થમાં દિવાળી મનાવી હતી. રુકમણી જી ના ભાઈ રુકમી ને એની બહેન ના લગ્ન એના મિત્ર શિશુપાલ સાથે કરાવવા હતા પરંતુ ભગવાન શ્રી કૃષ્ણ એ ભર મંડપ માં રુકમણી જી નું અપહરણ કર્યું ને બધા સામે ગાંધર્વ વિવાહ પણ કર્યા. રુકમણી જી એ ભગવાન ના પ્રિયા શ્રી લક્ષ્મીજી સ્વરૂપ હતા.એણે ભગવાન ને બ્રહ્મદેવ દ્વારા ગુપ્ત સંદેશ મોકલ્યો હતો કે શિશુપાલ સાથે લગ્ન કરવા કરતાં તો હું મૃત્યુ અપનાવીશ. તમે જલદી આવી ને મારું અપહરણ કરો ને નહિતર આત્મ હત્યા કરી નાખીશ.ભગવન શ્રી કૃષ્ણ એ અસંખ્ય મોટા મોટા રાજાઓ વચ્ચે થી રુક્મિણી નું અપહરણ કરીને દિવાળી ના દિવસે એની સાથે ગાંધર્વ વિવાહ કર્યા હતા.

ભગવાન શ્રી કૃષ્ણ એ રુકમણી જી નું અપહરણ કર્યું હતું એટલે રૂકમિ પ્રત્યેક ક્ષણ એ વેરની આગમા બળતો હતો. છતાંય રૂકમી ને પોતાની બહેન રુકમણી પર અત્યંત પ્રીતિ હોવાના લીધે પોતાની પુત્રી રોચના ના લગ્ન બહેન રુકમણી ના પુત્ર સાથે કારતક સુદ એકમના દિવસે જૂનું વેર ભૂલીને લગ્નન કર્યા હતા..

મારું તો માનવું છે કે માણસ એ અન્યમાં પણ ઈશ્વર ના દર્શન કરીને ધન્યતા અનુભવી જોઈએ. યુદ્ધ કે વિરોધ કે દુશ્મનાવટ એ માનવીય જીવન ને વિનાશના આરે લાવી ને મૂકી શકે છે.ભગવાન બુદ્ધ એ ઉપદેશ:

"નફરત ને નફરત થી ખતમ નથી કરી શકાતી,
તે ફકત પ્રેમ થી જ ખતમ થઈ શકે છે,
આ એક પ્રાકૃતિક સત્ય છે."

દીપાવલી ના શુભ પર્વ નિમિતે બધાને હેપ્પી દિવાળી અને નવા વર્ષ નિમિતે ભગવાન બુદ્ધ ના ઉપદેશ ને અનુસરીને અતીત ને ભૂલી વર્તમાન પર ધ્યાન કેન્દ્રિત કરતા બધાને નૂતન વર્ષના અભિનંદન પાઠવું છું.

# મલ્ટી સ્ટારર ફિલ્મો રિલીઝ પહેલાં જ અટવાઈ...

## 'સિંઘમ અગેઈન' અને 'ભૂલ ભુલૈયા 3'ને લાગ્યો ઝટકો, સાઉદી અરેબિયાએ મૂક્યો પ્રતિબંધ



(એજન્સી) મુંબઈ | તા.31

અજય દેવગનની ફિલ્મ 'સિંઘમ અગેઈન' અને કાર્તિક આર્યન સ્ટારર 'ભૂલ ભુલૈયા 3' શુક્રવારે સિનેમાઘરોમાં રિલીઝ થવા જઈ રહી છે. બોક્સ ઓફિસ પર બંને વચ્ચે જોરદાર ટક્કર થવાની છે. બંને પોતાની ફિલ્મને બને તેટલા લોકો સુધી લઈ જવાનો પ્રયાસ કરી રહ્યા છે. એવામાં બંને ફિલ્મો માટે એક મુશ્કેલી ઉભી થઈ છે.

'સિંઘમ અગેઈન' અને 'ભૂલ ભુલૈયા 3' પર આ દેશે મુક્યો પ્રતિબંધ 'સિંઘમ અગેઈન' અને 'ભૂલ ભુલૈયા 3'ને સાઉદી અરેબિયામાં પ્રતિબંધિત કરવામાં આવી છે. પિંકવિલાના રિપોર્ટ અનુસાર, ધર્મ સાથે જોડાયેલા કેટલાક મુદ્દાને કારણે ફિલ્મ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. સાઉદી અરેબિયાએ અજય દેવગનની ફિલ્મ 'સિંઘમ અગેન' પર પ્રતિબંધ મૂક્યો છે. તેમનું કહેવું છે કે આ ફિલ્મ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે કારણ કે તે હિંદુ-મુસ્લિમ વચ્ચે ટકરાવ દેખાડી રહી છે.

'ભૂલ ભુલૈયા 3' પર કેમ પ્રતિબંધ મૂકવામાં આવ્યો કાર્તિક આર્યનની ફિલ્મ 'ભૂલ ભુલૈયા 3' પર સમલૈંગિકતાને કારણે પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. કહેવામાં આવી રહ્યું છે કે રુહ બાબા (કાર્તિક આર્યન) ફિલ્મમાં હોમોસેક્સ્યુઅલ રેફરન્સનો ઉપયોગ કરી રહ્યો છે. આવી સ્થિતિમાં જો આ ફિલ્મને સાઉદી અરેબિયામાં રિલીઝ કરવાની મંજૂરી આપવામાં આવે તો તેને મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે.

'સિંઘમ અગેઈન'માં રામાયણ મુદ્દે ભારતમાં પણ 'મહાભારત' બોલિવૂડ હંગામા અનુસાર, સેન્સર બોર્ડ કમિટીએ જરૂરિયાત મુજબ બે જગ્યાએ 23 સેકન્ડનો 'મેચ કટ' સીનને બદલવા માટે કહ્યું હતું. રિપોર્ટ અનુસાર, પહેલા 23 સેકન્ડના લાંબા સીનમાં ભગવાન રામ, માતા સીતા અને હનુમાનને સિંઘમ (અજય દેવગન), અવની (કરીના કપૂર) અને સિમ્બા (રણવીર સિંહ)ના રૂપમાં બતાવવામાં આવ્યા છે. બીજા 23 સેકન્ડ લાંબા સીનમાં સિંઘમ અને શ્રી રામના ચરણ સ્પર્શનો સીન બતાવવામાં આવ્યો છે. તેમાં ફેરફાર કરવા માટે કહેવામાં આવ્યું હતું.

બંને ફિલ્મની સ્ટાર કાસ્ટ કાર્તિક ઉપરાંત, અનીસ બઝમીની 'ભૂલ ભુલૈયા 3'માં વિદ્યા બાલન, માધુરી દીક્ષિત અને તૃપ્તિ ડિમરી પણ છે. અજય દેવગન ઉપરાંત રોહિત શેટ્ટીની 'સિંઘમ અગેઈન'માં અક્ષય કુમાર, કરીના કપૂર ખાન, દીપિકા પાદુકોણ, સલમાન ખાન, ટાઈગર શ્રોફ, જેકી શ્રોફ, અર્જુન કપૂર અને રણવીર સિંહ છે.

દિવાળી પર ઘણી મોટી ફિલ્મો રિલીઝ થાય છે આ પહેલીવાર નથી જ્યારે દિવાળી પર ફિલ્મોની ક્લેશ ચર્ચામાં છે. આ પહેલા પણ દિવાળીના અવસર પર બોક્સ ઓફિસ પર ઘણી મોટી ફિલ્મો ટકરાઈ છે. સૂર્યવંશી 2021 માં, અક્ષય કુમાર અને કેટરિના કૈફ અભિનીત, માત્ર 'સૂર્યવંશી' જ દિવાળી પર રિલીઝ થઈ હતી. લોકો આ ફિલ્મની ઘણા સમયથી રાહ જોઈ રહ્યા હતા. આ ફિલ્મને મોટી સફળતા મળી.

રામ સેતુ vs થેન્ક ગોડ રામ સેતુ અને થેન્ક ગોડ 2022માં દિવાળી પર રિલીઝ થઈ હતી. રામ સેતુમાં અક્ષય કુમાર અને જેકલીન ફર્નાન્ડીઝ અભિનિત હતા. અને થેન્ક ગોડમાં અજય દેવગન અને સિદ્ધાર્થ મલ્હોત્રા હતા.

'ટાઈગર 3' 'ટાઈગર 3' 2023 માં દિવાળી પર એકલા રિલીઝ થઇ હતી. સલમાન ખાન અને કેટરિના કૈફની આ ફિલ્મે બોક્સ ઓફિસ પર સારો દેખાવ કર્યો હતો.

# 'તમાશા' રિજેક્ટ કરવા પર અનુષ્કાને પસ્તાવો: કહ્યું- ઈમ્તિયાઝ ખૂબ જ સારા ડિરેક્ટર છે, જો મેં ફિલ્મ કરી હોત તો પ્રશંસા મળી હોત...

(એજન્સી) મુંબઈ | તા.31

ઈમ્તિયાઝ અલી દ્વારા નિર્દેશિત ફિલ્મ 'તમાશા'માં લીડ એક્ટ્રેસ તરીકે અનુષ્કા શર્મા પહેલી પસંદ હતી. જોકે અનુષ્કાએ આ ફિલ્મને નકારી દીધી હતી. અનુષ્કા કહે છે કે જો તેણે ઈમ્તિયાઝ અલીની આ ફિલ્મ કરી હોત તો તેને ચોક્કસપણે પ્રશંસા મળી હોત, કારણ કે તે એક સારા ડિરેક્ટર છે.

ANI સાથેની વાતચીતમાં અનુષ્કા શર્માને પૂછવામાં આવ્યું કે શું 'તમાશા' ફિલ્મ ન કરવા બદલ કોઈ અફસોસ છે? આના પર અનુષ્કાએ કહ્યું કે, 'મેં આ ફિલ્મ ના પાડી દીધી હતી કારણ કે આ ફિલ્મની સ્ટોરી મોટાભાગે રણબીર કપૂરના પાત્ર પર આધારિત હતી.'

અનુષ્કાએ કહ્યું હતું કે, 'મેં આ ફિલ્મ જોઈ નથી. પણ હા, જો મેં આ ફિલ્મ કરી હોત તો મને ચોક્કસપણે પ્રશંસા મળી હોત, કારણ કે ઈમ્તિયાઝ અલી એક ગ્રેટ ડિરેક્ટર છે. તેની કોઈપણ ફિલ્મમાં કામ કરતો એક્ટર હંમેશા સારો હોય છે.

'તમાશા' ફિલ્મ 2015માં રિલીઝ થઈ હતી 'તમાશા' ફિલ્મ વર્ષ 2015માં રિલીઝ થઈ હતી. આમાં રણબીર કપૂરે વેદ વર્ધન સાહનીની ભૂમિકા ભજવી હતી, જે સ્ટોરી કહેવા અને નાટકનો શોખીન છે. કોર્સિકાની એકલ સફરમાં તે તારા મહેશ્વરીને મળ્યો. દીપિકા પાદુકોણની આ ભૂમિકા ભજવી છે. આ પછી તેમની વચ્ચે ગાઢ સંબંધ બંધાય છે. રણબીર કપૂર અને દીપિકા પાદુકોણ સ્ટારર 'તમાશા' બોક્સ ઓફિસ પર ખાસ કમાલ કરી શકી ન હતી.



# જેકલીન ફર્નાન્ડિઝે ગાયોની પૂજા કરી

## એક્ટ્રેસ ચારો ખવડાવતી જોવા મળી, ચાહકોએ કહ્યું - તે ખ્રિસ્તી હોવા છતાં પણ હિંદુ પરંપરા નિભાવી

(એજન્સી) મુંબઈ | તા.31

દિવાળીનો તહેવાર શરૂ થઈ ગયો છે. દરેક વ્યક્તિ પોતપોતાની રીતે રોશનીનો આ તહેવાર ઉજવી રહ્યો છે. જેકલીન ફર્નાન્ડિઝે બુધવારે ધનતેરસના તહેવારની ઉજવણી કરી હતી. તેણે તેની કેટલીક તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરી છે. આ દરમિયાન ક્રિશ્ચિયન ધર્મી જેકલીન પણ ગાયોને ખવડાવતી જોવા મળી હતી. ખરેખર, જેકલીને ધનતેરસના તહેવારની 10 તસવીરો ઈન્સ્ટાગ્રામ પર શેર કરી છે. કેટલીક તસવીરોમાં જેકલીન તેના પરિવાર અને મિત્રો સાથે જોવા મળી રહી છે. આ સિવાય કેટલીક વધુ તસવીરોમાં જેકલીન એક શેલ્ટર હોમમાં ગાયોને ખવડાવતી જોવા મળી હતી. ખ્રિસ્તી ધર્મી હોવા છતાં, ગાયો પ્રત્યેના તેના પ્રેમ માટે દરેક વ્યક્તિ તેમની પ્રશંસા કરી રહ્યા છે. જેક્લિને તસવીરો સાથે કેપ્શન આપ્યું, 'ધનતેરસની શુભકામનાઓ! કેટલો સુંદર દિવસ છે! દરેકને અદ્ભુત તહેવારની શુભેચ્છાઓ!!' ચાહકોની પ્રતિક્રિયા જેકલીનની આ તસવીરો પર ફેન્સ પણ સુંદર પ્રતિક્રિયા આપી રહ્યા છે. એક યુઝરે લખ્યું, 'સૌથી નમ્ર વ્યક્તિ', બીજાએ લખ્યું, 'ક્રિશ્ચિયન હોવા છતાં ગાયો માટે આટલો પ્રેમ, ભગવાન તમારું ભલું કરે,' ત્રીજાએ લખ્યું, 'ક્રિશ્ચિયન હોવા છતાં હિન્દુ પરંપરા નિભાવી.', આ સિવાય યુઝર્સે લખ્યું. અભિનેત્રીને પણ દિવાળીની શુભેચ્છા.

જેકલીન ફર્નાન્ડીઝ 'હાઉસફુલ 5'માં જોવા મળશે વર્ક ફ્રન્ટની વાત કરીએ તો જેકલીન ફર્નાન્ડીઝ ફિલ્મ 'હાઉસફુલ 5'માં જોવા મળશે. તરુણ મનસુખાની દ્વારા નિર્દેશિત આ ફિલ્મમાં અક્ષય કુમાર, રિતેશ દેશમુખ, અભિષેક બચ્ચન જેવા ઘણા સ્ટાર્સ જોવા મળશે. આ ફિલ્મ વર્ષ 2025માં રિલીઝ થશે.

# સલમાને ઈન્દિરા કૃષ્ણનને ધમકી આપી હતી

## થપ્પડના સીન પહેલા આપવામાં આવી હતી ચેતવણી, એક્ટ્રેસે કહ્યું- પહેલા હું ખૂબ ડરી ગઈ હતી, પરંતુ તે મજાક કરી રહ્યો હતો

(એજન્સી) મુંબઈ | તા.31

અભિનેત્રી ઈન્દિરા કૃષ્ણને સલમાન ખાન સાથે ફિલ્મ 'તેરે નામ'માં કામ કર્યું હતું. તાજેતરના એક ઈન્ટરવ્યૂમાં ઈન્દિરાએ ખુલાસો કર્યો હતો કે તેણે એક સીનમાં સલમાન ખાનને થપ્પડ મારી હતી. જો કે આ શૂટિંગ પહેલા સલમાન ખાને તેને ધમકી આપી હતી. તેણે કહ્યું હતું કે જો ઈન્દિરા તેમને જોરથી થપ્પડ મારશે તો તેઓ હંગામો મચાવશે. જોકે સલમાને આ બધી વાતો મજાકમાં કહી હતી.



જોઈન ફિલ્મ્સ YouTube ચેનલ સાથેના એક ઈન્ટરવ્યૂમાં ઈન્દિરા કૃષ્ણને સલમાન ખાન સાથે કામ કરવાની વાતો શેર કરી હતી. તેણે કહ્યું, 'સલમાને મારી સાથે મજાક કરી હતી. થપ્પડના સીન પહેલા તેણે કહ્યું હતું - 'ઈન્દિરા, જો થોડું પણ વાગ્યુંને તો જો જો હું શું કરું છું. હું હંગામો મચાવીશ.' 'આ સાંભળીને હું ડરી ગઈ અને ગભરાઈ ગઈ. મારા હાથ ધ્રૂજતા હતા. મારા પર દબાણ હતું કે હું સીન કેવી રીતે કરીશ. જોકે, બાદમાં તમામ ટેન્શનનો અંત આવ્યો કારણ કે તેણે આ બધું મજાકમાં કહ્યું હતું.' ઈન્દિરાએ કહ્યું- સલમાન મસ્તી-પ્રેમી વ્યક્તિ છે ઈન્દિરાએ વધુમાં કહ્યું કે સલમાન ખૂબ જ સ્વીટ વ્યક્તિ છે. તેમની સાથે કામ કરવું સરળ છે. સાથે જ તેને મસ્તી સાથે કામ કરવાનું પણ પસંદ છે.

આ ફિલ્મે 24.54 કરોડની કમાણી કરી હતી નોંધનીય છે કે, 2003માં રિલીઝ થયેલી તેરે નામ રોમેન્ટિક જોનરની ફિલ્મ છે. આ ફિલ્મમાં સલમાન ખાન ઉપરાંત ભૂમિકા, રવિ કૃષ્ણ, મહિમા ચૌધરી જેવા સેલેબ્સે કામ કર્યું હતું. આ ફિલ્મ સતીશ કૌશિક દ્વારા નિર્દેશિત કરવામાં આવી હતી. 10 કરોડના બજેટમાં બનેલી આ ફિલ્મે 24.54 કરોડની કમાણી કરી હતી.

# અમીષાને મળ્યો હતો શાહરુખ સાથે કામ કરવાનો મોકો

## સેક્રેટરીએ 'ચલતે-ચલતે'ની ઓફર વિશે કહ્યું જ નહીં, આજ સુધી તેનો અફસોસ

(એજન્સી) મુંબઈ | તા.31

શાહરૂખ ખાનની ફિલ્મ ચલતે-ચલતે રાની મુખર્જી પહેલા અમીષા પટેલને ઓફર કરવામાં આવી હતી. જો કે, અમીષાના સેક્રેટરીએ તેને આ વાત કહી ન હતી. સેક્રેટરીએ અમીષાને ટાંકીને ફિલ્મની ઓફર ફગાવી દીધી હતી. અમીષાને આજે પણ આ વાતનો અફસોસ છે. એક્ટ્રસે તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં આ વાતનો ખુલાસો કર્યો છે.

અમીષા શાહરૂખને પણ મળી હતી યુટ્યુબ ચેનલ BeautybyBiE ને આપેલા ઈન્ટરવ્યુમાં અમીષા પટેલે કહ્યું, 'મારા પ્રોફેશનમાં હું કેટલીક ફિલ્મો ચૂકી ગઈ હતી. કેટલીક ઘણી સફળ રહી અને કેટલીક ફિલ્મો ફ્લોપ રહી. મેં શાહરૂખ ખાનની ફિલ્મ 'ચલતે-ચલતે' નથી કરી કારણ કે મને ખબર નહોતી કે તે મને ઓફર કરવામાં આવી હતી. મારા સેક્રેટરીએ મને કહ્યું ન હતું કે આ ફિલ્મની ઓફર આવી હતી.

જ્યારે ફિલ્મ રિલીઝ થવાની હતી અને શાહરૂખ તેના માટે ડબિંગ કરી રહ્યો હતો ત્યારે તે મને ડબિંગ સ્ટુડિયોમાં લઈ ગયો. કેટલાક એડિટ પણ બતાવ્યા હતા. શાહરૂખે કહ્યું હતું- આવો, હું તમને ફિલ્મનું એડિટ બતાવું, જેના માટે તમે ના પાડી હતી.

અમીષા પટેલે ફિલ્મ 'કહો ના પ્યાર હૈ'થી એક્ટિંગની શરૂઆત કરી હતી. આ ફિલ્મમાં તેની સામે હૃતિક રોશન જોવા મળ્યો હતો. રાકેશ રોશનના નિર્દેશનમાં બનેલી આ ફિલ્મ બોક્સ ઓફિસ પર હિટ રહી હતી. આ પછી અમીષાને ફિલ્મ 'ગદર'થી ઘણી લોકપ્રિયતા મળી.

કેટલીક ફિલ્મોમાં કામ કર્યા બાદ અમીષાએ ફિલ્મોમાંથી બ્રેક લીધો હતો. ત્યાર બાદ તે 2023માં 'ગદર 2' સાથે ફિલ્મોમાં પાછી ફરી હતી. આ ફિલ્મ પણ હિટ રહી હતી. આ ફિલ્મે બોક્સ ઓફિસ પર 686 કરોડ રૂપિયાની કમાણી કરી હતી.

# સલમાનને મોતની ધમકી આપનારની ધરપકડ: 56 વર્ષના આરોપીએ ટ્રાફિક પોલીસને મેસેજ કરીને 2 કરોડ રૂપિયાની માંગણી કરી હતી

(એજન્સી) મુંબઈ | તા.31

સલમાન ખાનને મોતની ધમકી આપનાર અને 2 કરોડ રૂપિયાની ખંડણી માંગનાર આરોપીની બુધવારે મુંબઈ પોલીસે ધરપકડ કરી છે. તેની ઓળખ આઝમ મોહમ્મદ મુસ્તફા (56 વર્ષ) તરીકે થઈ હતી. આઝમે મુંબઈ ટ્રાફિક પોલીસને એક સંદેશ મોકલ્યો હતો જેમાં કહેવામાં આવ્યું હતું કે, જો પૈસા નહીં ચૂકવવામાં આવે તો અભિનેતાનો જીવ લઈ લેવામાં આવશે. મેસેજ મળ્યા બાદ વર્લીમાં હાજર અધિકારીઓએ મેસેજ મોકલનાર વ્યક્તિ વિરુદ્ધ તપાસ શરૂ કરી હતી. 25મી ઓક્ટોબરે પણ ધમકી મળી હતી 5 દિવસ પહેલા પણ સલમાનને આવી જ રીતે જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. મુંબઈ પોલીસે આરોપીની મંગળવારે નોઈડાથી ધરપકડ કરી હતી. તેની ઓળખ મોહમ્મદ તૈયબ (20) તરીકે થઈ છે. ACP નોઈડા પ્રવીણ કુમાર સિંહે કહ્યું- આરોપીને સૂરજપુર કોર્ટમાં રજૂ કરવામાં આવશે. ત્યાંથી મુંબઈ પોલીસ તેને ટ્રાન્ઝિટ રિમાન્ડ પર લેશે. તૈયબે 25 ઓક્ટોબરની સાંજે એનસીપી નેતા બાબ સિદ્દીકીના પુત્ર ઝીશાન સિદ્દીકીની બાંદ્રા ઓફિસમાં મેસેજ મોકલ્યો હતો. જેમાં સલમાન ખાન અને ઝીશાનને ખંડણી નહીં ચૂકવવામાં આવે તો જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. ઝીશાનના એક કર્મચારીએ પોલીસમાં એફઆઈઆર નોંધાવી હતી. સલમાનને ધમકી આપવાના કેસમાં આરોપીની ઝારખંડમાંથી ધરપકડ કરવામાં આવી હતી આ પહેલાં પણ બાબા સિદ્દીકીની હત્યાના છ દિવસ બાદ (12 ઓક્ટોબર) સલમાનને જાનથી મારી નાખવાની ધમકીઓ મળી હતી. આ ધમકી મુંબઈ ટ્રાફિક કંટ્રોલ રૂમને વોટ્સએપ મેસેજ દ્વારા મોકલવામાં આવી હતી. દાદોએ લોરેન્સ ગેંગનો સભ્ય હોવાનો દાવો કર્યો હતો.

મુંબઈ પોલીસના જણાવ્યા અનુસાર, ધમકીભર્યા મેસેજમાં લખવામાં આવ્યું હતું- આને હળવાશથી ન લો. જો સલમાન ખાને જીવિત રહેવું હોય અને લોરેન્સ સાથેની દુશ્મની ખતમ કરવી હોય તો તેણે 5 કરોડ રૂપિયા ચૂકવવા પડશે. જો પૈસા નહીં આપવામાં આવે તો સલમાન ખાનની હાલત બાબા સિદ્દીકી કરતાં પણ ખરાબ થઈ જશે. મુંબઈ પોલીસે તેની 23 ઓક્ટોબરે ઝારખંડના જમશેદપુરથી ધરપકડ કરી હતી



## આ પહેલા સલમાનને કેટલી વાર ધમકી મળી?

**જાન્યુઆરી** 2024: બે અજાણ્યા લોકોએ ફેન્સિંગ વાયર તોડીને સલમાન ખાનના ફાર્મ હાઉસમાં ઘૂસવાનો પ્રયાસ કર્યો. પોલીસના હાથે ઝડપાઈ જતાં બંનેએ પોતાને સલમાનના ચાહક જાહેર કર્યા હતા. તેમની પાસેથી નકલી આધાર કાર્ડ મળી આવ્યા હતા. આ કારણે બંને વિરુદ્ધ FIR પણ નોંધવામાં આવી હતી.

**એપ્રિલ** 2023: એક 16 વર્ષીય સગીરે મુંબઈ પોલીસને ફોન કરીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. પોલીસે તેની અટકાયત કરી હતી. તેણે મુંબઈ પોલીસને તેનું નામ રોકી ભાઈ હોવાનું જણાવ્યું હતું. તેણે કહ્યું હતું કે તે જોધપુરનો રહેવાસી છે અને 30 એપ્રિલ 2023ના રોજ સલમાનને મારી નાખશે.

**માર્ચ** 2023: જોધપુરના રહેવાસી ધાકડ્રમે સલમાનના ઓફિશિયલ મેલ પર 3 ઈ-મેલ મોકલ્યા હતા. જેમાં લખવામાં આવ્યું હતું કે સલમાન ખાન તમારો આગામી નંબર છે, જોધપુર આવતા જ તમને સિદ્ધુ મૂઝવાલાની જેમ મારી નાખવામાં આવશે.

**જૂન** 2022: સલમાનના પિતા સલીમ ખાન મોર્નિંગ વોક કરીને ઘરે પરત ફર્યા ત્યારે તેમને એક અજાણ્યો પત્ર મળ્યો જેમાં તેમને અને સલમાનને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. પત્રમાં લખ્યું હતું- 'સલમાન ખાન તમારી હાલત મૂઝવાલા જેવી કરી દેશે.' આ પછી સલીમ ખાને પોતાના સુરક્ષાકર્મીઓની મદદથી પોલીસનો સંપર્ક કર્યો અને આ અંગે બાંદ્રા પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો.

લોરેન્સ અને સલમાન વચ્ચે શું છે વિવાદ? આ સમગ્ર મામલો વર્ષ 1998માં બનેલા કાળા હરણના શિકાર કેસ સાથે જોડાયેલો છે. ત્યાર બાદ આમાં સલમાન ખાનનું નામ સામે આવ્યું અને તેની પણ ધરપકડ કરવામાં આવી હતી. જોકે, દોષિત ઠેરવ્યા બાદ પુરાવાના અભાવે સલમાનને જામીન પર છોડવામાં આવ્યો હતો. ત્યારથી ગેંગસ્ટર લોરેન્સ સલમાન પાછળ પડી ગયો છે. લોરેન્સ ઈચ્છે છે કે કાળિયાર શિકાર મામલે સલમાન ખાન બિશ્નોઈ સમુદાયની માફી માંગે. હાલમાં લોરેન્સ ગુજરાતની સાબરમતી જેલમાં બંધ છે, તે દરરોજ સલમાનને મારી નાખવાની ધમકી આપે છે. એપ્રિલ 2024માં તેની ગેંગે સલમાનના ગેલેક્સી એપાર્ટમેન્ટના ઘરની બહાર ફાયરિંગની જવાબદારી પણ લીધી હતી. ધમકીઓ છતાં કામ કરતા કલાકારો આ દિવસોમાં, સલમાન કડક સુરક્ષા વચ્ચે તેના કામની પ્રતિબદ્ધતાઓને પૂર્ણ કરી રહ્યો છે. આ દિવસોમાં 'બિગ બોસ 18' સિવાય તે પોતાની ફિલ્મ 'સિકંદર'માં પણ વ્યસ્ત છે. આ ઉપરાંત, અભિનેતા ટૂંક સમયમાં તેની 'દબંગ રીલોડેડ' ટૂર માટે દુબઈ પણ જશે. અગાઉ વીકેન્ડ કા વાર એપિસોડમાં પણ સલમાને હાવભાવ દ્વારા પોતાની લાગણીઓ શેર કરી હતી. એક્ટરે કહ્યું હતું કે તે શોના સેટ પર આવવા માંગતો ન હતો પરંતુ પ્રોફેશનલ કમિટમેન્ટના કારણે તેણે ત્યાં આવવું પડ્યું.

### 6 મહિનામાં 2 કેસ, ત્યાર બાદ સલમાનની સુરક્ષા વધારવામાં આવી

12 ઓક્ટોબર: સલમાનના નજીકના બાબા સિદ્દીકીની હત્યા સલમાન ખાનના નજીકના સાથી અને NCP નેતા બાબા સિદ્દીકીના પુત્ર ઝીશાન ઓફિસમાંથી બહાર આવ્યા હતા. ત્યારબાદ તેના પર 6 ગોળીઓ ચલાવવામાં આવી હતી. બે ગોળી સિદ્દીકીના પેટમાં અને એક છાતીમાં વાગી હતી. તેને તાત્કાલિક લીલાવતી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા, જ્યાં રાત્રે 11.27 વાગ્યે તેને મૃત જાહેર કરવામાં આવ્યો. આ હુમલાની જવાબદારી લોરેન્સ ગેંગે લીધી હતી.

14 એપ્રિલ: સલમાનના એપાર્ટમેન્ટ પર ફાયરિંગ સલમાન ખાનના બાંદ્રા સ્થિત ઘર ગેલેક્સી એપાર્ટમેન્ટમાં ફાયરિંગ થયું હતું. આ હુમલાની જવાબદારી લોરેન્સ ગ્રુપે લીધી હતી. ઘટનાના બે મહિના બાદ સલમાને મુંબઈ પોલીસને નિવેદન આપ્યું હતું. તેણે કહ્યું હતું કે, 'હું વારંવાર અલગ-અલગ લોકો દ્વારા નિશાન બનીને કંટાળી ગયો છું. અગાઉ પણ અનેક વખત ધમકીઓ મળી છે, દંડ પણ ફટકારવામાં આવ્યો છે. હું ઘણા કેસોમાં ફસાઈ ગયો છું.'

# બેન સ્ટોક્સના ઘરમાં ચોરી કિંમતી સામાન અને મેડલ ગાયબ થયા

## સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર એક પોસ્ટ દ્વારા ખુલાસો કર્યો

(એજન્સી) ઈંગ્લેન્ડ તા 31



ઈંગ્લેન્ડ ક્રિકેટ ટીમના કેપ્ટન બેન સ્ટોક્સે જણાવ્યું કે તેમના ઘરે ચોરી થઈ છે. બેન સ્ટોક્સે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર એક પોસ્ટ દ્વારા આ વાતનો ખુલાસો કર્યો છે.

તેણે જણાવ્યું કે જ્યારે તે ઈંગ્લેન્ડની ટીમ સાથે પાકિસ્તાન પ્રવાસ પર હતો ત્યારે ચોરોએ તેના ઘરમાંથી ઘરેણાં અને કિંમતી સામાનની ચોરી કરી હતી. તેના ઘણા મેડલ પણ ચોરાઈ ગયા છે. સ્ટોક્સે કહ્યું કે ચોરી ત્યારે થઈ જ્યારે મારી પત્ની અને બે નાના બાળકો ઘરે હતા. તે સારું છે કે મારા પરિવારના કોઈપણ સભ્યને શારીરિક નુકસાન થયું નથી.

પાકિસ્તાન સાથેની બીજી ટેસ્ટ મેચ વખતે બની ઘટના ઈંગ્લેન્ડ ક્રિકેટ ટીમના સુકાની બેન સ્ટોક્સે ખુલાસો કર્યો છે કે જ્યારે તે પાકિસ્તાનમાં ટેસ્ટ સીરીઝ રમી રહ્યો હતો ત્યારે માસ્ક પહેરેલા માણસોના એક જૂથે તેના ઘરમાં ચોરી કરી હતી. સ્ટોક્સની પત્ની, ક્લેર, અને તેના બાળકો, લેટોન અને લિબી, ગુનો બન્યો ત્યારે અંદર હતા, પરંતુ સદનસીબે, કોઈને નુકસાન થયું ન હતું. ઘરઆંગણે ચોરીનો અનુભવ આ મહિનાની શરૂઆતમાં 17 ઓક્ટોબરે થયો હતો, જ્યારે ઈંગ્લેન્ડની ટીમ મુલતાન ખાતે પાકિસ્તાન સામે બીજી ટેસ્ટ રમી રહી હતી. ઈંગ્લેન્ડ ક્રિકેટ ટીમના કેપ્ટન બેન સ્ટોક્સ, પત્ની અને બાળકો સાથે. ઈંગ્લેન્ડ ક્રિકેટ ટીમના કેપ્ટન બેન સ્ટોક્સ, પત્ની અને બાળકો સાથે. ચોરીની આ ઘટના દરમિયાન, સ્ટોક્સની કેટલીક સૌથી મૂલ્યવાન ચીજવસ્તુઓ ચોરાઈ ગઈ હતી, જેના માટે તેણે જાહેર જનતા અને પોલીસને 'મદદ માટે અપીલ' પોસ્ટ કરી છે, જેમાં તેની પાસે રહેલી કેટલીક વસ્તુઓ પરત મેળવવાની આશા વ્યક્ત કરી છે.

# IPL મેગા ઓક્શન- રિટેન કરાયેલા ખેલાડીઓની યાદી આજે જાહેર કરાશે

## 10 ફ્રેન્ચાઈઝીઓ પાસે 1200 કરોડ રૂપિયા, ધોની માટે અનકેપ્ડ નિયમનો ઓપ્શન; રિટેન્શન અંગે જાણો

(એજન્સી) મુંબઈ તા 31

IPL મેગા ઓક્શન-2024 માટે ખેલાડીઓને રિટેન કરવાની છેલ્લી તારીખ ગુરુવાર, ઓક્ટોબર 31 છે. આવતીકાલે સાંજે 5 વાગ્યા પહેલા તમામ ફ્રેન્ચાઈઝી પોતાના રિટેન કરાયેલા ખેલાડીઓના નામ IPL ઓર્ગેનાઈઝિંગ કમિટીને મોકલી આપશે. આ યાદી સાથે નક્કી થશે કે કયો ખેલાડી કઈ ફ્રેન્ચાઈઝી સાથે રમશે? એટલું જ નહીં, પૂર્વ ભારતીય કેપ્ટન એમએસ ધોની આગામી IPL રમશે કે નહીં તે પણ બહાર આવશે. ધોનીનો IPL રમવાનો રસ્તો એક મહિના પહેલા 28 સપ્ટેમ્બરે BCCIએ IPLની નવી રીટેન્શન પોલિસીના અનકેપ્ડ પ્લેસર્સ નિયમથી બનાવ્યો હતો. અનકેપ્ડ નિયમ જે 2021માં બંધ કર્યો હતો તે આ વખતે લાગુ કર્યો છે. મેગા ઓક્શન માટે તમામ 10 ફ્રેન્ચાઈઝીનું કુલ બજેટ 1200 કરોડ રૂપિયા છે. એટલે કે દરેક ફ્રેન્ચાઈઝી પાસે 120 કરોડ રૂપિયા છે. 6 પોઈન્ટ્સમાં મેગા ઓક્શન વિશે બધું જાણો... આ વખતે RTMમાં નવો નિયમ ઉમેરવામાં આવ્યો છે, બિડિંગ ટીમને પ્લેયરની કિંમત વધારવાની તક મળશે. જેમ કે હૈદરાબાદે મોઈન પર રૂ. 6 કરોડની બોલી લગાવી હતી અને CSKએ RTM કાર્ડનો ઉપયોગ કર્યો હતો, તો હૈદરાબાદ તે કિંમત વધારીને રૂ. 9 અથવા તો રૂ. 10 કરોડ કરી શકે છે. હવે જો CSK RTM કાર્ડનો ઉપયોગ કરે છે તો તેમણે મોઈનને વધેલી કિંમતે ખરીદવી પડશે. જો CSK RTM કાર્ડનો ઉપયોગ ન કરે, તો મોઈન વધેલી કિંમતે હૈદરાબાદમાં રહેશે.IPL ટીમનું પર્સ લિમિટ પણ વધારીને 120 કરોડ રૂપિયા કરવામાં આવ્યું છે, જે પહેલા 100 કરોડ રૂપિયા હતું. પ્રથમ ખેલાડીને જાળવી રાખવા માટે 18 કરોડ રૂપિયા, બીજા ખેલાડીને 14 કરોડ રૂપિયા અને ત્રીજા ખેલાડીને 11 કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે. જો માત્ર 3 ખેલાડીઓને રિટેન કરે તો પર્સમાંથી 43 કરોડ રૂપિયા ખર્ચ થશે.પ્રથમ વખત IPLમાં વિદેશી ખેલાડીઓને ચૂકવવામાં આવતી રકમ પર નિયમ હતો. મિની ઓક્શનમાં વિદેશી ખેલાડીઓને 18 કરોડ રૂપિયાથી વધુની સૌથી વધુ રિટેન્શન વેલ્યુ નહીં મળે. અથવા જો મેગા ઓક્શનમાં સૌથી મોંઘા ભારતીય ખેલાડી રૂ. 16 કરોડમાં વેચાય તો વિદેશી ખેલાડીઓને મીની ઓક્શનમાં રૂ. 16 કરોડથી વધુ નહીં મળે.ધારો કે, મુંબઈ ઈન્ડિયન્સે સૂર્યકુમાર યાદવને સૌથી વધુ 18 કરોડ રૂપિયાની રિટેન્શન કિંમતમાં જાળવી રાખ્યો. હવે જો મેગા ઓક્શનમાં રિંકુ સિંહ સૌથી મોંઘો હતો તો પણ તેની કિંમત માત્ર 15 કરોડ રૂપિયા રહી. તેથી આગામી મીની ઓક્શનમાં વિદેશી ખેલાડીને 15 કરોડ રૂપિયાથી વધુ નહીં મળે.તે જ સમયે, જો મેગા ઓક્શનમાં રિંકુ સિંહને 20 કરોડ રૂપિયામાં ખરીદવામાં આવે છે, તો આગામી મીની ઓક્શનમાં વિદેશી ખેલાડીને MIના સૂર્યા 18 કરોડ રૂપિયાથી વધુમાં નહીં મળે. અહીં, વિદેશી ખેલાડીઓને તે રકમ મળશે જે જાળવી રાખવાની સૌથી વધુ કિંમત અને મેગા ઓક્શન વચ્ચે સૌથી ઓછી છે.જો અનકેપ્ડ પ્લેયરને રિટેન કરી છે, તો તેમના પર્સમાંથી 79 કરોડ રૂપિયાનો ખર્ચ થશે.



**IPLનો નવો રિટેન્શન નિયમ :** હવે ફ્રેન્ચાઈઝી ટીમ IPL મેગા ઓક્શન પહેલા 6 ખેલાડીઓને રિટેન કરી શકશે. જેમાં મહત્તમ 5 ઈન્ટરનેશનલ અને 2 અનકેપ્ડ પ્લેયર્સને સામેલ કરી શકાય છે. આંતરરાષ્ટ્રીય ખેલાડી કોઈપણ દેશનો હોઈ શકે છે, પરંતુ અનકેપ્ડ ખેલાડી ફક્ત ભારતનો જ હોવો જોઈએ. ધારો કે, મુંબઈ ઈન્ડિયન્સે 5 આંતરરાષ્ટ્રીય ખેલાડીઓને રિટેન કર્યા છે, તો ટીમ હવે છઠ્ઠા ખેલાડી તરીકે માત્ર એક અનકેપ્ડ ખેલાડીને રિટેન કરી શકશે. જ્યારે ટીમ 4 ઈન્ટરનેશનલ ખેલાડીઓને રિટેન કરશે, તો તેમની પાસે 2 અનકેપ્ડ ખેલાડીઓને રિટેન કરવાનો વિકલ્પ હશે.

**2. રાઈટ-ટુ-મેચ કાર્ડમાં ફેરફાર :** ઓક્શનમાં રાઈટ ટુ મેચ એટલે કે RTM કાર્ડ પણ પરત આવ્યું છે. જો ટીમ ઈચ્છે તો, તેઓ ઓક્શન પહેલાં 6 ખેલાડીઓને રિટેન કરી શકે છે અથવા ટીમ ઓક્શનમાં 6 RTM કાર્ડનો ઉપયોગ કરી શકે છે. જો ટીમ 3 ખેલાડીઓને રિટેન રાખે છે, તો તેમની પાસે ઓક્શનમાં માત્ર 3 RTM કાર્ડ જ રહેશે. તેવી જ રીતે, જો 4 ખેલાડીઓને રિટેન કરવામાં આવે તો 2 RTM કાર્ડ ઓક્શનમાં બાકી રહેશે. ઓક્શનમાં ટીમને રાઈટ ટુ મેચ કાર્ડ આપવામાં આવે છે. ધારો કે, ચેન્નઈ સુપર કિંગ્સે 5 ખેલાડીઓને રિટેન કર્યા અને તેમની પાસે એક RTM કાર્ડ બાકી છે. ટીમ મોઈન અલીને રિટેન શકી ન હતી. હવે જો હૈદરાબાદ 6 કરોડ રૂપિયા આપીને મોઈનને ઓક્શનમાં ખરીદે છે તો ચેન્નઈ તેના RTM કાર્ડનો ઉપયોગ કરીને મોઈનને પોતાની ટીમમાં રાખી શકે છે.

**વિદેશી ખેલાડીઓ માટે નિયમો કડક બન્યા :** હવે વિદેશી ખેલાડીઓએ IPLમાં ભાગ લેવા માટે મેગા ઓક્શનમાં રજીસ્ટ્રેશન કરાવવું પડશે. જો તેઓ રજીસ્ટ્રેશન નહીં કરે, તો તેમને આગામી મીની ઓક્શનમાં ભાગ લેવાની મંજૂરી આપવામાં આવશે નહીં. જો ઓક્શનમાં વેચાયા બાદ કોઈપણ વિદેશી ખેલાડી ટુર્નામેન્ટમાંથી ખસી જશે તો તેના પર આગામી 2 સિઝન માટે પ્રતિબંધ મૂકવામાં આવશે. મતલબ કે તે આગામી બે ઓક્શનમાં ભાગ લઈ શકશે નહીં. જો કે, જો ખેલાડી ઈજાગ્રસ્ત થાય છે તો તેના પર પ્રતિબંધ મૂકવામાં આવશે નહીં, પરંતુ આ માટે તેણે તેના નેશનલ બોર્ડની પરવાનગી લેવી પડશે.

# મુંબઈ ટેસ્ટમાં પહેલા જ દિવસથી ટર્ન જોવા મળશે: ટીમની ઈચ્છા

(એજન્સી) મુંબઈ તા 31



મુંબઈ ટેસ્ટમાં પ્રથમ દિવસથી જ સ્પિનરોનો દબદબો જોવા મળશે. ભારતીય ટીમે ન્યૂઝીલેન્ડ સામેની ટેસ્ટ સિરીઝની છેલ્લી મેચ માટે રેન્ક-ટર્નર (પ્રથમ દિવસથી સ્પિનરો માટે મદદરૂપ) પિચની માંગણી કરી છે. ઈન્ડિયન એક્સપ્રેસના અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે ભારતીય ટીમ મેનેજમેન્ટ અજમાયેલા ફોર્મ્યુલાને અનુસરવા માગે છે. તમને જણાવી દઈએ કે ભારતીય ટીમે પૂણે ટેસ્ટ માટે સ્પિન ફ્રેન્ડલી પિચ પણ તૈયાર કરી હતી, પરંતુ ટીમ ઈન્ડિયાને 113 રનથી હારનો સામનો કરવો પડ્યો હતો. ટીમ ઈન્ડિયા 3 મેચની સિરીઝમાં 2-0થી પાછળ છે.વાનખેડે પિચ કેવી રીતે વર્તશે? પુણેમાં સ્લો ટર્નિંગ પિચ બનાવવામાં આવી હતી, રેન્ક ટર્નર નહીં.

'આ રેન્ક ટર્નર પિચ હશે,' એક સોર્સે ધ ઈન્ડિયન એક્સપ્રેસને જણાવ્યું. ટીમ મેનેજમેન્ટે એવી પિચ તૈયાર કરવાનો અનુરોધ કર્યો છે, જે સ્પિનરોને પહેલા દિવસથી જ મદદ કરી શકે. એવું લાગે છે કે ટીમ અજમાવી અને ટેસ્ટ કરેલા ફોર્મ્યુલાને વળગી રહેવા માગે છે. વાનખેડે પર બેટિંગ કરવી મુશ્કેલ હશે વાનખેડે પિચ પર બેટિંગ કરવી મુશ્કેલ બનશે. કારણ કે લાલ માટીથી બનેલી આ પિચ પર સ્પિન અને બાઉન્સનું મિશ્રણ જોવા મળશે. અસામાન્ય ઉછાળો બેટર્સને પરેશાન કરી શકે છે. દરિયાઈ પવન મૂવમેન્ટમાં મદદ કરશે 29 ઓક્ટોબર સુધી પિચમાં ઘાસ ન હતું. અહીં ગ્રાઉન્ડ સ્ટાફ નિયમિતપણે છંટકાવથી પાણી છોડે છે. ઉપરાંત, પિચને સૂકવવા માટે ખુલ્લી છોડી દેવામાં આવી છે. મેચના પહેલા સેશનમાં સ્પિનરોને ટર્ન મળી શકે છે. ફાસ્ટ બોલરોને પણ થોડી મુવમેન્ટ મળશે. પુણેમાં સ્લો ટર્નિંગ ટ્રેક હતો, અસામાન્ય ઉછાળો પણ પરેશાન કરતો પૂણે ટેસ્ટમાં કોઈ રેન્ક ટર્નર પિચ નહોતી. તે સ્લો ટર્નિંગ પિચ હતી. જોકે, જેમ-જેમ મેચ આગળ વધતી ગઈ તેમ તેમ પિચમાં અસામાન્ય ઉછાળો આવવા લાગ્યો, જેણે ભારતીય બેટર્સને પરેશાન કર્યા.

# ટીમ ગિલની રાહ જોતી રહી, ગુજરાત ટાઈટન્સના કેપ્ટને લીધો મોટો નિર્ણય

(એજન્સી) નવી દિલ્હી તા 31



શુભમન ગિલ 2022માં જ ગુજરાત ટાઈટન્સનો ભાગ બન્યો હતો અને છેલ્લી 3 સિઝનથી ફ્રેન્ચાઈઝીમાં છે. ગત સિઝનમાં હાર્દિક પંડ્યાની વિદાય બાદ ગુજરાતે પણ તેને તેના કેપ્ટન તરીકે નિયુક્ત કર્યો હતો. જો કે આ વખતે હરાજીમાં તેના આવવાની સતત ચર્ચાઓ થતી રહી હતી. આ બધા વચ્ચે ગિલે એક મોટો નિર્ણય લીધો હતો. IPL રિટેન્શનની છેલ્લી તારીખ 31 ઓક્ટોબર છે, પરંતુ તે પહેલા પણ આવા ઘણા સમાચાર સતત સામે આવી રહ્યા છે જે ચોંકાવનારા છે. વર્તમાન IPL ચેમ્પિયન કેપ્ટન શ્રેયસ અય્યર, કેએલ રાહુલ અને રિષભ પંત જેવા દિગ્ગજ ખેલાડીઓ તેમની વર્તમાન ટીમોમાંથી બહાર હોવાના સમાચાર પહેલાથી જ પરિસ્થિતિને રોમાંચક બનાવી ચૂક્યા છે. હવે ગુજરાત ટાઈટન્સના કેપ્ટન શુભમન ગિલ વિશે પણ મોટો દાવો કરવામાં આવી રહ્યો છે. ગુજરાતે ગત સિઝનમાં જ ગિલને કેપ્ટન બનાવ્યો હતો અને તે આ ફ્રેન્ચાઈઝી સાથે ભાવિ ટીમનો ભાગ બનવા માંગે છે. કેટલાક અહેવાલોમાં એવો દાવો કરવામાં આવ્યો છે કે ગિલે ટીમ પ્રત્યે વફાદારી જાળવવાને પ્રાથમિકતા આપી હતી, તેથી તેણે હરાજીમાં આવવાને બદલે ગુજરાત સાથે રહેવાનું વધુ સારું માન્યું હતું. એટલું જ નહીં, રિપોર્ટ્સમાં એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે ગિલ રિટેન્શન લિસ્ટમાં બીજા સ્થાને રહેવા માટે રાજી થઈ ગયો છે, એટલે કે તેને સૌથી વધુ પગાર નહીં મળે. ગિલે આ અફઘાન સુપરસ્ટાર રાશિદ ખાન માટે કર્યું હતું, જેને પ્રથમ રિટેન્શન બનાવવામાં આવશે.

### RCB ગિલને ખરીદવા તૈયાર

એક અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે બેંગલુરુ ફ્રેન્ચાઈઝીએ તાજેતરમાં જ શુભમન ગિલ સાથે હરાજી અંગે ચર્ચા કરી હતી. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ગિલને RCB ફ્રેન્ચાઈઝીમાં લાવવા પાછળનો વિચાર ટીમને ભવિષ્ય માટે તૈયાર કરવાનો હતો. આવી સ્થિતિમાં બેંગલુરુએ ગિલનો સંપર્ક કર્યો પરંતુ આ ચર્ચા સફળ ન થઈ અને બેંગલુરુ ગિલને હરાજીમાં આવવા માટે મનાવી શક્યું નહીં. તેનું એક મોટું કારણ ગિલનો ગુજરાત ટાઈટન્સમાં રહેવાનો નિર્ણય છે. ગિલે તેની વર્તમાન ટીમ સાથે રહેવાનું નક્કી કર્યું છે, જ્યાં તે છેલ્લી 3 સિઝનથી છે.

### ગિલ ગુજરાત ટાઈટન્સ છોડશે તેવી અફવા

તાજેતરમાં એવા અહેવાલો સામે આવ્યા હતા કે ગત સિઝનમાં કેપ્ટન બનાવવામાં આવેલ શુભમન ગિલ ગુજરાત ટાઈટન્સ છોડીને જવા તૈયાર છે અને એવા સમાચાર પણ સામે આવ્યા કે એક મોટી ટીમ તેને ખરીદવાની તૈયારી કરી રહી હતી. પરંતુ તેમ થઈ શક્યું નહીં. આ ટીમ છે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ. રિપોર્ટ્સમાં એવું પણ કહેવામાં આવી રહ્યું છે ગુજરાતે ગત સિઝનમાં જ ગિલને કેપ્ટન ઓ બનાવ્યો હતો

# રોડ્રિગો હર્નાન્ડિઝે પહેલીવાર બેલોન ડી'ઓર જીત્યો

(એજન્સી) સ્પેન તા 31

સ્પેનિશ ફૂટબોલર રોડ્રિગો હર્નાન્ડેઝ કાસ્કેન્ટે બેલોન ડી'ઓર 2024 એવોર્ડ જીત્યો છે. તેણે રિયલ મેડ્રિડના સ્ટાર્સ વિનિસિયસ જુનિયર અને જુડ બેલિંગહામને હરાવીને ફૂટબોલનો સૌથી મોટો એવોર્ડ ગણાતા બેલોન ડી'ઓર જીત્યો.

28 વર્ષીય રોડ્રીએ 2015માં વિલા રિયલથી સિનિયર કરિયરની શરૂઆત કરી હતી. ત્યારબાદ તે એટલાટિકો મેડ્રિડ ગયો અને 2019 થી માન્ચેસ્ટર સિટીનો ભાગ રહ્યો. આ ડિફેન્સિવ મિડફિલ્ડર રોડરીનો પહેલો બેલોન ડી'ઓર એવોર્ડ છે. બાર્સેલોનાની એતાના બોનામાતીએ સતત બીજા વર્ષે વુમન્સ કેટેગરીમાં બેલોન ડી'ઓર જીત્યો.

2023-24ની સિઝન રોડ્રિગો માટે શાનદાર રહી રોડ્રિગોએ 2023-24 સિઝનમાં તેની કારકિર્દીનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન આપ્યું હતું. આ વર્ષે, તેણે માન્ચેસ્ટર સિટીને સતત ચોથી વખત પ્રીમિયર લીગ ટાઈટલ જીતવામાં મદદ કરવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. આ વખતે જ્યારે સ્પેને રેકોર્ડ ચોથી વખત યુરોપિયન ચેમ્પિયનશિપનો ખિતાબ જીત્યો ત્યારે રોદ્રીને સર્વશ્રેષ્ઠ ખેલાડી તરીકે પસંદ કરવામાં આવ્યો હતો. આ એવોર્ડ સતત 10 વર્ષથી મેસ્સી અને રોનાલ્ડો પાસે છે. બંનેએ 2008 થી 2017 સુધી આ એવોર્ડ જીત્યો છે. નોમિનેશનની વાત કરીએ તો આ બેમાંથી એકનું નામ 2003 થી 2023 સુધી નોમિનેશનમાં છે. સૌથી પ્રતિષ્ઠિત પુરસ્કાર છે, જે વ્યક્તિગત ખેલાડીને આપવામાં આવે છે.



### મેસ્સી-રોનાલ્ડો 21 વર્ષ પછી બેલોન ડી'ઓર નોમિનેશનમાં નથી

બેલોન ડી'ઓર 2024 માટે નોમિનેશન લિસ્ટ ઓગસ્ટમાં બહાર પાડવામાં આવ્યું હતું. વિશ્વ ચેમ્પિયન આર્જેન્ટીનાના દિગ્ગજ ફૂટબોલર લિયોનેલ મેસ્સી અને પોર્ટુગલના ફૂટબોલર ક્રિસ્ટિયાનો રોનાલ્ડોનું નામ આ યાદીમાં નથી. આવું 21 વર્ષ પછી થયું જ્યારે આ એવોર્ડની યાદીમાં બંનેનું નામ નહોતું.

# વિલિયમસન ત્રીજી ટેસ્ટમાં પણ નહીં રમે

(એજન્સી) મુંબઈ તા 31

ન્યુઝીલેન્ડનો બેટર કેન વિલિયમસન ભારત સામેની ત્રણ મેચની ટેસ્ટ સિરીઝની છેલ્લી મેચમાં પણ નહીં રમે. વિલિયમસન હેમસ્ટ્રિંગની ઈજાથી રિહેબ હેઠળ છે. ન્યૂઝીલેન્ડની ટીમે પ્રથમ બે મેચ જીતીને 2-0ની લીડ મેળવીને શ્રેણી પર કબજો કરી લીધો છે. ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે ત્રીજી ટેસ્ટ 1 નવેમ્બરથી મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં રમાશે. ન્યૂઝીલેન્ડ ક્રિકેટ બોર્ડ વતી માહિતી આપતાં કહેવામાં આવ્યું હતું કે વિલિયમસન મુંબઈમાં ભારત સામેની ત્રીજી ટેસ્ટમાં ભાગ લેશે નહીં. આવતા મહિને ઈંગ્લેન્ડ સામેની હોમ સિરીઝમાંથી પરત ફરશે વિલિયમસન ઈંગ્લેન્ડ સામેની ઘરઆંગણે ટેસ્ટ સિરીઝમાંથી પરત ફરી શકે છે. ન્યૂઝીલેન્ડ અને ઈંગ્લેન્ડ વચ્ચે 28 નવેમ્બરથી ત્રણ મેચની ટેસ્ટ સિરીઝ રમવાની છે. ન્યૂઝીલેન્ડના હેડ કોચ ગેરી સ્ટેડે કહ્યું કે વિલિયમસન સ્વસ્થ થઈ રહ્યો છે, પરંતુ હજુ અમારી સાથે જોડાવા તૈયાર નથી. અમારું માનવું છે કે તેના માટે શ્રેષ્ઠ પગલું ન્યૂઝીલેન્ડમાં રહેવું અને તેના રિહેબના અંતિમ ભાગ પર ધ્યાન કેન્દ્રિત કરવું છે જેથી તે ઈંગ્લેન્ડ શ્રેણી માટે ફિટ થઈ શકે. કોચે વધુમાં કહ્યું કે ઈંગ્લેન્ડ શ્રેણીમાં હજુ એક મહિનો બાકી છે. આવી સ્થિતિમાં તેને સાજા થવા માટે પૂરતો સમય મળશે. વિલિયમસન તાજેતરમાં શ્રીલંકા સામેની ટેસ્ટ શ્રેણી દરમિયાન ઈજાગ્રસ્ત થયો હતો. તે રિહેબ માટે ન્યૂઝીલેન્ડ પરત ફર્યો હતો.

# ઓસ્ટ્રેલિયન બેટર મેથ્યુ વેડે નિવૃત્તિ લીધી

(એજન્સી) ઓસ્ટ્રેલિયા તા 31

બોર્ડર-ગાવસ્કર ટ્રોફી માટે ભારતીય ટીમના ઓસ્ટ્રેલિયા પ્રવાસ પહેલા મેથ્યુ વેડે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે. 8 મહિના પહેલા આ વર્ષે માર્ચમાં તેણે શેફિલ્ડ શીલ્ડની ફાઈનલ રમ્યા બાદ ફર્સ્ટ ક્લાસ એટલે કે રેડ બોલ ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી હતી. મેથ્યુ વેડે ઓસ્ટ્રેલિયા માટે તેની છેલ્લી આંતરરાષ્ટ્રીય મેચ આ વર્ષે T20 વર્લ્ડ કપમાં ભારત સામે રમી હતી. આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધા બાદ તે પોતાની કોચિંગ કારકિર્દીની શરૂઆત કરશે. પાકિસ્તાન સામે ઘરઆંગણે રમાનારી T20 શ્રેણી માટે તેને કોચિંગ સ્ટાફમાં સામેલ કરવામાં આવ્યો છે. તે વિકેટકીપિંગ અને ફિલ્ડિંગ કોચની



ભૂમિકા નિભાવશે. ઓસ્ટ્રેલિયા માટે ત્રણેય ફોર્મેટમાં રમ્યો વેડે તેની 13 વર્ષની કારકિર્દીમાં ઓસ્ટ્રેલિયા માટે 36 ટેસ્ટ મેચ, 97 વન-ડે અને 92 T20 આંતરરાષ્ટ્રીય મેચ રમી છે. વેડે હોમ ટીમને કોચિંગ આપ્યું વેડ તસ્માનિયાની યુવા અને બીજી XI ટીમને કોચિંગ આપી રહ્યા છે. ઓસ્ટ્રેલિયા ટીમના હાઈ પરફોર્મન્સ અને એક્ઝિક્યુટિવ જનરલ મેનેજર બેન ઓલિવરે મેથ્યુ વેડને તેની આંતરરાષ્ટ્રીય કારકિર્દી માટે અભિનંદન પાઠવ્યા હતા અને કહ્યું હતું કે અમે કોચિંગમાં મેથ્યુના અનુભવની રાહ જોઈ રહ્યા છીએ. 36 વર્ષીય મેથ્યુ વેડે ઓસ્ટ્રેલિયા માટે 2011માં ડેબ્યૂ કર્યું હતું. વિકેટકીપર બેટર વેડને 2021થી વનડે અને ટેસ્ટમાં રમવાની તક મળી નથી. તે 2021 T20 વર્લ્ડ કપમાં ઓસ્ટ્રેલિયાની જીતના હીરોમાંથી એક હતો. પાકિસ્તાન સામેની સેમિફાઈનલ મેચમાં તેણે શાહિન આફ્રિદી સામે ત્રણ સિક્સર ફટકારીને ઓસ્ટ્રેલિયાને ફાઈનલમાં પહોંચાડ્યું હતું. બે સિઝન સુધી ડોમેસ્ટિક ક્રિકેટ રમવાનું ચાલુ રાખશે બે સિઝન માટે તાસ્માનિયા માટે ડોમેસ્ટિક ક્રિકેટ રમવાનું ચાલુ રાખશે. તે બિગ બેશ લીગમાં હોબાર્ટ હરિકેન્સ માટે પણ રમવાનું ચાલુ રાખશે.વેડ ઈન્ડિયન પ્રીમિયર લીગમાં દિલ્હી ડેરડેવિલ્સ (દિલ્હી કેપિટલ્સ) અને ગુજરાત ટાઈટન્સ તરફથી પણ રમી ચૂક્યો છે. તેણે વર્ષ 2024, 2022 અને 2011માં IPL રમી છે. આ વર્ષે તેણે ગુજરાત ટાઈટન્સ માટે 2 મેચ રમી હતી. IPLમાં અત્યાર સુધી રમાયેલી 15 મેચોમાં તેણે રન બનાવ્યા છે. વિકેટની પાછળ રહીને તેણે 8 મેચ પકડ્યા અને 2 ખેલાડીઓને સ્ટમ્પ કર્યા.

# લક્ષ્મણ સા.આફ્રિકા પ્રવાસ માટે ભારતીય ટીમનો કોચ


(એજન્સી) મુંબઈ તા 31

પૂર્વ ભારતીય ક્રિકેટર વી.વી.એસ લક્ષ્મણને સાઉથ આફ્રિકા પ્રવાસ માટે ટીમ ઈન્ડિયાના કોચ તરીકે નિયુક્ત કર્યો છે. ટીમ ઈન્ડિયાના હેડ કોચ ગૌતમ ગંભીર ઓસ્ટ્રેલિયાના પ્રવાસે જવાનો છે. આવી સ્થિતિમાં લક્ષ્મણને વ્હાઈટ બોલની ટીમનો કોચ બનાવ્યો છે. ક્રિકેટ વેબસાઈટ ક્રિકબાઝે દાવો કર્યો છે કે લક્ષ્મણને કોચ બનાવ્યો છે, જોકે BCCIએ આ વાતની પુષ્ટિ કરી નથી. ભારતીય ટીમ આવતા મહિને સાઉથ આફ્રિકાના પ્રવાસે જવાની છે. આ સિરીઝ આઠમી નવેમ્બરથી રમાશે. કોચિંગ સ્ટાફમાં બહુતુલે, કાનિટકર અને ઘોષનો પણ સમાવેશ ક્ષ્મણની સાથે નેશનલ ક્રિકેટ એકેડમી સાથે સંકળાયેલા સાઈરાજ બહુતુલે, હૃષિકેશ કાનિટકર અને સુભદીપ ઘોષ સપોર્ટિંગ સ્ટાફ તરીકે જશે. બહુતુલે તાજેતરમાં ઈમર્જિંગ એશિયા કપ માટે ઈન્ડિયા-Aના હેડ કોચ હતો. જ્યારે, કાનિટકર બેટિંગ કોચ હતા અને સુભદીપ ઘોષ ફિલ્ડિંગ કોચ હતા.ઈમર્જિંગ એશિયા કપ-2024ની સેમિફાઈનલમાં ઈન્ડિયા-Aને અફઘાનિસ્તાન-Aએ 20 રને હરાવ્યું હતું. બાદમાં અફઘાન ટીમ પણ ચેમ્પિયન બની હતી. ટીમ ઈન્ડિયાએ આ મહિને બાંગ્લાદેશ સામેની 3 મેચની હોમ સિરીઝમાં 3-0થી ક્લીન સ્વીપ કર્યું હતું. આ સિરીઝમાં હાર્દિક પંડ્યા પ્લેયર ઓફ ધ સિરીઝ રહ્યો હતો. તેણે 118 રન બનાવ્યા અને એક વિકેટ પણ લીધી. આ ઉપરાંત ત્રીજી મેચમાં સંજુ સેમસને T-20 ઈન્ટરનેશનલમાં પોતાની પ્રથમ સદી ફટકારી હતી.

# હેયરફોલ હોય કે ટેનિંગ, બદામનું તેલ આપશે સમસ્યામાં રાહ

## હૃદય અને મગજને સ્વસ્થ રાખે છે બદામ : કબજિયાતમાં રાહત મેળવવા નવશેકા દૂધમાં બદામનું તેલ મિક્સ કરીને પીઓ

બદામ વિશે વાત કરીએ તો બદામને ખૂબ જ શક્તિશાળી ડ્રાયફ્રૂટ માનવામાં આવે છે, કારણ કે તેમાં ઓમેગા 3, વિટામિન E, B, B2, કેલ્શિયમ, પોટેશિયમ, પ્રોટીન, ફાઈબર અને ઝિંક જેવા ઘણા પોષક તત્વો મળી આવે છે. બદામનું દરરોજ સેવન હૃદય અને દિમાગ બંનેને સ્વસ્થ રાખવા માટે ફાયદાકારક માનવામાં આવે છે, જ્યારે તેનું તેલ પણ ગુણોનો ભંડાર છે, જેના ઉપયોગથી તમે સ્વાસ્થ્ય અને ત્વચાની અનેક સમસ્યાઓથી છુટકારો મેળવી શકો છો. રોજ પલાળેલી બદામ ખાવાના ફાયદા મોટાભાગના લોકો જાણે છે, પરંતુ શું તમે જાણો છો કે બદામનું તેલ પોષક તત્વોનો પણ ખજાનો છે અને તે તમને ઘણી સમસ્યાઓથી મુક્તિ અપાવી શકે છે. તો ચાલો જાણીએ તેનો ઉપયોગ કરવાની કેટલીક રીતો.



### ત્વચા માટે બદામ તેલ લાભદાયી

જો સૂતા પહેલા દરરોજ બદામના તેલથી ચહેરા પર માલિશ કરવામાં આવે તો કરચલીઓ, રિંકલ્સ અને નીરસતા જેવા અકાળે વૃદ્ધત્વના ચિહ્નો ટાળી શકાય છે. આ તમારી ત્વચામાંથી શુષ્કતા દૂર કરે છે અને તમારા ચહેરા પર કુદરતી ચમક લાવે છે. બદામનું તેલ ખીલ, ટેનિંગ અને રંગ સુધારવા જેવી સમસ્યાઓને દૂર કરવામાં પણ અસરકારક છે.

### વાળ માટે બદામના તેલનો ઉપયોગ કરો

બદામનું તેલ તમારા વાળ માટે વરદાનથી ઓછું નથી. અઠવાડિયામાં બે વાર વાળ ધોવાના 1.5 કે 2 કલાક પહેલા વાળમાં બદામનું તેલ લગાવો. તેનાથી વાળ ખરવાથી તો છુટકારો મળશે જ સાથે સાથે વાળ ચમકદાર અને મજબૂત પણ બનશે. ડેન્ડ્રફથી છુટકારો મેળવવા માટે તમે લીંબુના રસ સાથે બદામનું તેલ લગાવી શકો છો.

### હાડકાં મજબૂત બનશે

બદામનું તેલ બાળકોને માલિશ કરવા માટે પણ ઉત્તમ માનવામાં આવે છે, કારણ કે તે સ્નાયુઓને મજબૂત બનાવવામાં મદદ કરે છે. આ સિવાય બદામનું તેલ દૂધમાં મિક્સ કરી શકાય છે. જે હાડકાંને મજબૂત બનાવવામાં મદદ કરશે. આ તેલની માલિશ કરવાથી સાંધાના દુખાવામાં પણ રાહત મળે છે.



### કબજિયાતમાં રાહત મેળવવા માટે આ રીતે બદામના તેલનું સેવન કરો

જો કોઈ વ્યક્તિ હંમેશા કબજિયાતથી પરેશાન રહેતી હોય તો રાત્રે સૂતા પહેલા એક ચમચી બદામનું તેલ નવશેકા દૂધમાં મેળવીને પીવાથી આંતરડામાં જમા થયેલી ગંદકી દૂર થાય છે, જેનાથી કબજિયાતની સમસ્યામાં રાહત મળશે.

# ઉનાળામાં આ પાંચ વસ્તુઓ ખાવાનું ટાળવું

## ખાવાથી થઈ શકે છે ડિહાઈડ્રેશન

ગરમી શરૂ થાય એટલે સૌથી પહેલા ખાવા પીવા પર ખાસ ધ્યાન આપવું પડે છે. જો આ ઋતુ દરમિયાન ખાવા પીવાની બાબતમાં ધ્યાન રાખવામાં ન આવે તો તબિયત બગડતા વાર નથી લાગતી. સૌથી વધારે તો આ સીઝનમાં ડિહાઈડ્રેશનની સમસ્યા જોવા મળે છે. સાથે જ ફૂડ પોઈઝનિંગ પણ વધારે પ્રમાણમાં થાય છે. તેથી જ ઉનાળો શરૂ થાય કે તુરંત જ પોતાની ખાવા પીવાની બાબતો પર ધ્યાન આપવાની શરૂઆત કરી દેવી જોઈએ જેથી તમે ગરમીના વાતાવરણમાં પણ શરીરને સ્વસ્થ રાખી શકો. સ્વાસ્થ્ય નિષ્ણાતો અનુસાર ગરમીની ઋતુ શરૂ થાય એટલે કેટલીક ફૂડ આઈટમ્સને ખાવાનું અવોઈડ કરવું જોઈએ. કેટલીક ખાવા પીવાની વસ્તુઓ એવી હોય છે જે ઉનાળા દરમિયાન શરીરને નુકસાન કરે છે. આ બધી વસ્તુઓ ખાવાથી ડિહાઈડ્રેશન થઈ જાય છે. કારણ કે આ વસ્તુઓ એવી હોય છે જે શરીરમાં હોય તે પાણીને પણ શોષી લે છે. તો ચાલો તમને જણાવીએ કે એવી કઈ કઈ વસ્તુઓ છે જેનું સેવન ઉનાળામાં કરવાનું ટાળવું જોઈએ.

### નોનવેજ



ગરમીના દિવસોમાં નોનવેજ ખાવાનું પણ ટાળવું જોઈએ. આવી બધી વસ્તુઓને યોગ્ય રીતે સ્ટોર કરવામાં ન આવે તો ઉનાળામાં તે ઝડપથી ખરાબ થઈ જાય છે અને આવી ફૂડ આઈટમ્સ ખાવાથી ફૂડ પોઈઝનિંગ પણ થઈ શકે છે. ગરમીમાં નોનવેજનું પાચન પણ બરાબર રીતે થતું નથી અને તેનાથી ડીહાઈડ્રેશન થવાની શક્યતા પણ વધી જાય છે.

### મસાલેદાર ભોજન

સ્વાદિષ્ટ ભોજન ખાવું સૌ કોઈને પસંદ છે પરંતુ ગરમીની શરૂઆત થાય એટલે વધારે પડતા મસાલા વાળું ભોજન કરવાનું ટાળવું જોઈએ. વધારે માત્રામાં ગરમ મસાલા જેમકે એલચી, મરી, આદુ, લસણ, રાઈ, મરચું ભોજનમાં લેવાથી શરીરની અંદર ગરમી વધી જાય છે જે ઉનાળામાં હાનિકારક સાબિત થઈ શકે છે.



### જંક ફૂડ

ગરમીની શરૂઆત થાય એટલે સમોસા, પકોડા, વડાપાવ જેવી તળેલી વસ્તુઓ અને પીઝા બર્ગર જેવા જંક ફૂડ પચાવવામાં શરીરને વધારે મહેનત કરવી પડે છે. સાથે જ આ વસ્તુઓ એવી હોય છે જે પાચન ક્રિયાને પણ પ્રભાવિત કરે છે અને શરીરમાં હોય તે પાણીને પણ વધારે શોષે છે. તેથી શક્ય હોય ત્યાં સુધી ગરમીમાં આવી બધી ફૂડ આઈટમ્સ નો ઉપયોગ ઓછો કરવો.

### આલ્કોહોલ

દારૂ કોઈપણ ઋતુમાં પીવો હાનિકારક છે પરંતુ ઉનાળા દરમિયાન તો આલ્કોહોલનું સેવન શરીર માટે વધારે જોખમી સાબિત થાય છે. દારૂ પીધા પછી પેશાબ વારંવાર જવું પડે છે અને તેનાથી શરીરનું પાણી પણ ઓછું થવા લાગે છે. જો ઉનાળામાં તમે દારૂ પીવો છો તો હિટ સ્ટ્રોકનું કારણ પણ તે બની શકે છે.





### ચા કે કોફી

મૂડ ફ્રેશ કરવા માટે ચા કે કોફી સૌથી વધુ પીવાય છે સવારની શરૂઆત પણ ચા અથવા તો કોફી સાથે થતી હોય છે પરંતુ ઉનાળા દરમિયાન કેફિનનું સેવન મર્યાદિત માત્રામાં કરવું જોઈએ. જો વધારે પ્રમાણમાં કેફિન શરીરમાં જાય છે તો તે શરીરને વધારે ગરમ કરે છે અને ડીહાઈડ્રેશનનું કારણ બને છે.

# સ્વાસ્થ્ય માટે વરદાન છે કાળી દ્રાક્ષ

ગરમીની શરૂઆતની સાથે જ દ્રાક્ષની સિઝન પણ શરૂ થઈ ગઈ છે. માર્કેટમાં કાળી અને લીલી એમ બે પ્રકારની દ્રાક્ષ જોવા મળે છે. દ્રાક્ષ વિટામીન સીનો સૌથી સારો સોર્સ છે. આ સિઝનમાં દ્રાક્ષ ખાવાથી શરીરની ઈમ્યુનિટી વધે. આ સિવાય દ્રાક્ષ ફાઈબરથી ભરપૂર હોય છે તે પાચનતંત્રને પણ મજબૂત બનાવે છે. દ્રાક્ષ ખાવાથી



બ્લડપ્રેશરના દર્દીને પણ ફાયદો થાય છે. દ્રાક્ષમાં પોટેશિયમ, મેગ્નેશિયમ પૂરતા પ્રમાણમાં હોય છે જે હાર્ટ હેલ્થને સુધારે છે. તેમાં રહેલા એન્ટી ઓક્સિડન્ટ વાયરલ બીમારીઓ સામે લડવામાં મદદ કરે છે. દ્રાક્ષ ખાવાથી ઈમ્યુનિટી સ્ટ્રોંગ થાય છે. દ્રાક્ષ ખાવાથી શરીરને આ બધા જ ફાયદા થાય છે. પરંતુ તેમ છતાં મનમાં પ્રશ્ન રહે છે કે કાળી અને લીલી બે દ્રાક્ષમાંથી સૌથી વધારે ફાયદાકારક કઈ દ્રાક્ષ હોય છે. તો આજે તમને જણાવીએ કાળી દ્રાક્ષ થતા ફાયદા વિશે.

### કાળી દ્રાક્ષ ખાવાથી થતા ફાયદા

- કાળી દ્રાક્ષમાં કેલરી ઓછી હોય છે અને ફાયબર વધારે હોય છે. કાળી દ્રાક્ષ ખાવાથી લાંબા સમય સુધી પેટ ભરેલું રહે છે અને તેનાથી ઓવર ઈટિંગ અટકી જાય છે. કાળી દ્રાક્ષ ખાવાથી વજન નિયંત્રણમાં રહે છે.
- કાળી દ્રાક્ષ પોષક તત્વથી ભરપૂર હોય છે જે હાર્ટને હેલ્ધી બનાવે છે. તેમાં રહેલા એન્ટિઓક્સિડન્ટ કાર્ડિયો વેસ્ક્યુલર ડિસીઝથી શરીરનું રક્ષણ કરે છે. તેનાથી બ્લડ પ્રેશર કંટ્રોલમાં રાખવામાં મદદ મળે છે.
- કાળી દ્રાક્ષ ફાઈબરથી ભરપૂર હોય છે જે પાચન ક્રિયાને સુધારે છે. તેનું સેવન કરવાથી કબજિયાતની તકલીફ મટે છે અને અપચો પણ થતો નથી.

# શરીરમાં સતત રહેતો હોય દુખાવો તો આ 3 આયુર્વેદિક નુસખાથી તુરંત મળશે આરામ

આજના સમયમાં દરેક વ્યક્તિનું જીવન ઘડિયાળના કાંટે દોડે છે. ઓફિસનું કામ ઘરની જવાબદારીઓ અને ક્યારેય ન પૂરી થતી સમસ્યા વચ્ચે લાઈફને બેલેન્સ કરવામાં જીવન પસાર થાય છે. આ બધી જ વસ્તુઓને બેલેન્સ કરવાની પાછળ લોકો પોતાના સ્વાસ્થ્ય પર ધ્યાન આપી શકતા નથી. જેના કારણે જ નાની ઉંમરમાં શરીરમાં કેટલીક બીમારીઓ ઘર કરી જાય છે. જેમાં સૌથી સામાન્ય છે શરીરના દુખાવા. ઘણા લોકોને હાથ પગમાં દુખાવો રહેતો હોય છે તો ઘણાને કમરમાં દુખાવો, કેટલાક લોકો ઘૂંટણની સમસ્યાથી પરેશાન હોય છે. પરંતુ શું તમે જાણો છો કે શરીરના આ પ્રકારના દુખાવાનો કાયમી ઈલાજ આયુર્વેદમાં છે ? આયુર્વેદમાં આ સમસ્યાઓ થવાના કારણ અને તેના નિવારણ બંને વિશે જણાવવામાં આવ્યું છે. આયુર્વેદ અનુસાર શરીરમાં રહેતા અલગ અલગ પ્રકારના દુખાવા વાત દોષના કારણે હોય છે. આ પ્રકારની સમસ્યાને દૂર કરવી હોય તો ત્રણ સરળ ઉપાય કરી શકાય છે. આ ત્રણ આયુર્વેદિક નુસખા શરીરના દુખાવાને કાયમ માટે દૂર કરી શકે છે.



1 આયુર્વેદ નિષ્ણાતો જણાવે છે કે જો શરીરમાં દુખાવાની સમસ્યા હોય તો કાચી વસ્તુઓ અને સૂકું ભોજન ખાવાનું ટાળવું જોઈએ. કાચી વસ્તુઓના પાચનમાં પાચનતંત્રને વધારે મહેનત કરવી પડે છે. સાથે જ શરીરમાં ડ્રાઈનેસ પણ વધે છે. શરીરમાં ડ્રાઈનેસ વધી જવાથી શરીરમાં દુખાવાને લઈને સેન્સિટીવીટી વધી જાય છે. તેથી આયુર્વેદમાં જણાવવામાં આવ્યું છે કે કાચી વસ્તુઓ ખાવાને બદલે ગરમ પકાવેલી અને તરલ પદાર્થ વાળી વસ્તુઓ ખાવી જોઈએ. સૂકું અને કાચું ભોજન ખાવાથી શરીરમાં દુખાવાની સમસ્યા વધી શકે છે. દાખલા તરીકે જો તમે દિવસ દરમિયાન એક વાટકી દલીયા ખાવ છો તો તેનાથી શરીરના દુખાવાને દૂર કરવામાં મદદ મળશે.

2 લીંબુ, ટામેટા, આમલી, વિનેગર, સંતરા જેવી ખાટી વસ્તુઓ પણ દુખાવા પ્રત્યેની સેન્સિટીવીટી વધારી શકે છે. તેથી શરીરમાં દુખાવાની સમસ્યા રહેતી હોય તેમણે શક્ય હોય ત્યાં સુધી ખાટા પદાર્થોનું સેવન કરવાનું ટાળવું જોઈએ. ખાટા પદાર્થો શરીરની નર્વસ સિસ્ટમને વધારે સેન્સિટીવ બનાવી દે છે જેના કારણે દુખાવા પણ વધે છે.

3 શરીરના સાંધાના દુખાવાની સમસ્યાને દૂર કરવી હોય તો જરૂર અનુસાર નાળિયેરનું તેલ, ઓલિવ ઓઈલ કે પછી બદામનું તેલ લઈ તેમાં લસણની થોડી કડી ઉમેરી બરાબર ઉકાળી લેવું. હવે આ તેલને ઠંડુ કરી બોટલમાં ભરી લેવું. નિયમિત રીતે આ તેલથી સાંધા પર માલિશ કરી 20 મિનિટ માટે તડકામાં બેસવું. આ કામ નિયમિત કરી લેવાથી સાંધાના દુખાવા મટે છે અને મસલ્સ તેમજ નસ મજબૂત થાય છે.

# હોળી રમવા ઘરે જ બનાવો ફુલમાંથી નેચરલ રંગ, સ્કીન, આંખ અને વાળને નહીં કરે નુકસાન

ગણતરીના દિવસોમાં હોળીનો તહેવાર આવી જશે. હોળીનો તહેવાર ધામધૂમથી ઉજવવા માટે તૈયારીઓ પણ શરૂ થઈ ચૂકી હોય છે. હોળીનો તહેવાર રંગ ગુલાલનો તહેવાર છે. આ દિવસે લોકો એકબીજાને રંગ લગાડીને તહેવારની ઉજવણી કરે છે. માર્કેટમાં અત્યારથી જ હોળીના રંગો પણ દેખાવા લાગ્યા છે. પરંતુ ઘણા લોકોને હોળી રમવામાં એક ચિંતા સતાવે છે કે કેમિકલ યુક્ત રંગથી તેમની સ્કીન, આંખ અને વાળ ડેમેજ થઈ જશે. જો તમને આવી ચિંતા સતાવતી હોય તો આ વખતે તમે ચિંતા મુક્ત થઈને હોળી રમી શકો છો. હોળી રમવા માટે તમે ઘરે જ પ્રાકૃતિક રંગ તૈયાર કરી શકો છો. ઘરે બનાવેલા આ રંગ તમારી સ્કિન આંખ કે વાળને કોઈ નુકસાન નહીં કરે. આ રંગને સાફ કરવામાં વધારે પાણીની જરૂર પણ નહીં પડે. તમે ઘરે સરળતાથી કેટલાક ફૂલોની મદદથી નેચરલ રંગ તૈયાર કરી શકો છો. તો ચાલો તમને પણ જણાવીએ કે કયા કયા ફૂલથી હોળીના રંગ તૈયાર કરી શકાય છે.

- અપરાજિતાના બ્લુ રંગના સુંદર ફુલની મદદથી તમે બ્લુ ગુલાલ બનાવી શકો છો. નેચરલ ગુલાલમાં આ ફૂલને મિક્સ કરવાથી બ્લુ ગુલાલ બનાવી શકો છો અથવા તો તેને પાણીમાં મિક્સ કરીને બ્લુ કલરનો રંગ તૈયાર કરી શકો છો.
- ગલગોટાના પીળા અને કેસરી ફૂલથી પણ સુંદર કલર બની શકે છે. આ ફૂલ ખુબ જ સરળતાથી તમને મળી પણ જશે. પૂજામાં ઉપયોગ થયેલા આ ફૂલ નો પણ તમે રંગ બનાવવામાં ઉપયોગ કરી શકો છો. તેના માટે રાત્રે પાણીમાં ગલગોટા ના ફૂલની પાંદડીઓને પલાળી દેવી. સવાર સુધીમાં પીળો અને કેસરી રંગ તૈયાર થઈ જશે.

# પહેલીવાર સોલો ટ્રિપ પર જાવ છો? તો આ ટિપ્સ આવશે કામ

ઘણીવાર મહિલાઓ સોલો ટ્રીપના નામે ગૂંચવાઈ જાય છે. તેમને અનેક પ્રકારની વસ્તુઓને લઈને સમસ્યા થવા લાગે છે. તેથી મહિલા દિવસના આ ખાસ પ્રસંગે અમે તમને સોલો ટ્રાવેલિંગ માટે કેટલીક બેસ્ટ ટિપ્સ જણાવવા જઈ રહ્યા છીએ. બિઝી લાઈફસ્ટાઈલમાં ઘણી વખત પોતાના માટે સમય કાઢવો મુશ્કેલ બની જાય છે. આવી સ્થિતિમાં લોકો કામમાંથી સમય કાઢીને બહાર ફરવા જાય છે. પ્રવાસનો ટ્રેન્ડ ઘણા સમયથી જોવા મળી રહ્યો છે. નવી જગ્યાએ ફરવા સાથે લોકો હવે રીલ અને વ્લોગ પણ શૂટ કરી રહ્યા છે. આ સાથે લોકોમાં સોલો ટ્રાવેલિંગનો ક્રેઝ પણ આ દિવસોમાં જોવા મળી રહ્યો છે. બિઝી લાઈફસ્ટાઈલમાં ઘણી વખત પોતાના માટે સમય કાઢવો મુશ્કેલ બની જાય છે. આવી સ્થિતિમાં લોકો કામમાંથી સમય કાઢીને બહાર ફરવા જાય છે. પ્રવાસનો ટ્રેન્ડ ઘણા સમયથી જોવા મળી રહ્યો છે. નવી જગ્યાએ ફરવા સાથે લોકો હવે રીલ અને વ્લોગ પણ શૂટ કરી રહ્યા છે. આ સાથે લોકોમાં સોલો ટ્રાવેલિંગનો ક્રેઝ પણ આ દિવસોમાં જોવા મળી રહ્યો છે.



### લાંબી મુસાફરીનું આયોજન ન કરો

મુસાફરી કરતા પહેલા આપણે જ્યાં જવાના છીએ તે સ્થળ પસંદ કરવામાં આવે છે. તેથી તમારી પ્રથમ સોલો ટ્રીપ દરમિયાન લાંબી મુસાફરીનું આયોજન ન કરો. જો તમે ફક્ત નજીકની જગ્યા પસંદ કરો તો તે વધુ સારું રહેશે. આમાંથી તમને ઘણું શીખવા મળશે. તેમજ અનુભવ પણ મળી રહેશે.

### જૂથ બનાવો

એકલા મુસાફરી કરવી મુશ્કેલ અને કંટાળાજનક કાર્ય હોઈ શકે છે. આવી સ્થિતિમાં પ્રવાસ દરમિયાન કોઈ સારા ગ્રુપમાં જોડાવું એ એક સારો વિકલ્પ છે. ઘણી વખત તમને તે જગ્યા વિશે પણ ખબર હોતી નથી. તો ગ્રુપ જુઓ અને તેમાં જોડાઓ.

### પરિવાર સાથે જોડાયેલા રહો

જો તમે એકલા મુસાફરી કરી રહ્યા છો, પરંતુ દરેક અપડેટ તમારા પરિવાર કે મિત્રોને આપતા રહો. તમે ક્યાં રહેવાના છો, રૂટ કે કેબ નંબર શું છે. આજકાલ લાઈવ લોકેશનનો વિકલ્પ પણ ઉપલબ્ધ છે. તમે મુસાફરી દરમિયાન તમારું સ્થાન પણ શેર કરી શકો છો.

### પેકિંગનું ધ્યાન રાખો

જો તમે સોલો ટ્રાવેલિંગ માટે પેકિંગ કરી રહ્યા છો, તો દરેક મહત્વપૂર્ણ વસ્તુનું ધ્યાન રાખો. એકલા પ્રવાસે જતી વખતે કોઈના પર નિર્ભર ન રહો. તમારા ડોક્યુમેન્ટ્સ, રોકડ, રેઈનકોટ, પેપર સ્પ્રે અને પાવર બેંક અને ખાવા માટે કેટલાક નાસ્તા સાથે રાખવાનું ભૂલશો નહીં.

# તડકામાં નીકળતા પહેલા આ રીતે કરો સ્કીન કેયર, ત્વચા નહીં થાય શ્યામ

તડકામાં નીકળવાનું સામાન્ય રીતે દરેક વ્યક્તિ ટાળે છે. મોટાભાગે સ્કીન કાળી થવાના કારણે લોકો આગ ઝરતી ગરમીમાં બહાર નીકળતા નથી. તડકાથી બચવું ખૂબ જરૂરી હોય છે નહીં તો તેનાથી સ્કીનની એલર્જી શરૂ થઈ જાય છે. તડકાથી નીકળતા કિરણો સ્કીનને નુકસાન કરી શકે છે અને તેનાથી સ્કીન કાળી, કરચલીવાળી થાય છે અને સાથે કેન્સરનો ખતરો પણ રહે છે. તડકામાં જતા જ ટેનિંગ અને સનબર્નની સમસ્યા થવા લાગે છે. મોટાભાગે લોકો ગરમીમાં સ્પેશિયલ સ્કીન કેયર રૂટિન ફોલો કરે છે અને તેનાથી સ્કીનનું ધ્યાન રાખવાના પ્રયાસ કરે છે. તેનાથી તેને ફાયદો થાય છે. જો તમે તડકામાં જાઓ છો તો પહેલા વિશેષ ધ્યાન આપવાનું જરૂરી છે. તો જાણો સ્કીન કેયરમાં શું કરવું અને શું નહીં.

### સ્વસ્થ ડાયટનો કરો ઉપયોગ

સ્વસ્થ ડાયટ સ્કીનને સ્વસ્થ રાખવામાં મદદ કરે છે. તેને માટે ફળ, શાક અને આખા અનાજનું સેવન કરો. તેનાથી તડકામાં બચવા માટે સ્કીનને રક્ષણ મળશે. સૌથી વધારે વાત એ છે કે તમે તડકામાં વધારે સમય ન વીતાવો. સૂરજના કિરણોનો વધારે સંપર્ક સ્કીનને નુકસાન કરી શકે છે.

### કરો આ ખાસ ઉપાયો

- ઘરની બહાર તડકામાં જાઓ છો તો 15-20 મિનિટ પહેલા સનસ્ક્રીન લગાવો.
- જ્યારે પણ તડકામાં રહો છો તો દર 2 કલાકમાં સનસ્ક્રીન લગાવતા રહો.
- સનસ્ક્રીન સ્કીનને તડકાથી પ્રોટેક્ટ કરવાનું કામ કરે છે.
- તડકામાં નીકળતી સમયે એવા કપડા પહેરો જેનાથી તડકા સામે રક્ષણ મળે.
- આ સિવાય તમે માથા પર ટોપી કે કપડાનો ઉપયોગ કરો.
- તડકાના કિરણો સીધા માથા પર ન પડે તેનું ધ્યાન રાખવું.
- તડકામાં નીકળતા પહેલા અને પછી પાણી પીવું જરૂરી છે.
- આ ઉપાયોથી સ્કીનને હાઈડ્રેટ રાખવામાં મદદ મળી શકે છે.

## સંક્ષિપ્ત સમાચાર

### બાંગ્લાદેશમાં હિંદુઓ પર થયેલા અત્યાચાર સામે UN બન્યુ ગંભીર

યુએન હાઈ કમિશનર ફોર હ્યુમન રાઈટ્સ વોલ્કર તુર્કે તપાસની હાકલ કરતા કહ્યું કે, એક સમાવેશી અભિગમને આગળ વધારવા માટે તપાસ મહત્વપૂર્ણ છે, જ્યાં વર્ગ, લિંગ, જાતિ, રાજકીય વિચારધારા, ઓળખ અથવા ધર્મને ધ્યાનમાં લીધા વિના દરેક અવાજ સાંભળવામાં આવે છે. બાંગ્લાદેશમાં સરકાર વિરોધી વિરોધ પ્રદર્શનમાં ઓગસ્ટ મહિનામાં બાંગ્લાદેશી હિંદુઓ સહિત લગભગ 600 લોકોના મોત થયા હતા. ભારત શરૂઆતથી જ બાંગ્લાદેશી હિન્દુઓની સુરક્ષાનો મુદ્દો ઉઠાવતું આવ્યું છે. હવે સંયુક્ત રાષ્ટ્ર એટલે કે UNમાં પણ હિંસામાં માર્યા ગયેલા લઘુમતીઓની તપાસ અને સુરક્ષા માટે વિનંતી કરી છે.બુધવારે UNના એક ટોચના માનવાધિકાર અધિકારીએ બાંગ્લાદેશના ભૂતપૂર્વ વડા પ્રધાન શેખ હસીનાના પતન પહેલાં અને પછી થયેલી હિંસક અથડામણો દરમિયાન થયેલી તમામ હત્યાઓ અને અન્ય અધિકારોના ઉલ્લંઘનની સંપૂર્ણ તપાસ કરવાની હાકલ કરી હતી. યુએન હાઈ કમિશનર ફોર હ્યુમન રાઈટ્સ વોલ્કર તુર્કે તપાસની હાકલ કરતા કહ્યું કે, એક સમાવેશી અભિગમને આગળ વધારવા માટે તપાસ મહત્વપૂર્ણ છે, જ્યાં વર્ગ, લિંગ, જાતિ, રાજકીય વિચારધારા, ઓળખ અથવા ધર્મને ધ્યાનમાં લીધા વિના દરેક અવાજ સાંભળવામાં આવે છે.યુનાઈટેડ નેશન્સ હાઈ કમિશનર ફોર હ્યુમન રાઈટ્સ વોલ્કર તુર્કે બુધવારે બાંગ્લાદેશની બે દિવસીય મુલાકાત પૂર્ણ કરી. તેમની આ મુલાકાત એવા સમયે થઈ છે જ્યારે નોબેલ પુરસ્કાર વિજેતા મોહમ્મદ યુનુસની આગેવાની હેઠળની વચગાળાની સરકાર દેશમાં વ્યવસ્થા સ્થાપિત કરવાના પડકારોનો સામનો કરી રહી છે. યુનુસ સરકાર હિંસામાં થયેલી હત્યાઓની તપાસ કરવા માટે ઔપચારિક વિનંતી કરે તે પહેલા જ સંયુક્ત રાષ્ટ્રએ ફેક્ટ-ફાઈન્ડિંગ ટીમ બાંગ્લાદેશ મોકલી છે. આમાં શેખ હસીના શાસન વિરુદ્ધ વિરોધીઓની હત્યા તેમજ તેમના પતન પછી થયેલી હિંસાની તપાસનો સમાવેશ થાય છે.

### અમેરિકાએ 15 દેશો પર લગાવ્યો પ્રતિબંધ, ભારતની કંપનીઓ પર પણ રશિયાની મદદ કરવાનો આરોપ

અમેરિકાએ બુધવારે મોટી કાર્યવાહી કરી છે. તેણે 15 દેશોની લગભગ 400 કંપનીઓ પર પ્રતિબંધ મૂક્યો હતો. તેમના પર રશિયા-યુક્રેન યુદ્ધ દરમિયાન રશિયાની મદદ કરવાનો આરોપ છે. યુએસ નાણા અને વિદેશ વિભાગે આ મામલે સંયુક્ત કાર્યવાહી કરી અને આ કંપનીઓ પર પ્રતિબંધ મૂક્યો. અમેરિકાનો પ્રતિબંધ બુધવારે 15 દેશો સુધી લંબાયો. તેણે આ દેશોની 398 કંપનીઓ પર પ્રતિબંધ મૂક્યો હતો. અમેરિકાનું કહેવું છે કે આ કંપનીઓએ રશિયા-યુક્રેન યુદ્ધ દરમિયાન રશિયાને મદદ કરી હતી. અમેરિકા દ્વારા પ્રતિબંધિત કંપનીઓમાં ભારત, રશિયા અને ચીનની કંપનીઓનો સમાવેશ થાય છે. અમેરિકન પક્ષ દ્વારા જાહેર કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે આ 398 કંપનીઓએ યુક્રેન સાથેના યુદ્ધમાં ફસાયેલા રશિયાને આવા ઉત્પાદનો અને સેવાઓ પ્રદાન કરી હતી, જેણે તેના યુદ્ધ પ્રયાસોમાં મદદ કરી હતી. યુએસ નાણા અને વિદેશ વિભાગે આ મામલે સંયુક્ત કાર્યવાહી કરી અને આ કંપનીઓ પર પ્રતિબંધ મૂક્યો. અમેરિકાનું કહેવું છે કે આ સંયુક્ત કાર્યવાહીનો ઉદ્દેશ્ય એવા તૃતીય પક્ષ દેશોને સજા કરવાનો છે જેમણે રશિયાને મદદ કરી હતી અને રશિયા-યુક્રેન યુદ્ધને કારણે પશ્ચિમી દેશો દ્વારા રશિયા પર લગાવવામાં આવેલા પ્રતિબંધોનું ઉલ્લંઘન કરવાથી બચવું હતું. રશિયાએ ફેબ્રુઆરી 2022માં યુક્રેન પર હુમલો કર્યો હતો. આ પછી અમેરિકાના નેતૃત્વમાં ઘણા પશ્ચિમી દેશોએ રશિયા પર વિવિધ પ્રકારના આર્થિક પ્રતિબંધો લગાવ્યા હતા. ત્યારથી રશિયા પર આ આર્થિક પ્રતિબંધો લાદવામાં આવ્યા છે.યુએસ નાણા વિભાગે જે 398 કંપનીઓને મંજૂરી આપી છે તે રશિયાના સહાયક દેશો સાથે આડકતરી રીતે જોડાયેલી છે, તેમાંથી 274 કંપનીઓ પર રશિયાને અદ્યતન ટેકનોલોજી પ્રદાન કરવાનો આરોપ છે.

### પાકિસ્તાનના ભિખારીઓથી પરેશાન સાઉદી અરેબિયા, મોટી કાર્યવાહીની તૈયારી શરૂ

સાઉદી અરેબિયા હાલમાં પાકિસ્તાની ભિખારીઓથી પરેશાન છે. આ અંગે કોઈ કઠોર નિર્ણય પણ લઈ શકે છે. સાઉદી અરેબિયાની હજ મંત્રાલય આ સમસ્યાનો સામનો કરવા માટે એક નવી યોજના બનાવી રહી છે. છેલ્લા કેટલાક વર્ષોમાં તે સતત પાકિસ્તાનને આ સમસ્યા અંગે વાકેફ કરી રહ્યો છે. ભારતમાં દિવાળી છેજ્યારે પાકિસ્તાનમાં ગરીબી છે. પાકિસ્તાનની ગરીબી, દેવું તેના આતંકવાદ સાથે જોડાયેલું છે. આતંકવાદીઓના સંરક્ષક હોવા છતાં, તે હવે મુસ્લિમ દેશોનો આતંકવાદ વિરોધી મોરચો બનાવવામાં વ્યસ્ત છે, જેમાં તે પોતે પણ સામેલ છે, જેને મુસ્લિમ નાટો પણ કહેવામાં આવે છે. બીજી તરફ પાકિસ્તાનથી વિદેશ ગયેલા ભિખારીઓએ અપમાનના નવા રેકોર્ડ સર્જ્યા છે. આતંકવાદને પ્રેમ કરતો પાડોશી માત્ર એક અપમાનથી અટકતો નથી. તે વારંવાર એવા કામ કરે છે જેનાથી તેની મજાક ઉડાવવામાં આવે છે. સાઉદી અરેબિયા હાલમાં પાકિસ્તાની ભિખારીઓથી પરેશાન છે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં તે સતત પાકિસ્તાનને આ સમસ્યા અંગે માહિતગાર કરી રહ્યો છે. તેણે શાહબાઝ સરકારને પાકિસ્તાનથી ભિખારીઓની વધતી સંખ્યા અંગે પણ ચેતવણી આપી હતી. પરંતુ, તેની કોઈ અસર થઈ ન હતી. નવીનતમ અપડેટ એ છે કે ત્યાંની પરિસ્થિતિમાં કોઈ સુધારો થયો નથી.

## યુટ્યુબ ચેનલ બંધ કરવા બદલ કોર્ટે ફટકાર્યો દંડ; ગૂગલ રશિયામાં નાદાર જાહેર

# રશિયાનો ગૂગલને વૈશ્વિક જીડીપીનો 620 ગણો દંડ

(એજન્સી) મોસ્કો તા 31

રશિયાની એક કોર્ટે ગૂગલ પર 20 ટ્રિલિયન ડોલરનો દંડ ફટકાર્યો છે. આ રકમ સમગ્ર વિશ્વની જીડીપી કરતાં 620 ગણી વધારે છે. આનો અર્થ એ થયો કે જો વિશ્વના તમામ દેશોના જીડીપીમાં 620 ગણો ઉમેરો કરવામાં આવે તો જ આ રકમ એકઠી થશે. હકીકતમાં, ગૂગલે 2020માં 17 પ્રો-રશિયન યુટ્યુબ ચેનલો પર પ્રતિબંધ મૂક્યો હતો. ચેનલોએ તેની સામે કોર્ટમાં કેસ દાખલ કર્યો હતો. 2020 માં સુનાવણી કરતી વખતે, કોર્ટે ચેનલો પરનો પ્રતિબંધ હટાવવામાં આવે ત્યાં સુધી દરરોજ 1 લાખ રુબેલ્સ (રશિયન ચલણ) નો દંડ ફટકાર્યો હતો. આ માટે 9 મહિનાનો સમય આપવામાં આવ્યો હતો. જો કંપની આ સમયગાળા દરમિયાન દંડ ન ભરે તો તે દર 24 કલાકમાં બમણો થશે. હવે આ દંડ 20 ટ્રિલિયન ડોલર સુધી પહોંચી ગયો છે. આ છે સમગ્ર મામલો યુટ્યુબ ચેનલ બંધ કરવાના વિરોધમાં રશિયાના નાગરિકોએ મોસ્કોમાં યુએસ એમ્બેસી બહાર પ્રદર્શન પણ કર્યું હતું. આ કેસ 2020 માં શરૂ થયો જ્યારે ગૂગલે યુટ્યુબમાંથી 17 પ્રો-રશિયન ચેનલો દૂર કરી. સરકારી ચેનલ રશિયા-1 પણ આમાં સામેલ હતી. આ પછી રશિયા-1 એન્કર માર્ગારીટા સિમોન્યાને કોર્ટમાં અરજી કરી હતી. નિર્ણયમાં, કોર્ટે દરરોજ 1 લાખ રુબેલ્સનો દંડ નક્કી કર્યો હતો. ગૂગલને 2022માં રશિયામાં નાદાર જાહેર કરવામાં આવ્યું હતું, પરંતુ ગૂગલનું સર્ચ એન્જિન અને યુટ્યુબ જેવી સેવાઓ હજુ પણ રશિયામાં ઉપલબ્ધ છે. રશિયાએ X અને Facebook પર પ્રતિબંધ મૂક્યો છે, પરંતુ Google પર હજુ સુધી આ પ્રતિબંધ લાદવામાં આવ્યો નથી. જોકે, ગૂગલે રશિયામાં તેની સેવાઓમાં ઘટાડો કર્યો છે. આટલો મોટો દંડ વિશ્વના કાયદાકીય ઈતિહાસમાં સૌથી મોટો દંડ છે. ગૂગલે કહ્યું છે.




### નાગરિકોએ મોસ્કોમાં યુએસ એમ્બેસી બહાર પ્રદર્શન પણ કર્યું હતું.




આ કેસ 2020 માં શરૂ થયો જ્યારે ગૂગલે યુટ્યુબમાંથી 17 પ્રો-રશિયન ચેનલો દૂર કરી. સરકારી ચેનલ રશિયા-1 પણ આમાં સામેલ હતી. આ પછી રશિયા-1 એન્કર માર્ગારીટા સિમોન્યાને કોર્ટમાં અરજી કરી હતી. નિર્ણયમાં, કોર્ટે દરરોજ 1 લાખ રુબેલ્સનો દંડ નક્કી કર્યો હતો. ગૂગલને 2022માં રશિયામાં નાદાર જાહેર કરવામાં આવ્યું હતું, પરંતુ ગૂગલનું સર્ચ એન્જિન અને યુટ્યુબ જેવી સેવાઓ હજુ પણ રશિયામાં ઉપલબ્ધ છે. રશિયાએ X અને Facebook પર પ્રતિબંધ મૂક્યો છે, પરંતુ Google પર હજુ સુધી આ પ્રતિબંધ લાદવામાં આવ્યો નથી. જોકે, ગૂગલે રશિયામાં તેની સેવાઓમાં ઘટાડો કર્યો છે. આટલો મોટો દંડ વિશ્વના કાયદાકીય ઈતિહાસમાં સૌથી મોટો દંડ છે. ગૂગલે કહ્યું છે કે તેનાથી તેમની સેવાઓ પર કોઈ અસર નહીં થાય.

### આ દેશોએ ગૂગલ પર દંડ પણ લગાવ્યો છે

છેલ્લા 10 વર્ષમાં વિવિધ દેશોએ ગૂગલ પર કુલ 14 અબજ ડોલર (11 હજાર 620 કરોડ રૂપિયા)નો દંડ લગાવ્યો છે. ભારતે 21 ઓક્ટોબર, 2022 ના રોજ અયોગ્ય બિઝનેસ પ્રેક્ટિસના મામલામાં ગૂગલ પર 1338 કરોડ રૂપિયાનો દંડ પણ લગાવ્યો હતો. બ્રિટનમાં પણ ગૂગલ પર ડિજિટલ એડવર્ટાઈઝિંગ માર્કેટનો અયોગ્ય લાભ લેવાનો આરોપ છે.

# ઈલોન મસ્કે 3 પાર્ટનર, 11 બાળક માટે ઘર બનાવ્યું:કિંમત 294 કરોડ

(એજન્સી) ઓસ્ટિન તા 31

ટેસ્લાના માલિક ઈલોન મસ્ક તેમનાં 11 બાળક અને તેમની 3 માતાને એક છત નીચે રાખવાની યોજના બનાવી રહ્યા છે. આ માટે તેમણે ટેક્સાસના ઓસ્ટિનમાં 14 હજાર 400 સ્ક્વેર ફૂટનો બંગલો ખરીદ્યો છે. એની બાજુમાં જ મસ્કે 6 બેડરૂમ ધરાવતું બીજું ઘર પણ ખરીદ્યું છે. આ બંને પ્રોપર્ટીની કિંમત લગભગ 294 કરોડ રૂપિયા છે. ન્યૂયોર્ક ટાઈમ્સ અનુસાર, આ બંગલો મસ્કના ટેક્સાસના ઘરથી માત્ર 10 મિનિટના અંતરે છે. મસ્કનું માનવું છે કે જો બધાં બાળકો સાથે રહે તો તેમને એકબીજાને જાણવાની તક મળશે. આ ઉપરાંત તેઓ પોતે અલગ-અલગ સમયે તેમને વધુ સરળતાથી મળી શકશે. મસ્કના બંગલાને ટસ્કન પ્રેરિત ડિઝાઈન આપવામાં આવી છે. મસ્કનાં કુલ 12 બાળક છે, જેમાંથી તેમના પ્રથમ પુત્ર જસ્ટિન મસ્કનું જન્મના 10 અઠવાડિયાં પછી જ મૃત્યુ થયું હતું. 2008માં તેની પ્રથમ પત્નીને છૂટાછેડા આપતાં પહેલાં આ દંપતીને IVF દ્વારા 5 બાળક થયાં. 2008માં ઈલોને બ્રિટિશ સ્ટાર તાલુલાહ રિલેને ડેટ કરવાનું શરૂ કર્યું. બંનેએ 2010માં લગ્ન કર્યાં, જોકે 2012માં બંનેએ છૂટાછેડા લીધા હતા. મહિલાઓએ જણાવ્યું હતું કે જ્યારે તેમણે મસ્ક સાથે બાળકો પેદા કરવાનો ઈનકાર કર્યો ત્યારે તેમને પગાર આપવાનો ઈનકાર કરવામાં આવ્યો હતો. આટલું જ નહીં, તેમનું પ્રદર્શન પણ જાણીજોઈને બગાડવામાં આવ્યું હતું. બીજી તરફ ઈલોન મસ્કના વકીલોએ વોલ સ્ટ્રીટ જર્નલના અહેવાલને ફગાવી દીધો હતો. થોડા મહિના પહેલાં અમેરિકન અખબાર વોલ સ્ટ્રીટ જર્નલે તેના અહેવાલમાં જણાવ્યું હતું કે મસ્ક મહિલા કર્મચારીઓ પર સંતાન પેદા કરવા માટે દબાણ કરતા હતા. ત્યાર બાદ આ કેસમાં ત્રણ મહિલા આગળ આવી, જેમાંથી બેએ દાવો કર્યો કે મસ્ક અને તેમની વચ્ચે શારીરિક સંબંધો હતા. એક મહિલાએ જણાવ્યું હતું કે મસ્કે તેને ઘણી વખત પોતાનાં સંતાનો હોવાની વાત કરી હતી. આમાંથી એક મહિલા સ્પેસ-એક્સમાં ઈન્ટર્ન હતી.

તેમણે કહ્યું હતું કે આ રિપોર્ટ ખોટો છે અને એમાં ખોટા આરોપો લગાવવામાં આવ્યા છે. આ સિવાય સ્પેસ-એક્સના પ્રમુખ ગ્વેને શોટવેલે પણ આ આરોપોને ખોટા ગણાવ્યા છે. આગામી ઉનાળા સુધીમાં તેમણે ફરીથી લગ્ન કર્યા. ડિસેમ્બર 2014માં તાલુલાહે બીજી વખત છૂટાછેડા માટે અરજી કરી, 2016માં તાલુલાહે ત્રીજી વખત છૂટાછેડા માટે અને સિંગર ગ્રિમ્સે મેટ ગાલામાં રેડકાર્પેટ ડેબ્યૂ કર્યું એના એક મહિના પહેલાં એપ્રિલ 2018માં ડેટિંગ કરવાનું શરૂ કર્યું.




### મસ્કે અત્યારસુધીમાં બેવાર લગ્ન કર્યાં છે

2008માં ઈલોને બ્રિટિશ સ્ટાર તાલુલાહ રિલેને ડેટ કરવાનું શરૂ કર્યું. બંનેએ 2010માં લગ્ન કર્યાં, જોકે 2012માં બંનેએ છૂટાછેડા લીધા હતા. આગામી ઉનાળા સુધીમાં તેમણે ફરીથી લગ્ન કર્યા. ડિસેમ્બર 2014માં તાલુલાહે બીજી વખત છૂટાછેડા માટે અરજી કરી, પરંતુ એ પછીના વર્ષે પરત ખેંચી લીધી હતી. માર્ચ 2016માં તાલુલાહે ત્રીજી વખત છૂટાછેડા માટે અરજી કરી હતી. દંપતીને કોઈ સંતાન નથી. ઈલોન અને સિંગર ગ્રિમ્સે મેટ ગાલામાં રેડકાર્પેટ ડેબ્યૂ કર્યું એના એક મહિના પહેલાં એપ્રિલ 2018માં ડેટિંગ કરવાનું શરૂ કર્યું. મે 2020માં દંપતીએ તેમના પ્રથમ બાળકનું સ્વાગત કર્યું. તેને X A-12 નામ આપવામાં આવ્યું. ડિસેમ્બર 2021માં તેમણે સરોગેટ દ્વારા પુત્રી એક્સા ડાર્ક સાઈડરેલનું સ્વાગત કર્યું.

### 2022માં બંને અલગ થઈ ગયા. ગયા વર્ષે એવું પણ બહાર આવ્યું હતું

દંપતીનું ત્રીજું બાળક ટેકનો મિકેનિકસ છે. બાળક વિશે તેની ચોક્કસ જન્મ તારીખ સહિત થોડી માહિતી અસ્તિત્વમાં છે. આ સિવાય મસ્કને ન્યુરાલિંક કંપનીના એક્ઝિક્યુટિવ શિવોન જિલિસ સાથે પણ 3 બાળક છે. મસ્ક વધુ બાળકો પેદા કરવાના હિમાયતી મસ્ક માને છે કે વિશ્વ હાલમાં ઓછી વસતિની કટોકટીનો સામનો કરી રહ્યું છે અને સારા આઈક્યૂ ધરાવતા લોકોને વધુ બાળકો હોવાં જોઈએ. તેમણે 2021માં કહ્યું હતું કે જો લોકો વધુ બાળકો પેદા નહીં કરે તો આપણી સભ્યતા ખતમ થઈ જશે.

### કર્મચારીઓનો આરોપ- સ્પેસ-એક્સે બાળકો પેદા કરવાની ના પાડતાં પગાર ન આપ્યો

મહિલાઓએ જણાવ્યું હતું કે જ્યારે તેમણે મસ્ક સાથે બાળકો પેદા કરવાનો ઈનકાર કર્યો ત્યારે તેમને પગાર આપવાનો ઈનકાર કરવામાં આવ્યો હતો. આટલું જ નહીં, તેમનું પ્રદર્શન પણ જાણીજોઈને બગાડવામાં આવ્યું હતું. બીજી તરફ ઈલોન મસ્કના વકીલોએ વોલ સ્ટ્રીટ જર્નલના અહેવાલને ફગાવી દીધો હતો. તેમણે કહ્યું હતું કે આ રિપોર્ટ ખોટો છે અને એમાં ખોટા આરોપો લગાવવામાં આવ્યા છે. આ સિવાય સ્પેસ-એક્સના પ્રમુખ ગ્વેને શોટવેલે પણ આ આરોપોને ખોટા ગણાવ્યા છે.

### તસવીરમાં મસ્ક પોતાનાં બાળકો સાથે રમતા જોવા મળે છે.

થોડા મહિના પહેલાં અમેરિકન અખબાર વોલ સ્ટ્રીટ જર્નલે તેના અહેવાલમાં જણાવ્યું હતું કે મસ્ક મહિલા કર્મચારીઓ પર સંતાન પેદા કરવા માટે દબાણ કરતા હતા. ત્યાર બાદ આ કેસમાં ત્રણ મહિલા આગળ આવી, જેમાંથી બેએ દાવો કર્યો કે મસ્ક અને તેમની વચ્ચે શારીરિક સંબંધો હતા. એક મહિલાએ જણાવ્યું હતું કે મસ્કે તેને ઘણી વખત પોતાનાં સંતાનો હોવાની વાત કરી હતી. આમાંથી એક મહિલા સ્પેસ-એક્સમાં ઈન્ટર્ન હતી.

## પાકિસ્તાનમાં મરિયમ નવાઝે દિવાળી મનાવી :ન્યૂયોર્કમાં વન વર્લ્ડ ટ્રેડ સેન્ટર ખાતે દિવાળીની ઉજવણી



ઈસ્લામાબાદ તા 31

મરિયમ નવાઝ આ વર્ષે ફેબ્રુઆરીમાં પાકિસ્તાનના પંજાબ પ્રાંતના મુખ્યમંત્રી બન્યા હતા. પ્રકાશનો તહેવાર એટલે કે દિવાળીની ભારત સહિત વિશ્વભરમાં ઉજવણી ચાલી રહી છે. બુધવારે પાડોશી દેશ પાકિસ્તાનમાં પણ દિવાળીની ઉજવણી કરવામાં આવી હતી. પાકિસ્તાનના પંજાબ પ્રાંતના મુખ્યમંત્રી મરિયમ નવાઝ હિન્દુઓ અને શીખો સાથે ઉજવણીમાં જોડાયા હતા. સીએમ મરિયમે દીપ પ્રગટાવીને કાર્યક્રમની શરૂઆત કરી હતી. સાથે જ વર્ચ્યુઅલ ફટાકડા પણ કર્યા. લોકોને સંબોધતા મરિયમે કહ્યું કે જો કોઈ લઘુમતીઓ પર અત્યાચાર કરશે તો તે પીડિતોની સાથે ઉભી રહેશે. મરિયમે કાર્યક્રમ દરમિયાન હિન્દુ મહિલાઓ સાથે પણ વાતચીત કરી હતી. આ ઉપરાંત 1400 હિન્દુ પરિવારોને 15,000 રૂપિયાના ચેક આપવામાં આવ્યા હતા. પંજાબના મુખ્યમંત્રી મરિયમ નવાઝે કહ્યું કે સમાજના તમામ વર્ગોએ એક થઈને આગળ વધવાની જરૂર છે. પંજાબના મુખ્યમંત્રી મરિયમ નવાઝે કહ્યું કે સમાજના તમામ વર્ગોએ એક થઈને આગળ વધવાની જરૂર છે. મરિયમ નવાઝે લોકોને લઘુમતીઓનું સન્માન કરવા અને તેમની ધાર્મિક માન્યતાઓનું સન્માન કરવા જણાવ્યું હતું.

**અમેરિકાની સૌથી ઊંચી ઈમારતમાં દિવાળીની ઉજવણી**

બુધવારે અમેરિકાના ન્યૂયોર્કમાં વન વર્લ્ડ ટ્રેડ સેન્ટર ખાતે દિવાળીની ઉજવણી કરવામાં આવી હતી. આ દરમિયાન લાઈટ શોનું આયોજન કરવામાં આવ્યું હતું. વન વર્લ્ડ સેન્ટર એ અમેરિકાની સૌથી ઊંચી ઈમારત છે. ન્યૂયોર્કમાં ભારતીય કોન્સ્યુલેટે પણ ઉજવણીની તસવીરો ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરી હતી. વ્હાઈટ હાઉસમાં દિવાળીની ઉજવણી કરવામાં આવી છે અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડને 28 ઓક્ટોબરે રાષ્ટ્રપતિના નિવાસસ્થાન વ્હાઈટ હાઉસમાં દિવાળીની ઉજવણી કરી હતી. આ દરમિયાન વ્હાઈટ હાઉસમાં ભારતીય મૂળના લગભગ 600 લોકો હાજર હતા. ભારતીય-અમેરિકન ધારાશાસ્ત્રીઓ, અધિકારીઓ અને વ્યાપારી નેતાઓને સંબોધતા બાઈડને કહ્યું કે વ્હાઈટ હાઉસમાં દિવાળીના સૌથી મોટા કાર્યક્રમનું આયોજન કરવું તેમના માટે સન્માનની વાત છે.ભારતમાં યુએસ એમ્બેસેડર એરિક ગાર્સેટીએ બુધવારે દિલ્હીમાં એમ્બેસીમાં દિવાળીની ઉજવણી કરી હતી. અમેરિકન એમ્બેસીમાં દિવાળી પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન અમેરિકન એમ્બેસેડર એરિક ગારસેટી કુર્તા પાયજામામાં દેશી સ્ટાઈલમાં જોવા મળ્યા હતા.કેનેડાના મુખ્ય વિરોધ પક્ષ કન્ઝર્વેટિવ પાર્ટીના નેતા પિયરે પોલીવરે દિવાળીની ઉજવણીમાં કરવામાં આવે છે. ભારત અને કેનેડા વચ્ચે ચાલી રહેલા વિવાદ વચ્ચે આ વર્ષે પિયરે પોલીવરે સમારોહમાં ભાગ લેવાનો ઈન્કાર કરી દીધો છે.

## તે વધુ દિવસ નહીં જીવે પૂર્વ લીડરોના રસ્તે ચાલશે તો ઉડાવી દઈશું

# હિઝબુલ્લાહના નવા વડાને ઈઝરાયલની ધમકી

(એજન્સી) ટેલ અવીવ તા 31

ઈઝરાયલે હિઝબુલ્લાહના નવા ચીફ નઈમ કાસિમને ચેતવણી આપી છે. ઈઝરાયલનું કહેવું છે કે હિઝબુલ્લાહનો નવો કમાન્ડર લાંબો સમય ટકી શકશે નહીં. જો કાસિમ તેના પૂર્વ લીડરોના રસ્તે જ ચાલશે, તો તે હિઝબુલ્લાહના ઈતિહાસમાં સૌથી ઓછા દિવસ ચીફ રહેનાર વ્યક્તિ હશે.

ઈઝરાયલના સંરક્ષણ પ્રધાન યોવ ગેલેન્ટે લખીને કાસિમની નિમણૂક અંગે ચેતવણી આપતા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર કાસિમની ફોટો પોસ્ટ કરી લખ્યું 'હંગામી નિમણૂક. વધુ સમય નહીં ચાલે.' મંગળવારે, ઈઝરાયલના હુમલામાં હસન નસરાલ્લાહના મૃત્યુના 32 દિવસ પછી, હિઝબુલ્લાએ તેના નવા ચીફની પસંદગી કરી હતી. અગાઉ કાસિમ હિઝબુલ્લાહમાં નંબર 2 પર હતો. નસરાલ્લાહના મૃત્યુ પછી કાસિમે જ લેબનનની જનતાને સંબોધી હતી. UAEના મીડિયા હાઉસ ઈરેમ ન્યૂઝ મુજબ તે હાલમાં ઈરાનમાં જ છે. કાસિમે 5 ઓક્ટોબરે બૈરૂત છોડી દીધું હતું. તેમને ઈરાનના વિદેશ મંત્રીના વિમાનમાં લઈ જવામાં આવ્યા હતા. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ઈરાનના નેતાઓએ ઈઝરાયલના હુમલાના ડરથી કાસિમને ઈરાન બોલાવ્યા હતા. કાસિમ લાંબા સમયથી સંગઠનમાં સક્રિય છે અને તેણે ઘણીવાર ઈઝરાયલ સાથેના સંઘર્ષમાં પ્રવક્તાની ભૂમિકા ભજવી છે.

'લેબનનની ભલાઈ માટે હિઝબુલ્લાહનો ખાત્મો જરૂરી છે' ઈઝરાયલનું કહેવું છે કે લેબનનમાં ત્યારે જ શાંતિ આવશે જ્યારે હિઝબુલ્લાહની સૈન્ય તાકાત ખતમ થશે. લેબનનની સમસ્યાનો એક જ ઉકેલ છે, અને તે છે આ સંગઠનને સંપૂર્ણપણે નાબૂદ કરવું. હિઝબુલ્લાહને ખતમ કરવાના અભિયાનમાં ઈઝરાયલને પણ સફળતા મળી છે. ઈઝરાયલે સંગઠનના ટોચના 8 નેતાઓમાંથી 5ને ખતમ કરી દીધા છે. કાસિમ પહેલા હાશિમ સૈફીદીનનું નામ ચીફ બનવાની રેસમાં આગળ હતું. હાશિમ નસરાલ્લાહનો પિતરાઈ ભાઈ હતો, પરંતુ તે પણ ઈઝરાયલના હવાઈ હુમલામાં માર્યો ગયો હતો.

હાશિમના મૃત્યુની પુષ્ટિ ખુદ ઈઝરાયલના વડાપ્રધાન નેતન્યાહુએ કરી હતી. નસરાલ્લાહ અને હાશિમના મોત બાદ હિઝબુલ્લામાં ખળભળાટ મચી ગયો છે. કોણ છે હિઝબુલ્લાહનો નવો ચીફ નઈમ કાસિમ? કાસિમનો જન્મ 1953માં લેબનનના કાફર કિલા ગામમાં થયો હતો. 1970ના દાયકામાં, કાસિમ લેબનનમાં શિયાઓના અમલ આંદોલનમાં સામેલ હતો. અમલનું કામ શિયાઓના અધિકારો માટે લડવાનું હતું. બાદમાં કાસિમ1980ના સંકળાયેલો રહ્યો અને તે સંગઠનના સ્થાપક સભ્યોમાંનો એક હતો. કાસિમ દાયકાઓથી બૈરૂતમાં શિયા ઈસ્લામિક શિક્ષણ આપી રહ્યો છે.

**પશ્ચિમ રેલવે - અમદાવાદ ડિવિઝન**

**ઇલેક્ટ્રિકલ વર્ક**

ઇ-ટેન્ડર નોટિસ નં : **Sr.DEE/ADI/ 49(24-25)** તારીખ **28.10.2024** ટેન્ડર નંબર : EL-50-1-ADI-T-64-2024-25 **કામનું નામ :** અમદાવાદ વિભાગ - 02 વર્ષ ના સમયગાળા માટે વિવિધ ક્ષમતાના સબમર્સિબલ પંપ મોટર્સની વ્યાપક જાળવણી સંબંધિત ઇલેક્ટ્રિક કાર્ય. **અંદાજિત કિંમત :** ₹63,40,800/- **અર્નેસ્ટ મની :** ₹1,26,800/- **ટેન્ડર ફોર્મ જમા કરવાની છેલ્લી તારીખ અને સમય :** 26.11.2024 થી 15:00 કલાક સુધી. **ટેન્ડર ફોર્મ ખોલવાની તારીખ અને સમય :** 26.11.2024 થી 15:30 કલાકે. **ઓફિસ સરનામું :** સિનિયર ડિવિઝનલ ઇલેક્ટ્રિકલ એન્જિનિયર ડી.આર.એમ. ઓફિસ, ચામુંડા બ્રિજ પાસે, જી.સી.એસ. હોસ્પિટલની સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ- 492345 **વેબ સાઈટ સરનામું :** www.ireps.gov.in 221

અમને લાઇક કરો: facebook.com/WesternRly

સિટી
એક્સપ્રેસ
FRIDAY 01 NOVEMBER-2024
AHMEDABAD

## માણેકચોકમાંથી થયેલી રૂ.52 લાખની ચોરીનો ભેદ ઉકેલાયો

અમદાવાદના માણેકચોકમાંથી થયેલી રૂપિયા 52 લાખની ચોરીનો ભેદ ઉકેલાયો છે. જેમાં એક સપ્તાહ પહેલા માણેકચોકમાં આવેલી એક દુકાનમાંથી તસ્કરોએ બાથરૂમની બારીની ગ્રીલ તોડીને રૂપિયા ચાર લાખની રોકડ અને સોનાની છ લગડી સહિત કુલ રૂપિયા 52.36 લાખની મત્તાની ચોરી કરી હતી. આ ગુનાનો ભેદ ઉકેલીને અમદાવાદ ક્રાઈમબ્રાંચે કલોલમાં રહેતા બે આરોપીઓને સોનાની લગડી સાથે ઝડપી લીધા હતા. મુખ્ય માસ્ટર માઈન્ડ ચાર લાખની રોકડ લઈને નાસી ગયાનું જાણવા મળ્યું .

## અમરાઈવાડીમાં ટ્રકના ટાયર નીચે કચડાતાં વૃદ્ધાનું મોત

અમરાઈવાડી વિસ્તારમાં હિટ એન્ડ રનની ઘટના બની હતી જેમાં વૃદ્ધા સોસાયટી બહાર કચરો નાંખવા માટે ગયા હતા. આ સમયે કચરાની ટ્રકના ડ્રાઈવરે વૃદ્ધાને ટક્કર મારતા વૃદ્ધાના શરીર ઉપર ટાયર ફરી મળતાં વૃદ્ધાનું સ્થળ ઉપર મોત થયું હતું. આ બનાવ અંગે ટ્રાફિક પોલીસે અકસ્માતનો ગુનો નોંધી ફરાર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ટ્રક ડ્રાઈવરની ધરપકડ કરવાની કાર્યવાહી હાથ ધરી છે.પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી અમરાઈવાડીમાં રહેતી મહિલાએ આઈ ટ્રાફિક પોલીસ સ્ટેશનમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કચરાના અજાણ્યા ટ્રક ડ્રાઈવર સામે ફરિયાદ નોંધાવી છે.





એકતાનગર ખાતે રાષ્ટ્રીય એકતા દિવસની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી જેમાં નૃત્ય તેમજ જવાનોએ કરતબ બતાવ્યા હતા. નોંધનીય છે કે એકતાનગર ખાતે સરદાર પટેલની સૌથી ઉંચી પ્રતિમાના સાંનિધ્યમાં રાષ્ટ્રીય એકતા દિનની ઉજવણીમાં સહભાગી થયેલા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું કે, સરકાર દ્વારા વિવિધ યોજનાઓ અને નીતિઓ થકી દેશની એકતાને વધુ મજબૂત બનાવવામાં આવી રહી છે.

# ઓક્ટોબરમાં ગરમીએ 15 વર્ષનો રેકોર્ડ તોડ્યો!

## અમદાવાદમાં 2010 બાદ સૌથી ઊંચું લઘુત્તમ તાપમાન, તહેવારોમાં પણ પરસેવો છૂટી જાય તેવો તાપ

(એજન્સી) અમદાવાદ । તા.31

ભારતમાં ત્રણ મુખ્ય ઋતુઓ શિયાળો, ઉનાળો અને ચોમાસું છે. ચોમાસા બાદ શિયાળાની શરૂઆત થતી હોય છે, પરંતુ આ વર્ષે ગુજરાતવાસીઓને ચોમાસા બાદ ફરી એક વખત ઉનાળો શરૂ થયો હોય તેવો અનુભવ ઓક્ટોબર મહિના દરમિયાન થયો છે. સૌપ્રથમ તો ઓક્ટોબર મહિનાના પહેલા અને બીજા સપ્તાહમાં વિવિધ સિસ્ટમને કારણે કેટલાક જિલ્લાઓમાં ભારેથી અતિભારે વરસાદ વરસ્યો હતો. ત્યારબાદના બે સપ્તાહ દરમિયાન ખૂબ જ વધુ માત્રામાં ગરમી અને બફારાનું અનુભવ થયો હતો, જેથી ચોમાસા બાદ ફરી એક વખત ઉનાળાની શરૂઆત થઈ હોય તેમ ગુજરાતવાસીઓને અનુભવ રહ્યો હતો.



### સૂર્યના સીધા કિરણો ધરતી પર પડતાં ગરમીની સ્થિતિ

ઉલ્લેખનીય છે કે, ભારતીય હવામાન વિભાગ દ્વારા ઓક્ટોબર મહિનાની શરૂઆતમાં જ ગુજરાત રાજ્ય માટે આગાહી કરવામાં આવી હતી કે, 2024ના ઓક્ટોબરમાં ગુજરાતમાં સામાન્ય કરતાં વધુ વરસાદ અને સામાન્ય કરતાં વધુ ગરમી રહેવાની શક્યતાઓ છે અને તે પ્રકારે જ રાજ્યમાં વાતાવરણ નોંધાયું હતું. રાજ્યભરના તમામ જિલ્લાઓનું વાતાવરણ છેલ્લા સપ્તાહમાં શુષ્ક થયું હતું. સૂર્યના સીધા કિરણો ધરતી ઉપર પડતા અત્યંત ભારે ગરમીનો અનુભવ થયો હતો. જેને કારણે આ વર્ષે ઓક્ટોબરની ગરમી અમદાવાદ શહેરના છેલ્લા 15 વર્ષના રેકોર્ડ તોડ્યા છે. 2010થી આજ દિન સુધી ઓક્ટોબર મહિનાનું લઘુત્તમ તાપમાન સૌથી વધુ રહ્યું છે.

### મહત્તમ તાપમાન સામાન્ય રહ્યું



અમદાવાદ શહેરમાં આ વર્ષે ઓક્ટોબર મહિનામાં પણ ઉનાળા જેવી ગરમીનો અનુભવ થયો છે અને આકાશમાંથી જાણે અગનગોળા વરસતા હોય તેવો અનુભવ ઓક્ટોબર મહિનામાં અમદાવાદીઓને થયો છે. સામાન્ય રીતે અમદાવાદ શહેરની વાત કરવામાં આવે તો ઓક્ટોબર મહિનામાં અમદાવાદ શહેરનું મહત્તમ તાપમાન 36થી 38 ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેતું હોય છે, જ્યાં આ વર્ષે મહત્તમ તાપમાન તો સામાન્ય રહ્યું હતું. એટલે કે 36થી 38 ડિગ્રી સેલ્સિયસની આસપાસ જ રહ્યું હતું. તેમ છતાં ઓક્ટોબર મહિનાના અંતમાં કેટલાક દિવસોમાં અમદાવાદ શહેરનું મહત્તમ તાપમાન સામાન્ય કરતાં ત્રણથી ચાર ડિગ્રી સેલ્સિયસ વધુ રહ્યું હતું. તેમ છતાં આ વર્ષે ઓક્ટોબર મહિનામાં ગરમીનું પ્રમાણ 39 ડિગ્રીથી વધુ રહ્યું નથી, પરંતુ અમદાવાદ શહેરનું લઘુત્તમ તાપમાન આ વર્ષે છેલ્લા 15 વર્ષના રેકોર્ડ તોડ્યા છે.

## હેલ્મેટ નહીં પહેરનાર વાહનચાલકોને પોલીસે પ્રેમથી સમજાવ્યા



(એજન્સી) અમદાવાદ । તા.31

અમદાવાદમાં દિવાળીના તહેવારમાં ટ્રાફિક પોલીસ દ્વારા નવતર પ્રયોગ કરવામાં આવ્યો. હેલ્મેટ નહીં પહેરનાર વાહનચાલકોને દંડ નહીં ગુલાબ આપવામાં આવ્યા. નિયમનું પાલન નહીં કરનાર વાહનચાલકોને ગુલાબ આપવામાં આવ્યા. વાહન ચાલકોને ફરજિયાત હેલ્મેટ પહેરવાની સૂચના આપી.

હેલ્મેટ વગર વાહન ચલાવતા અનેક લોકોએ જીવ ગુમાવ્યા છે. જેને લઈને પોલીસ દ્વારા આ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. તહેવારોના દિવસોમાં ગુજરાત પોલીસ ટ્રાફિક અવેરનેસ માટે એક નવો જ અભિગમ અપનાવી રહી છે. જે અનુસાર, આ દિવસોમાં પોલીસ 'પાવતી બુક' લઈને નહીં પણ ફૂલ અને ટ્રાફિક અવેરનેસ પેમ્ફલેટ લઈને ઊભેલી જોવા મળી રહી છે. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ આ બાબતની જાહેરાત કરી છે તેમણે X પર લખ્યું, "ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરનાર વાહનચાલકને ગુજરાત પોલીસ ફૂલ આપીને પરિવાર માટે તેમના જીવનના મૂલ્ય અંગેની સમજ આપશે. ઉપરાંત, વાહનચાલકે જે નિયમ ભંગ કર્યો છે તેનું અવેરનેસ પેમ્ફલેટ આપવામાં આવશે."

## પાણીના પોલ્યુશનની સમસ્યા નિવારવા શાહપુર, શાહીબાગ, જમાલપુરમાં પાણી-ડ્રેનેજની પાઈપ લાઈન બદલાશે

(એજન્સી) અમદાવાદ । તા.31

અમદાવાદના મધ્યઝોનમાં આવેલા શાહપુર,શાહીબાગ અને જમાલપુર વોર્ડમાં અંદાજે ત્રીસથી ચાલીસ વર્ષ જુની પાણી અને ડ્રેનેજની લાઈનના કારણે પાણીમાં પોલ્યુશન આવવાની સમસ્યા કાયમી બની ગઈ છે. આ સમસ્યા નિવારવા આ ત્રણ વોર્ડમાં રુપિયા ૧૫૦ કરોડથી વધુના ખર્ચથી પાણી-ડ્રેનેજની પાઈપ લાઈન બદલીને નવી નાંખવામાં આવશે.આ ત્રણ વોર્ડમાં આવેલી વિવિધ પોળો, શેરીઓ તથા ગલીઓમાં જરુર જણાશે ત્યાં આર.સી.સી. ચેમ્બર બનાવાશે. મધ્યઝોનના શાહપુર, શાહીબાગ તથા જમાલપુર વોર્ડમાં ઉંદરોનો ત્રાસ વધુ હોવાથી ગટરની નવી આર.સી.સી.એન.પી.૪ પાઈપ લાઈન નાંખવા, તમામ પોળો,શેરીઓ, ચાલીઓ અને ગલીઓ તથા ડેલાઓમાં ગટરનું નેટવર્ક નાંખવા માટે સ્ટેન્ડિંગ કમિટી દ્વારા મંજૂરી આપવામાં આવી છે. આર.સી.સી.રોડ બનાવવા, પેવર બ્લોક નાંખવાની કામગીરી પાણી અને ડ્રેનેજની કામગીરી પુરી થયા બાદ સ્થાનિક રહીશોને અવરજવરમાં હેરાનગતિ ના થાય તે રીતે કામગીરી કરવામાં આવશે.તમામ પોળો, શેરીઓ, ગલીઓમાં તથા ચાલીઓમાં જરુર જણાય ત્યાં આર.સી.સી.રોડ બનાવવા, પેવરબ્લોકની કામગીરી કરવામાં આવશે.

પાણીમાં પોલ્યુશનની સૌથી વધુ ફરિયાદ ખાડીયા વોર્ડમાં છતાં કામગીરી અન્ય વોર્ડમાં

અમદાવાદના મધ્યઝોનમાં આવેલા ખાડીયા વોર્ડમાં આવેલા વિવિધ વિસ્તારોમાં રોજ ૨૫થી પણ વધુ ફરિયાદ પાણીમાં પોલ્યુશન આવવા અંગેની મ્યુનિસિપલ તંત્રને મળે છે.આમ છતાં ખાડીયા વોર્ડમાં આવેલી ૪૦ વર્ષ જુની પાણી અને ડ્રેનેજની પાઈપ લાઈન બદલવા પ્રાથમિકતા આપવાના બદલે શાહપુર,જમાલપુર અને શાહીબાગ વોર્ડમાં કામગીરી કરાશે.

ખાડીયા વોર્ડમાં જુની પાઈપ લાઈન બદલવાની કામગીરી કરવા કોઈ કોન્ટ્રાકટર તૈયાર થતા નહીં હોવાનુ વાહીયાત કારણ મધ્યઝોનમાં ફરજ બજાવતા મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ દ્વારા આગળ કરવામા આવી રહયુ છે.

## ૧૦૦ પરંપરાગત કલાકારો પોતાના લોકવાદ્યો અને લોકસંગીતથી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા

(એજન્સી) ગાંધીનગર । તા.31

ઉજવણીને વધુ વિશિષ્ટ બનાવવા માટે દેશના ૧૬ રાજ્યોના ૫૩૦ કલાકારો એકત્ર થઈ પોતાનું કલાપ્રદર્શન કરશે. તમિલનાડુ, ઉત્તર પ્રદેશ, કેરળ, મણિપુર, જમ્મુ-કાશ્મીર, પંજાબ, હરિયાણા, આસામ, પશ્ચિમ બંગાળ, ત્રિપુરા, ગોવા, ઓડિશા, કર્ણાટક, રાજસ્થાન, મહારાષ્ટ્ર અને ગુજરાતના કલાકારો 'તમસો મા જ્યોતિર્ગમય' ની થીમ પર નૃત્ય અને સંગીતના પ્રોગ્રામ્સ રજૂ કરશે. આ પ્રદર્શનોથી વિવિધ સંસ્કૃતિઓના રંગો જોવા મળ્યા અને વિવિધતામાં એકતાનું ઉત્કૃષ્ટ દર્શન થશે. આ ભવ્ય કાર્યક્રમનો મુખ્ય આકર્ષણ મહારાષ્ટ્રના પરંપરાગત લોકવાદ્યો રહ્યાં હતા. જેમાં નાશિક ઢોલના ૧૦,ધાંગરી ઢોલના ૧૦,ઝાંઝરના ૧૦,તોટા શરનાઈના ૪,તુતારીના ૪, કેરિયોનેટના ૨,સાંબલના ૧૬,ધૂમ્રપાન (સ્મોક)ના ૮,તાશાના ૬,હલગીના ૨૦, અબદાગીરીના ૧૦ આમ કુલ ૧૦૦ પરંપરાગત કલાકારો પોતાના લોકવાદ્યો અને લોકસંગીતથી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા.

શુભ દિપાવલી તેમજ નૂતનવર્ષાભિનંદન
પટેલ રાજુભાઇ
પટેલ સતીષભાઇ
મો. ૯૮૭૯૧ ૬૧૯૨૬
૯૯૭૯૭ ૪૫૪૬૬
SB સોનલ બેકરી
સ્વીટ્સ & નમકીન
અમારે ત્યાં મીઠા બિસ્કીટ, સ્પે. ખારી, ટોસ, કેક, ક્રીમ રોલ, ભાજીના પાંઉ મળશે તથા ઓર્ડર થી બિસ્કીટ, નાનખટાઇ, ખારી બનાવી આપવામાં આવશે.
બસ સ્ટેન્ડ સામે, ચાણસ્મા - ૩૮૪૨૨૦ જિ. પાટણ

શુભ દિપાવલી તેમજ નૂતનવર્ષાભિનંદન
ખેતી બેંક, ચાણસ્મા
શુભેચ્છક
ચેરમેન : શ્રી નાનજીભાઈ ગણેશભાઈ ચૌધરી
પ્રતિનિધિ : શ્રી મહેન્દ્ર કમશીભાઈ દેસાઈ
પ્રતિનિધિ : લાલજીભાઈ નારાયણભાઈ
પ્રતિનિધિ : શ્રી અમૃતભાઈ પ્રભુદાસ પટેલ
સભ્ય: શ્રી મણીભાઈ ધનજીદાસ પટેલ
સભ્ય : શ્રી દિનેશભાઈ ચંદુલાલ પટેલ
મેનેજર તથા કર્મચારીઓ તરફથી

શુભ દિપાવલી તેમજ નૂતનવર્ષાભિનંદન
ધી ચાણસ્મા કોમર્શિયલ કો.ઓપ. બેન્ક લી. ચાણસ્મા
શુભેચ્છક
પટેલ ચંદ્રકાંતભાઈ બબલદાસ (ચેરમેનશ્રી)
પટેલ હસમુખભાઈ રામાભાઈ (મેનેજીંગ ડિરેક્ટરશ્રી)
પટેલ નટવરભાઈ રણછોડદાસ (વાઈસ ચેરમેનશ્રી)